વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૬૦મી સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૩ના રોજ યોજાનાર સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મકકાઇ પુલ , સુરત ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૩ની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદના સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવશે. સુરત મહાનગરપાલિકાનાપદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને નગરજનો દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૫૦૨, તા. ૧૦/૦૧/૨૦૨૩, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સુરત મહાનગરપાલિકા
યુસીડી વિભાગ
અખબાર યાદી

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ૦૨ મહિનામાં ૫૦૦૦ થી વધુ શેરી ફેરીયાઓને પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ ( PM SVANidhi) અંતર્ગત રૂ. ૮.૦૦ કરોડનું બેંક ધિરાણ

શેરી ફેરિયાઓ શહેરી અનોપચારિક અર્થતંત્રનું મહત્વનું અંગ છે. તેઓ શહેરીજનોને વ્યાજબી કિમતે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવાનું કામ કરે છે. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ ( PM SVANidhi) યોજના અંતર્ગત ફેરીયાઓને કોઈપણ જામીનગીરી (collateral) વગર કાર્યકારી મૂડી ભંડોળ (Working Capital) માટે બેંક દ્વારા પ્રથમ તબક્કામાં રૂ. ૧૦,૦૦૦ બીજા તબક્કામાં રૂ.૨૦ ,૦૦૦ લોન તથા ત્રીજા તબક્કામાં રૂ.૫૦ ,૦૦૦/- લોન અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા લાભાર્થીને લોન ઉપર સાત ટકા (૦૭%) વાર્ષિક વ્યાજ સબસિડી તથા શેરી ફેરિયાઓ દ્વારા કરવામાં આવતા ડીજીટલ ટ્રાન્ઝેક્શન પર માસિક રૂ. ૧૦૦ સુધી કેશબેક પણ આપવામાં આવે છે.

• સામાન્ય રીતે શેરી ફેરિયાઓ દ્વારા તેની નાણાકીય જરૂરિયાત માટે અનૌપચારિક સ્ત્રોત થકી ઉંચા વ્યાજે નાણા લેવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મા. મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ શેરી ફેરીયાઓને અનૌપચારિક ક્ષેત્રના વ્યાજના વિષચક્રમાંથી મુક્તિ અપાવવા વિસ્તાર અને માર્કેટ વાઈઝ કર્મચારીઓને જવાબદારી સોંપી ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું. મા.મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ બેંક વાઈઝ અને બ્રાંચ વાઈઝ ઊંડાણ પૂર્વક સમીક્ષાના આધારે વ્યુહાત્મક અભિયાન હેઠળ છેલ્લા ૦૨ મહિનામાં સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૦૦૦ થી વધુ શેરી ફેરીયાઓને પીએમ સ્વનીધી યોજના હેઠળ રૂ.૮.૦૦ કરોડનું બેંક ધિરાણ અપાવવામાં આવેલ છે.

• મા. મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા મહત્તમ શેરી ફેરીયાઓને યોજના અંતર્ગત સાંકળવા તેમજ યોજના હેઠળની કામગીરીની ઝડપ વધારવા માટે આયોજનબદ્ધ કામગીરી કરવા માટે થતી કામગીરીનો દૈનિક અહેવાલ મેળવી સમીક્ષા કરી અધિકારીઓને સતત માર્ગદર્શન આપતા રહે છે. સ્થાનિક કક્ષાએ યોજનાના પરિણામલક્ષી અમલીકરણ માટે મા. મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા નિયમિત રીતે સરકારશ્રી અને બેન્કસના રાજ્ય અને કેન્દ્ર કક્ષાના પ્રતિનિધિઓ સાથે સંકલનમાં રહી અસરકારક દરમ્યાનગીરી કરવામાં આવી રહી છે.

• યોજના સંદર્ભે શેરી ફેરીયાઓને સમય મર્યાદામાં બેંક ધિરાણ મળી રહે તે મા.મ્યુનિસિપલ કમિશનરશ્રી તેમજ વિવિધ અધિકારીશ્રીની કક્ષાએ નિયમિત બેન્કસ સાથે મીટીંગો યોજવામાં આવે છે. મીટીંગમાં બેન્કસ તરફથી કામગીરી સંદર્ભે સમસ્યાઓ જાણી બેન્કસને આ યોજના હેઠળ કામગીરી કરવા માટે યોગ્ય માર્ગદર્શન તથા જરૂરી તમામ સહયોગ પૂરો પાડવામાં આવે છે.

• સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દ્વારા યોજના હેઠળ પાત્ર શેરી ફેરિયાઓના  વિવિધ માર્કેટ્સ/બઝાર, તેમના ઘરે જઈને યોજના વિષે માહિતી આપી તેઓની ઓનલાઈન અરજી કરાવવામાં આવે છે.

• બેન્કસ ખાતે બેન્કની દૈનિક કામગીરી પણ ચાલુ રહે સાથે સાથે પીએમ સ્વનીધી યોજના હેઠળ પણ કામગીરી થાય તે માટે કેમ્પ પદ્ધતિ ઉપરાંત દૈનિક નિયત સંખ્યામાં બેંક ખાતે શેરી ફેરીયાઓને હાજર રાખી બેંક ધિરાણ સંદર્ભેની કામગીરી કરવામાં આવે છે.

• સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ દ્વારા બેંક ખાતે લોન ડીસબર્સમેન્ટ કેમ્પના દિવસે લાભાર્થીને હાજર રાખવા આગળના દિવસમાં ટેલીફોનીક તથા ઘર/સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ લાવવાજોગ ડોક્યુમેન્ટ્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવે છે. ઘટતા ડોક્યુમેન્ટ્સ બનાવવા જરૂરી તમામ મદદ કરવામાં આવે છે. કેમ્પના દિવસે બેંક બ્રાંચ ખાતે લાભાર્થીનો ઓછામાં ઓછા સમય લઇ બેંક ધિરાણ સબંધિત ડોક્યુમેન્ટની કામગીરી યુસીડી વિભાગના કર્મચારીઓ દ્વારા બેન્કના સંકલનમાં રહી પૂર્ણ કરાવવામાં આવે છે. આ ઉપરાંત લાભાર્થીઓની સંખ્યા મુજબ તેઓના વિસ્તારમાં પણ લોન ડીસબર્સમેન્ટ કેમ્પસનું આયોજન કરવામાં આવે છે.

• સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં  PM SVANidhi યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૪૨૨૪૫ જેટલા લાભાર્થીઓને રૂ.૪૯.૩૩ કરોડનું બેંક ધિરાણ કરવામાં આવેલ છે. લોન મેળવેલ લાભાર્થીઓને આજ સુધી રૂ. ૫૬.૦૦ લાખ વ્યાજ સબસીડી પેટે તેઓના બેંક ખાતામાં સરકારશ્રી દ્વારા જમા આપેલ છે. તેમજ અત્યાર સુધીમાં ડીજીટલ ટ્રાન્ઝેક્શન ઇન્સેન્ટીવ પેટે રૂ. ૩૨.૦૦ લાખની લાભાર્થીઓને ચુકવણી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.૫૦૩
તા.૧૦/૦૧/૨૦૨

# પ્રેસનોટ

**૧૦-૦૧-૨૦૨૩**

## <u>ચાલો સુરત શહેરને નંબર-૧ બનાવીએ</u>

## ભારત સરકાર દ્વારા ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્ષ હેઠળ લોન્ચ કરવામાં આવેલ સિટીઝન પર્સેપ્સન સર્વેમાં ભાગ લેવા શહેરીજનોને અપીલ

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા તા. ૦૬ જુન, ૨૦૨૨નાં રોજ **'ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્ક્ષ ( EOLI)'**, **'મ્યુનિસિપલ પરફોર્મન્સ ઈન્ડેક્ષ ( MPI)'**, **'ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક (CSCAF)'** તેમજ **'ડેટા મેચ્યોરિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક ( DMAF)'** જેવાં અલગ અલગ એસેસમેન્ટ ફ્રેમવર્કોને આવરી લેતું કોમોન **'અર્બન આઉટકમ ફ્રેમવર્ક (UOF)'** લોન્ચ કરવામાં આવેલ.

સદર ફ્રેમવર્કમાં કુલ ૧૪ વિવિધ સેક્ટર માટેના કુલ ૪૪૨ ઈન્ડીકેટર/ડેટા પોઈન્ટનો સમાવેશ કરવામાં આવે લ અને જે મુજબ સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડ દ્વારા તમામ ઈન્ડીકેટર/ડેટા પોઈન્ટ ને સંબધિત જરૂરી માહિતી સહિતનું સબમીશન નિયત સમયમર્યાદામાં કરવામાં આવેલ.

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા શહેરો દ્વારા તમામ ઈન્ડીકેટર/ડેટા પોઈન્ટ ની સબમિટ કરવામાં આવેલ માહિતીઓનું અવલોકન કર્યેથી જણાવેલ કે તમામ ઈન્ડીકેટર/ડેટા પોઈન્ટ નું યોગ્ય રીતે સબમીશન કરવામાં સુરત શહેર પ્રથમ ૪ (ચાર) શહેરોમાં છે.

તમામ ઈન્ડીકેટર/ડેટા પોઈન્ટનું સબમીશન પૂર્ણ થયેથી મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૨નાં રોજ અર્બન આઉટકમ ફ્રેમવર્ક (UOF) અંતર્ગત ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્ષનાં ભાગરૂપે **"સિટીઝન પર્સેપ્સન સર્વે"** લોન્ચ કરવામાં આવેલ.

સદર સર્વેમાં શહેરમાં ઉપલબ્ધ સેવાઓ, સુવિધાઓ તેમજ જીવનની ગુણવત્તા વિશે વિવિધ ક્ષેત્રોનાં નક્કી કરવામાં આવેલ પ્રશ્નોના સમૂહોનાં આધારે નાગરિકો પાસેથી ઓફલાઈન અને ઓનલાઈન માધ્યમથી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ સુધી અભિપ્રાય/ધારણા મેળવવામાં આવનાર છે.

જે સંદર્ભે, મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એજન્સી દ્વારા સુરત શહેરની મુલાકાત લઈ ઓફલાઈન માધ્યમથી શહેરીજનોનાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

વધુમાં, સિટીઝન પર્સેપ્સન સર્વેમાં મહત્તમ શહેરીજનો ઓનલાઈન માધ્યમથી પોતાનો અભિપ્રાય આપી શકે એ હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમોનું આયોજન કરી નાગરિકોમાં જાગૃતતા ફેલાવવામાં આવી રહેલ છે. આજ દિન સુધી કુલ ૨.૨૦ લાખ શહેરીજનો દ્વારા સિટીઝન પર્સેપ્સન સર્વેમાં ઓનલાઈન માધ્યમથી પોતાનો અભિપ્રાય આપી ભાગ લેવામાં આવેલ છે.

<u>http//eol2022.org</u> લિંક ઉપર અથવા નીચે આપવામાં આવેલ QR કોડ સ્કેન કરી શહેરીજનોને સિટીઝન પર્સેપ્સન સર્વેમાં ભાગ લઈ સુરત શહેરને નંબર ૧ બનાવવાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા સિટીઝન પર્સેપ્સન સર્વે અંતર્ગત શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા શહેરોને સન્માનિત કરવામાં આવશે તેમજ શહેરનાં નાગરિકોને સદર સર્વેમાં ભાગ લેવા બદલ મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા 'Certificate of Participation' પણ આપવામાં આવશે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર સમાચાર યાદી નં. ૫૦૪
તા.૧૦/૦૧/૨૦૨૩

પ્રેસનોટ

મંગળ ગ્રહ નિદર્શન

સાયન્સ સેન્ટર ખાતે તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને સાંજે ૭ઃ૦૦ થી રાત્રે ૮ઃ૩૦ કલાક દરમ્યાન મંગળ ગ્રહના નિદર્શનની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ.૫૦૫

તા. ૧૧/૦૧/૨૦૨૩

## <u>પ્રેસનોટ</u>

***સુરતના અડાજણ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શાનદાર પ્રારંભ કરાવતા મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા***

**-------**

***જી-૨૦ની 'વસુધૈવ કુટુંબકમ' થીમ આધારિત 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' યોજાયો***

**-------**

***દેશ-વિદેશના પતંગબાજોએ અવનવા રંગબેરંગી પતંગો ચગાવીને સુરતીઓના દિલ જીતી લીધા***

**------**

***અડાજણ રિવરફ્રન્ટ પાસે ૧૯ દેશોના ૪૨ પતંગબાજો, ભારતના છ રાજ્યોના ૨૦ અને સુરતના ૪૦ સ્થાનિક પતંગબાજો જોડાયા***

**-------**

'આઝાદી કા અમૃત મહોત્સવ' અને ભારતમાં યોજાનાર જી-૨૦ સમિટની 'વસુધૈવ કુટુંબકમ'ની થીમ પર સુરત શહેરના અડાજણ રિવરફ્રન્ટ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિ., સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના અધ્યક્ષસ્થાને "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩ " યોજાયો હતો. જેમાં ૧૯ દેશોના ૪૨ અને ભારતના છ રાજ્યોના ૨૦ પતંગબાજો તેમજ ૪૦ સુરતી પતંગબાજો સહિત ૯૦થી વધુ પતંગબાજોએ અવનવા પતંગો ચગાવ્યા હતા. દેશ-વિદેશના પતંગબાજોએ ભાતીગળ પતંગો વડે કલા-કૌશલ્યથી ભરપુર પતંગબાજી કરીને સુરતીઓને મોહી લીધા હતા.

આ અવસરે મેયરશ્રીએ જણાવ્યું હતું કે, રાજયની શાંતિ, ભાઈચારો એ સૌને એકસૂત્રમાં જોડનાર પતંગરૂપી પ્રેમની ફળશ્રુતિ છે. દેશ-વિદેશના બાહોશ પતંગબાજો સુરતના મહેમાન બન્યા છે , જેઓનું સુરતીઓએ આનંદ અને ઉત્સાહ સાથે સ્વાગત કર્યું છે. સરકારના ઉત્સવો , મેળાઓના આયોજનના કારણે દેશ-વિદેશના ટુરિસ્ટો મોટી સંખ્યામાં ગુજરાતના પ્રવાસન વૈભવને માણવા પધારે છે. ઉત્તરાયણના અવસરે વિદેશમાં વસતા હજારો સુરતીઓ પતંગોત્સવની ઉજવણી માટે સુરત આવે છે , જેના કારણે સુરતમાં મોટાપાયે પતંગના ગૃહઉદ્યોગનો વિકાસ થયો છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે , મકરસંક્રાતિનો તહેવાર પ્રકૃતિમય તહેવાર છે. વડાપ્રધાનશ્રીએ રાજયમાં આંતરરાષ્ટ્રીય પંતગ મહોત્સવની શરૂઆત કરાવી હતી. સમગ્ર રાજયમાં તા.૮ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ , વડોદરા, રાજકોટ, ગીર સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરે સ્થળોએ પ્રવાસન નિગમ દ્વારા પતંગમહોત્સવ યોજાઈ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અલ્જીરીયા, ચિલી, આર્જેન્ટિના, બલ્ગેરિયા, બેલારૂસ, બેલ્જીયમ, કંબોડીયા, ડેન્માર્ક, ફ્રાન્સ, એસ્ટોનિયા, જયોર્જિ

યા, જર્મની, ગ્રીસ, જોર્ડન, ઈટાલી જેવા દેશોના ૪૨ પતંગબાજો તથા ભારતના
બિહાર, દિલ્હી, કર્ણાટક, કેરળ, રાજસ્થાનના પતંગબાજો પતંગો ચગાવ્યા હતા.

આ અવસરે ડે.મેયરશ્રી દિનેશ જોધાણી , ઈ.કલેકટરશ્રી અરવિંદ વિજયન , જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.કે.વસાવા , નર્મદ યુનિ.ના કુલપતિશ્રી કે.એન.ચાવડા , પ્રાંત અધિકારીશ્રી જી.વી.મિયાણી, પાલિકાના દંડકશ્રી વિનોદભાઈ પટેલ , કોર્પોરેટરો, જિલ્લા વહીવટીતંત્ર અને પ્રવાસન નિગમના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં પતંગપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા, સમાચાર યાદી નં.૫૦૬,તા.૧૧/૦૧/૨૦૨૩














507

અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૬ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૮૧,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૦/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૧/૦૧/૨૩ દરમ્યાન ૩ ,૪૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૫૦૭
તા.૧૧/૦૧/૨૦૨૩

Sign in
Find text or tools

સેન્ટ્રલ ઝોન:- સ્વામી વિવેકાનંદ સર્કલ રોડ



Before



After

સાઉથ ઝોન:- પાંડેસરા જીઆઈડીસી થી એનએફઆઈ ગાર્ડન રોડ ડીવાઈડર



Before



After

# -: પ્રેસનોટ :-

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત હેલ્પલાઇન નંબર તા.૧૨/૦૧/૨૦૨૩ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન બીએસએનએલ ધ્વારા મેઇનટેન્સન્સની કામગીરી હાથ ધરવાની હોયલ જાહેર જનતાની ફરિયાદ માટેનો હેલ્પલાઇન નં.૦૨૬૧-૨૪૫૧૯૧૩ તે સમયગાળા દરમ્યાન બંધ રહેવાનો હોવાથી જાહેર જનતાએ મહાનગરપાલિકા સંબંધિત ફરિયાદો સુરત મહાનગરપાલિકાના ટોલ ફ્રી નં.૧૮૦૦-૧૨૩-૮૦૦૦ અથવા વોટસ એપ નં. ૭૬૨૩૮-૩૮૦૦૦ ઉપર કરવા વિનંતી કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૫૦૮**

**તા.૧૧/૦૧/૨૦૨૩**

# નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી ની અખબારી યાદી

તા.૧૧/૦૧/૨૦૨૩

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૨૩ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.

| અ.નં. | ટી.પી.સ્કીમ નં. /<br>ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ફા.ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા -ઉત્રાણ), આર-પપ | સાધના સોસાયટી | રીઝર્વેશન પ્લોટમાં બનાવવામાં આવેલ ધાર્મિક દબાણ /રસ્તો/ગેટ દુર કરવામાં આવેલ. | |
| ૨ | ટી.પી.સ્કીમ નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામાં) | ૪૫.૦૦ મી. ટી.પી. રોડ (દુખીયાનો દરબાર રોડ) | બ્લોક નં.૫૭૫ ની આશરે ૧૦૦ મી. લંબાઈમાં કમ્પાઉન્ડ વોલ તોડીને આશરે ૩૨૦૦ ચો. ફુટ જેટલી જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. | |

સુરત મહાનગરપાલિકાના નવો પૂર્વ (સરથાણા)ઝોન-બી માં ફા.ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા -ઉત્રાણ) આવેલ છે. સદરહું સ્કીમ સને ૨૦૧૬ માં પ્રિલીમિનરી સ્કીમ (પ્રાંરભિક) તરીકે મંજુર થયેલ ટી.પી.સ્કીમ મંજુર થતા કાયદાની રૂએ રીઝર્વેશન પ્લોટ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થાય છે. આ અનામત પ્લોટોનો ઉપયોગ સુરત મહાનગરપાલિકા ધ્વારા લોકોને વિવિધ સુવિધાઓ આપવા માટે કરવામાં આવે છે. સદરહું સ્કીમમાં ઓપન સ્પેસના હેતુ માટેનો રીઝર્વેશન પ્લોટ નં.આર-પપ આવેલ છે. સદરહું પ્લોટ કાયદાની રૂએ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ. પરંતુ તાજેતરમાં સદરહું પ્લોટ ઉપર લાગુ આવેલ સાધના સોસાયટીના સભ્યો ધ્વારા લેન્ડ ગેબ્રીંગ કરી આ જગ્યાનો કબ્જો કરી તેની ઉપર ધાર્મિક દબાણ/રસ્તો/ગેટ વિગેરેનું નિર્માણ કાર્ય હાથ ધરેલ હોવાનું ધ્યાને આવતાની સાથે આજરોજ સદરહું પ્લોટ ઉપર થયેલ બાંધકામને અત્રેના શહેરી વિકાસ વિભાગ/ રોડ વિભાગના સ્ટાફ સાથે જે.સી.બી./ ટ્રક તેમજ કોન્ટ્રકટરના માણસો વગેરે લઈ જઈ તોડીને જમીન દોસ્ત કરવામાં આવેલ

છે. આ કાર્યવાહીથી સુરત મહાનગરપાલિકાને અંદાજે ૭૦૦.૦૦ ચો.મી. નો કબ્જો પ્રાપ્ત થયેલ છે.

વધુમાં અત્રેના ઝોન વિસ્તારમાં આવેલ અન્ય ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામાં) માં આવેલ ૪૫.૦૦ મી. (૧૫૦ ફુટ) ના રસ્તાનું (દુખીયાનો દરબાર રોડ) નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. આ રસ્તાના નિર્માણમાં નડતરરૂપ બ્લોક નં.૫૭૫ ની આશરે ૧૦૦ મી. લંબાઈમાં કમ્પાઉન્ડ વોલ તોડીને આશરે ૩૨૦૦ ચો. ફુટ જેટલી જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે.

વધુમાં સ્થળ પર કરવામાં આવેલ ડીમોલીશન ના લીધે સી એન્ડ ડી વેસ્ટ કતારગામ પ્લાન્ટ પર મોકલવાની તેમજ સ્થળ પર ફેનસીંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી માટે પોલીસ વિભાગની પણ સહાયતા મેળવવામાં આવેલ. આ કામગીરી ઝોનના વડાશ્રી જે.એન. વાઘેલાના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૦૯

તા.૧૧/૦૧/૨૦૨૩


BEFORE



AFTER

## પ્રેસનોટ

## "સ્વામી વિવેકાનંદજીની ૧૬૦મી જન્મજયંતિ ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૬૦મી સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૩ના રોજ યોજાયેલ સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.**

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મકકાઇ પુલ , સુરત ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દેશ વિદેશમાં ખ્યાતિ પામેલા અને ભારતના દેશભકત સંતને તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૩ની ખુશનુમાં સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવ્યા બાદ માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી , સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલ, શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઇ પટેલ , સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ , મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ , મ્યુનિ.અધિકારીશ્રીઓ અને નગરજનોએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકોએ અને નગરજનોએ પણ આપણા રાષ્ટ્રના લોકલાડીલા અને યુવાનોની પ્રેરરણામૂર્તિને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં યોજાયેલ સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર પર આધારિત નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમાચારયાદી નં. ૫૧૦ , તા. ૧૨ /૦૧/૨૦૨૩, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.









અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૯ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૧ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૮૧,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૧/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૨/૦૧/૨૩ દરમ્યાન ૩ ,૦૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૫૧૧

તા.૧૨/૦૧/૨૦૨૨

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨ ,૭૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ ઉતરાણના પર્વની ઉજવણી શહેરમાં હર્ષો ઉલ્લાસ સાથે કરવામાં આવે છે. ઉતરાયણના રોજ લોકો દ્વારા પતંગ ઉડાવી/લુટી પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે. પરંતુ અમુક કિસ્સાઓમાં લોકો દ્વારા BRTS કોરીડોરમાં પતંગ ચગાવતા/પકડતા હોઈ અકસ્માતની સંભાવના રહે છે. જેને ધ્યાને લઇ BRTS કોરીડોરમાં પતંગ ન ચગાવવા/પકડવા જાહેર જનતાને નમ્ર અપીલ કરવામાં આવે છે. વધુમાં BRTS કોરીડોરમાં રસ્તો રેલીંગ ઉપરથી કુદી ને પસાર નહી કરીને ફક્ત ઝેબ્રા ક્રોસિંગ પર થી બંને બાજુ જોઈ કાળજી પૂર્વક ઓળંગવા જણાવવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૫૧૨**
**તા.૧૩/૦૧/૨૦૨૩**

અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૬ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૮૪,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૨/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૩/૦૧/૨૩ દરમ્યાન ૩ ,૩૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. નં. ૫૧૩

તા.૧૩/૦૧/૨૦૨૩

ઈસ્ટ-બ ઝોન:- મોટા વરાછા વીઆઈપી સર્કલ થી ઉત્રાણ રેલ્વે બ્રીજ બી.આર.ટી.એસ. રૂટ



Before



After

સાઉથ ઈસ્ટ ઝોન:- સંજયનગર સર્કલ થી ઝોન ઓફિસ રોડ ડીવાઈડર



Before



After

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આગામી ઉતરાયણ પર્વ નિમિતે સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૨/૦૧/૨૦૨૩ અને તા.૧૩/૦૧/૨૦૨૩ના રોજનાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી કુલ-૨૮ સંસ્થાઓમાંથી તલના લાડુ , સીંગદાણાની ચીકી, જલેબી તથા ઉંધિયાનાં કુલ-૩૮ નમૂનાઓ લઇ પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરેટરી , સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| ક્રમ | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ |
|---|---|---|
| 1. | મહાવીર ગૃહ ઉધોગ એન્ડ સાની | ક્રિષ્ણા ટાઉનશીપની સામે, મોટા વરાછા, સુરત |
| 2. | મટુકી સ્વીટ એન્ડ સ્નેકસ | સરથાણા જકાતનાકા, સુરત |
| 3. | દવે દાદા એન્ડ સ્વીટ | હિરાબાગ, સુરત |
| 4. | રેખાબેન નમકીન | દિવ્યકાન્ત એપાર્ટ., પાર્લે પોઇન્ટ, સુરત |
| 5. | ગાયત્રી ફરસાણ અને સ્વીટ | મંગલદાસ શોપીંગ સેન્ટર, ઉ.મ. રોડ, સુરત |
| 6. | સાંઇરંગ એન્ટરપ્રાઇઝ | પ્રાઇમ શોપર્સ, ઉ.મ. રોડ, સુરત |
| 7. | શ્રીજી રેસ્ટોરેન્ટ | ભંડારી કોમ્પલેક્ષ, અડાજણ, સુરત |
| 8. | જય ચામુંડા ચીકી હાઉસ | ક્રિષ્ણા પાર્ક સોસા., ઉત્રાણ, સુરત |
| 9. | શ્રી ભવાની ફરસાણ | મોદી મહોલ્લો, એ.કે. રોડ, સુરત |
| 10. | શ્રી નિલકંઠ મહીલા ગૃહ ઉધોગ | રાધે પાર્ક સોસા., યોગી ચોક, સુરત |
| 11. | ધનશ્યામ બેકરી એન્ડ ફરસાણQ | શિવ શકિત સોસા., કારગીલ ચોક, સુરત |
| 12. | શ્રી ગણેશ ચીકી | ગોપીપુરા, સુરત |
| 13. | પીપલ્સ દાણા ચણા | પારસી શેરી, ભાગળ, સુરત |
| 14. | ઓમપ્રકાશ દાણા ચણા | પારસી શેરી, ભાગળ, સુરત |
| 15. | જોષી ફરસાણ માર્ટ | બરાનપુરી ભાગળ, સુરત |
| 16. | જોષી રેસ્ટોરેન્ટ એન્ડ ફરસાણ માર્ટ | બરાનપુરી ભાગળ, સુરત |
| 17. | ઉમિયા ગૃહ ઉધોગ | ભગવતી સોસા.ની સામે, કિરણચોક, સુરત |
| 18. | નવયુગ ખમણ | સાગર કોમ્પલેક્ષ, પુણાગામ, સુરત |
| 19. | શ્રીજી કેટરર્સ | કઢસવાલા સ્ટ્રીટ, ખટોદરા, સુરત |

| | | |
|---|---|---|
| 20. | શ્રી પ્રમુખ ફરસાણ માર્ટ | સર્વોદય નગર, બમરોલી, સુરત |
| 21. | ચટપટા | જલારામ નગર, પાંડેસરા, સુરત |
| 22. | અપ્પુ બેસ્ટ ચીકી | આંબેડકર નગર, રાંદેર ,સુરત |
| 23. | ચંદ્રા દાણા ચણા એન્ડ બેકરી | હરી ઇચ્છા ઇન્ડ. એસ્ટેટ, ઉધના, સુરત |
| 24. | સોમનાથ રેસ્ટોરેન્ટ | જી.કે ચેમ્બર્સ, વરાછા ,સુરત |
| 25. | ઇશ્વર ચીકી હાઉસ | કિર્તી નગર સોસા., ઉત્રાણ, સુરત |
| 26. | જય જલારામ ફરસાણ માર્ટ | રવિ દર્શન ફ્લેટ , દરબાર નગર , વેડ રોડ, સુરત |
| 27. | બી બી પ્રોડકટર્સ | ક્રિષ્ણા કોમ્પલેક્ષ, રામનગર, સુરત |
| 28. | પટેલ ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ | દિન દયાળ સોસા., પાલનપુર પાટીયા, સુરત |

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી**

**નં.૫૧૪ તા.૧૩/૦૧/૨૦૨૩**

# સુરત મહાનગર પાલિકા
## સાઉથ-વેસ્ટ (અઠવા)
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકા માં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩ ના રોજ મિલ્કત વેરાના બાકી લેણાની ઘનિષ્ઠ વસુલાત કરવા માટે પગલા લેવામાં આવેલ છે. અઠવા ઝોનના આકારણી વિભાગ દ્વારા આજરોજ અલગ-અલગ વિસ્તારોમાં આવેલી મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેમાંથી વોર્ડ નં. ૩૫(એ) ભટાર વિસ્તારના કુલ ૦૨ મિલ્કતો મળી સ્થળ ઉપર જ રૂપિયા ૨,૬૦,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ તેમજ વોર્ડ નં. ૦૩૭(એ) પીપલોદ વિસ્તારના ઇસ્કોન મોલમાં આવેલ એમ.જી.ઓ. રેસ્ટોરન્ટની કુલ રૂપિયા ૭ ,૭૮,૩૭૨/- વેરો બાકી હોવાથી સીલ કરવામાં આવેલ છે. વધુમાં આજરોજ વેરા વસુલાતની ઘનિષ્ઠ કામગીરી હાથ ધરતા રૂપિયા ૧૩ ,૮૩,૦૦૦/- ની વસુલાત કરવામાં આવેલ છે તથા અન્ય જે મિલ્કતોનો મિલ્કત વેરો ભરપાઇ કરવામાં આવેલ નથી. તેઓની વિરૂધ્ધ પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૧૫
તા.૧૩/૦૧/૨૦૨૩

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩ દરમ્યાન "જી-૨૦-ભારત-૨૦૨૩" અંતર્ગત વિવિધ આયોજનો / કાર્યક્રમો દેશના વિવિધ શહેરોમાં હાથ ધરવાનું આયોજન જાહેર કરેલ છે જેના માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કિંગ ગ્રુપનું ગઠન કરી ભાવી શહેરોના નિર્માણ માટે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રકલ્પોમાં રોકાણની શક્યતાઓ બાબતે વિચારણા કરવા સારૂં વિવિધ ક્ષેત્રનાં તજજ્ઞોને ચર્ચામાં આમંત્રિત કરવામાં આવી રહેલ છે. આવા જ ઉદ્દેશ સાથે ડીપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક અફેર્સ - વાણીજ્ય મંત્રાલય , નવી દિલ્લી દ્વારા પુણે - મહારાષ્ટ્ર ખાતે તા.૧૩-૦૧-૨૦૨૩ નાં રોજ "જન-ભાગીદારી ઈવેન્ટ્સ" ની પ્રથમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કિંગ ગ્રુપ મિટિંગ અન્વયે " Financing Cities of Tomorrow: Inclusive, Resilient and Sustainable" વિષય ઉપર ચર્ચા કરવા સારૂં વિવિધ વિભાગોના તજજ્ઞો, અનુભવીઓને આમંત્રિત કરવામાં આવેલ.

ગુજરાત રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓ પૈકી ફક્ત સુરત મહાનગરપાલિકા તરફથી એક્સપર્ટ તેમજ અનુભવી એવા કમિશ્નરશ્રી - શ્રીમતી શાલીની અગ્રવાલ,IAS ને ઉક્ત ઇવેન્ટમાં ભાગ લેવા સારૂં આમંત્રિત કરવામાં આવેલ તથા આજરોજ " Municipal Financing and Urban Infrastructure Development and Role of PPPs in Municipal Financing" વિષય ઉપર પેનલ ડિસ્કશન અંતર્ગત ચર્ચામાં ભાગ લઇ બે પ્રેઝન્ટેશન્સ રજુ કરેલ જેમાં

• પી.પી.પી. ધોરણે સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ વિવિધ પ્રકલ્પો રજુ કરેલ જેમાં વિવિધ પ્રોજેક્ટ્સ જેવા કે પી.એમ.એ.વાય. યોજના , માઈગ્રનટ્સ લેબર માટેની એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના, આઇકોનિક રોડ્સ, કેનાલ રોડ ઉપર સ્થાપિત કરેલ રીક્રીએશન સ્પેસ , સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ , પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ , સી.એન્ડ ડી.વેસ્ટ મેનેજમેન્ટ) પબ્લિક ટ્રાન્સપોર્ટ, બી.આર.ટી.એસ., પબ્લિક બાઈસિકલ શેરીંગ વ્યવસ્થા , સ્પોર્ટ્સ, સાયન્સ સેન્ટર, એક્વેરિયમ, નેચર પાર્ક તથા ઝૂ, સ્માર્ટ શાળાઓ, સ્ટ્રીટ લાઈટ્સ, વોટર બોડીઝ બ્યુટીફીકેશન વિગેરે દર્શાવવામાં આવેલ.

• તથા સુરત મહાનગરપાલિકાની વિવિધ બેસ્ટ પ્રેક્ટીસીસ અંગે પ્રેઝન્ટેશન રજુ કરેલ. સુરત શહેરમાં કાર્યરત ટર્શરી ટ્રીટમેન્ટ કરેલ પાણીનો ઔધોગિક એકમોમાં વપરાશ તેમજ રેવેન્યુ આવક , સંપૂર્ણ સીવરેજ સીસ્ટમ તથા ગ્રીન ઉર્જાનાં ઉપયોગથી કરવામાં આવતી બચત અંગે પણ ચિતાર રજુ કરેલ.

સુરત શહેરની કાર્યરત પ્રણાલીઓ તેમજ ભવિષ્યના આયોજનોથી ઇવેન્ટમાં હાજર રહેલ ભારત સરકારશ્રીના સચિવશ્રીઓ, કમિશ્નરશ્રીઓ, સંસ્થાઓના તજજ્ઞો, પ્રતિનિધિઓ પ્રભાવિત થઇ સરાહના કરવામાં આવેલ.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

સમાચાર યાદી નં. ૫૧૬, તા.૧૩/૦૧/૨૦૨૩







13TH JANUARY
DEPARTMENT OF ECONOMIC AFFAIRS
mccia
ABHAY PETHE

# <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતા અને પશુપાલકના વ્યવસાય સાથે સંકળાયેલ પશુપાલકો જોગ**

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભના ઠરાવ નં.૨૫૭/૨૦૨૧ , તા.૨૨/૧૦/૨૦૨૧ થી વિદિત થઈ માન.મ્યુનિ.કમિશ્નરશ્રી , સુરત મહાનગરપાલિકા દ્વારા (૧) જાહેરાત નં.પી.આર.ઓ./૨૫૪૦/૨૦૨૧-૨૨ , તા.૨૯/૦૩/૨૦૨૨ અને (૨) જાહેરાત નં.પી.આર.ઓ./૨૩૦ /૨૦૨૨-૨૩ , તા.૧૫/૦૭/૨૦૨૨ થી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતા અને પશુપાલકના વ્યવસાય સાથે સંકળાયેલ પશુપાલકોએ તેમના કબ્જા હેઠળના જાનવરોને Radio Frequency Identification Device (RFID) તેમજ વિઝ્યુઅલ ઈયર ટેગ મારફત રજીસ્ટ્રેશન કરાવી લેવા જણાવવામાં આવેલ. જે અન્વયે મહાનગરપાલિકા દ્વારા Radio Frequency Identification Device (RFID) તેમજ વિઝ્યુઅલ ઈયર ટેગ મારફત રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જાનવરોને RFID તેમજ વિઝ્યુઅલ ઈયર ટેગ મારફત રજીસ્ટ્રેશન કરાવવા બાબતે પશુપાલકો દ્વારા ઉદાસીનતા દાખવતા માન.કમિશનરશ્રીની રજુઆતને ધ્યાને લઈ ડોર ટુ ડોર કેમ્પેન હાથ ધરી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી રજીસ્ટ્રેશન ફી વસુલ કર્યા વગર પશુપાલકોના કબ્જા હેઠળના જાનવરોનું RFID લગાવી રજીસ્ટ્રેશન કરવાનું સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૮૭૪/૨૦૨૨, તા.૨૦-૧૦-૨૦૨૨ થી ઠરાવેલ હોય, જે મુજબ તા.૧૩-૦૧-૨૦૨૩ સુધીમાં કુલ-૨૫૨૫૦ જેટલા જાનવરોને Radio Frequency Identification Device (RFID) તેમજ વિઝ્યુઅલ ઈયર ટેગ મારફત રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. વધુમાં જે પશુઓનું રજીસ્ટ્રેશન નથી થયું તેવા તમામ પશુપાલકો કબ્જા હેઠળના જાનવરોનું રજીસ્ટ્રેશન ફી વસુલ કર્યા વગર તેમના જાનવરોનું RFID લગાવી રજીસ્ટ્રેશન કરાવી લેવા માટે અત્રેથી અનુરોધ કરવામાં આવે છે.

માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા આજરોજ રખડતા ઢોર નિયંત્રણ બાબતે તમામ મહાનગરપાલિકા સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા કરવામાં આવેલ જેમાં પણ પશુઓમાં RFID લગાવી રજીસ્ટ્રેશન કરવા બાબતે પ્રાધાન્ય આપવામાં આવેલ.

સમાચાર યાદી નં. ૫૧૭
તા.૧૬/૦૧/૨૦૨૩
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# અખબાર યાદી
## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા
## સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૬ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૬ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૮૭,૫૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૫/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૬/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૨૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૫૧૮

નોર્થ ઝોન : સમસ્તપાટીદાર રોડ ડિવાઈડર



Before After

અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૪ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૧ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૮૯,૭૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૬/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૭/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૫૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

# <u>પ્રેસ નોટ</u>

મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ઝોનના વિવિધ વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરા ભરપાઈ નહીં કરનારા કરદાતાઓની મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ ,જે અંતર્ગત **પ્રથમ તબકકામાં તા.૧૭/૦૧/૨૦૨૩ સુધી ૧૭૫ મિલ્કતને** સીલ કરવાની તથા <u>૨૬૩</u> જેટલા ખુલ્લા પ્લોટ ઉપર સુચના દર્શક બોર્ડ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરેલ ,જે કાર્યવાહી દરમ્યાન ખુલ્લા પ્લોટના મિલ્કતદારો પાસેથી સ્થળ પર **<u>રૂા. ૧૦.૦૦ લાખ</u>** તથા સીલ મિલકતો પૈકી **<u>રૂા.૧૭.૧૦ લાખ</u>** જેટલી રોકડ રકમ તેમજ એડવાન્સ ચેકની વસુલાત થયેલ.

સાઉથઝોન (ઉધના)નાં આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાત ઝુંબેશ કરી કડક કાર્યવાહી હાથ ધરતાં ઉધનાઝોન ખાતે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આજદિન સુધી **<u>રૂા.૧૮૭.૩૫ કરોડ</u>** વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર કરદાતાઓની મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલ્કતવેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૨૦
તા. ૧૭ /૦૧/૨૦૨૩



સુરત મહાનગરપાલિકા
સાઉથ ઝોન-એ (ઉધના)
આકારણી અને વસુલાત વિભાગના
વર્ષ.૨૦૨૨-૨૩ સુધીના મિલકત વેરાની રકમ બાકી
હોવાથી ધી જી.પી.એમ.સી એકટના પ્રવર્તમાન
કરવેરાના નિયમો/અધિનિયમો હેઠળ સદરહુ
મિલકત/ખુલ્લી જગ્યા ટાંચમાં લેવામાં આવેલ છે.
ફોન નં. ૦૨૬૧-૨૨૭૭૦૪૩-૨૨૭૮૪૨૯
હુકમથી

અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૫ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૧ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૯૨,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૭/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૮/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૩૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૫૨૧

તા.૧૮/૦૧/૨૦૨૩

## સાઉથ ઈસ્ટ ઝોન:- નવાગામ બ્રીજ રોડ ડિવાઇડર




Before




After

## નોર્થ ઝોન : સમસ્તપાટીદાર રોડ ડિવાઈડર



Before



After

# પ્રેસનોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી (કનકપુર) ના આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત જુદા જુદા વિસ્તારોમાં કુલ ૨૬૨ મિલકતો માં વસુલાત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.જે પૈકી ૮૨ મિલકતોમાં સીલ કરવામાં આવેલ અને ૧૪૧ મિલ્કતોમાં કાર્યવાહી દરમ્યાન કુલ રૂ.૧૧૯૦૬૯૭૦૦/- લાખ ની વસુલાત કરવામાં આવેલ છે. આજ રોજ મિલકતવેરા પેટે અંદાજીત રૂ.૧૧.૭૨ લાખ જેટલી વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન-બી (કનકપુર) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં ગત વર્ષ આજદીન સુધી ૮.૬૭ કરોડ ની વસુલાતની સામે ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન આજ દિન સુધી રૂ.૨૪.૭૫ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોય જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઇ કરવા જણાવવામાં આવે છે. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સચિન વોર્ડ વિસ્તારમાં આવેલ હોજીવાલા ઇન્ડ્રસ્ટીયલ નો સુરત મહાનગર પાલિકા ના હદવિસ્તારમાં સમાવેશ થયેલ હોય આકારણી દફતરે નોંધ કરી કુલ ૧૫૧ યુનિટ દાખલ કરી ૨.૮૯ કરોડ રૂપિયાના બીલો ઇશ્યુ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદીનં.પ૨૨,તા.૧૮/૦૧/૨૦૨૩



# નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી ની
# અખબારી યાદી

તા.૧૮/૦૧/૨૦૨૩

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં તા.૧૮/૦૧/૨૦૨૩ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.

| અ.નં. | ટી.પી.સ્કીમ નં. / ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૫૧ (કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા) (ફા. પ્લોટ નં. ૨૨ થી ૨૭) તેમજ ૨૧(સરથાણા-સીમાડા) (ફા. પ્લોટ નં.૧૦૬ થી ૧૯) | શ્યામધામ સર્કલ થી શીવ પ્લાઝા થઈ ખડસદ રોડ તરફ જતો રસ્તો | અંદાજે એરીયા ૯૦ ,૦૦૦.૦૦ ચો.મી. | રોડ |
| ૨ | ૫૧ (કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા)(ફા. પ્લોટ નં.૧૩૮ - આર-૨૦) | આઉટર રીંગરોડ અને ૬૦.૦૦ મી. ટી.પી.રોડ તેમજ ખડસદ રોડનું જંકશન | એરીયા ૧૧૧૬૦.૦૦ ચો.મી. | ગાર્ડન હેતુ માટેનુ અનામત પ્લોટ |
| ૩ | ૫૧ (કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા) (ફા. પ્લોટ નં.૪૩ થી ૩૦) | સરથાણા પોલીસ સ્ટેશનથી ખડસદ જતો રસ્તો | અંદાજે એરીયા ૭૫૦૦.૦૦ ચો.મી. | રોડ |
| | | કુલ | ૧,૦૮,૬૬૦.૦૦ ચો.મી. | |

(૧) સુરત શહેરના ન્યુ ઈસ્ટ(સરથાણા)ઝોન-બી ખાતે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૫૧ (કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા)માં આવેલ છે. આ સ્કીમની પશ્ચિમે ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા) આવેલ છે. ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૧ (કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા)અને ટી.પી.સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા) ની હદ ઉપર ૬૦.૦૦ મી.(૨૦૦ ફુટ) નો ટી.પી. રોડ સ્થિત છે. આ રસ્તો ખોલી પાકો ડામર રસ્તો બનાવવા માટે મા.રા.ક.મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા તેમજ સ્થાનિક મ્યુ.સભ્યશ્રીઓની ઘણા લાંબા સમયની રજુઆત હતી. જેના અનુસંધાને અત્રેથી જમીન માલિકો / ખેડુતોનો રૂબરૂ સંપર્ક કરી તેઓ સાથે વાટાઘાટો નો દોર ચલાવી રસ્તામાં કપાત જતી જગ્યાનો કબ્જો સોંપવા માટે સંમત કરેલ. આજરોજ સદર ૬૦.૦૦ મી. ટી.પી. રસ્તાનો તમામ જમીન માલિકોની રૂબરૂમાં કુલ ૧.૫ કિ.મી. લંબાઈમાં આશરે ૯૦ ,૦૦૦ ચો.મી. જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. આ રસ્તાના અમલીકરણ ના ભાગરૂપે ગાર્ડનના હેતુ માટેનો અનામત પ્લોટ નં. આર-૨૦(એરીયા : ૧૧૧૬૦.૦૦ ચો.મી.) પણ પ્રાપ્ત થયેલ છે. આ રસ્તાનો કબ્જો મળ્યેથી સુરત-કામરેજ રોડ ઉપર શ્યામધામ જંકશન તેમજ નવજીવન જંકશનથી આઉટર રીંગરોડથી ખડસદ થઈ પૂર્વે તરફે નેશનલ હાઈવે તરફ તેમજ આઉટર રીંગરોડથી દક્ષિણે આઉટર રીંગરોડ મારફતે સુરત-કડોદરા રોડ તેમજ સમગ્ર શહેરના તમામ એન્ટ્રી રસ્તાઓ પરથી શહેરમાં પ્રવેશી શકાશે. આમ સદરહું રસ્તો આઉટર રીગરોડને મળતો અતિ મહત્વનો રસ્તો હોય તેનો લાભ શહેરની સમગ્ર જનતાને મળશે. આમ પૂરેપરી પહોળાઈ તથા લંબાઈમાં એકીસાથે સંપુર્ણ કબ્જો મળેલ હોવાથી આ રસ્તા ઉપર પ્રાથમિક સુવિધા પ્રસ્થાપિત કરવા તથા બીજા વિભાગ જેવા કે બી.આર.ટી.એસ. માટેની

પણ અલાયદી જગ્યા છોડીને ડેવલોપમેન્ટ કરવામાં આવનાર છે. આમ આ રસ્તાના લાભનો દાયરો ફક્ત સ્થાનિક જનતા પૂરતો સીમીત નથી, પરંતુ સમગ્ર શહેરની જનતાને આ રસ્તા થકી પ્રત્યક્ષ / પરોક્ષ રીતે લાભ મળશે.

(૨) વધુમાં સદરહું આજ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૫૧(કોસમાડા-ખડસદ પીલોદરા-સીમાડા) માં ૯૦.૦૦ મી. ના આઉટર રીંગરોડને સમાંતર ૩૦.૦૦ મી. પહોળાઈનો બ્લોક નં. ૮૪ પાસે અંદાજે ૨૫૦.૦૦ મી. લંબાઈમાં રસ્તાનો કબ્જો મેળવવામાં આવેલ છે. આ કબજા થકી અંદાજે ૭૫૦૦.૦૦ ચો.મી. જગ્યા રસ્તા અને અન્ય સુવિધાઓ માટે સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ છે.

આ સમગ્ર કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવામાં તમામ જમીન માલિકોએ ખુબ જ પ્રશંસનીય ભૂમીકા ભજવી સકારાત્મક રીતે સહકાર આપેલ છે. આ રસ્તાનો કબ્જો મળ્યેથી તુરંત જ પાકો ડામર રસ્તો , ડીવાઈડર તેમજ સ્ટ્રીટલાઈટની સુવિધા પુરી પાડવાનું કામ શરૂ કરી દેવામાં આવશે. રસ્તો ખુલ્લો થયેથી ટી.પી. અમલીકરણ ના આગળના તબકકાના ભાગરૂપે સદર રસ્તાને લાગુ તમામ જમીન માલિકો કબ્જા ફેરફાર કરવા પણ સંમત થયેલ છે. જે પૂર્ણ થયેથી તમામ જમીન માલિકોને પોતાના ફાયનલ પ્લોટ પ્રાપ્ત થશે અને સમગ્ર વિસ્તારમાં વિકાસને વેગ મળશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૨૩

તા.૧૮/૦૧/૨૦૨૩


PLAN NO. 3


62

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન - આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર , પાલણપોર, અડાજણ, જહાંગીરાબાદ, જહાંગીરપુરા, વરીયાવ વિગેરે વિસ્તારમાં ચાલુ માસમાં છેલ્લા ૨ દિવસમાં મિલકત વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત આજરોજ પાલ વિસ્તારમાં આવેલ સોહમ આર્કેડની ૬૧ મિલકતોને સીલ કરવામાં આવેલ ઉપરાંત પાલણપોર વિસ્તારમાં મેપલ-૯ની ૪૦ મિલકતો તેમજ રાજ ગેલેક્ષીની ૩૩ મિલકતોને સીલ કરેલ છે. આમ કુલ ૧૩૪ મિલકતોને સીલ કરવામાં આવેલ છે. અન્ય વિસ્તારોની મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતા સ્થળ પર જ રૂપિયા ૨૧.૫૦ લાખ જેટલી વસુલાત તેમજ રૂપિયા ૩૫.૦૦ લાખના એડવાન્સ ચેક વસુલ લેવામાં આવેલ છે.

સદર ઝુંબેશ દરમ્યાન મિલકત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેક્શનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલકત વેરા / વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.૫૨૪

તા.૧૯/૦૧/૨૦૨૩

અખબાર યાદી
ગાર્ડન ખાતુ
સુરત મહાનગરપાલિકા
સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૬ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૯૪,૫૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૮/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૯/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૩૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં.૫૨૫

# સુરત મહાનગરપાલિકા

## તા. ૦૧/૦૭/૨૦૨૧

સુરત મહાનગરપાલિકામાં કોવિડ–૧૯ રસીકરણ અભિયાન અંતર્ગત આવતી કાલ તા.૦૨/૦૭/૨૦૨૧ના રોજથી સરકારશ્રીની સૂચના મુજબ કુલ ૧૬૨ રસીકરણ કેન્દ્રો પરથી રસીકરણની કામગીરી કરવામાં આવશે.જેમાં રસીકરણ કેન્દ્ર દીઠ વધુમાં વધુ ૧૦૦ લાભાર્થીઓને રસીકરણ કરવામાં આવશે.જેમાં પ્રથમ અને બીજા ડોઝના રસીકરણ કેન્દ્રો અલગ રહેશે જેની યાદી નીચે મુજબ છે. બીજો ડોઝ માટે COWIN પોર્ટલ પરથી મેસેજ આવ્યો છે તેમને અગ્રીમતા આપવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| ક્રમ | ઝોન | કોવિશિલ્ડ રસીકરણ કેન્દ્ર (પ્રથમ ડોઝ માટે) |
|---|---|---|
| ૧ | ઇસ્ટ ઝોન – એ (વરાછા) | શ્યામાપ્રસાદ મુખર્જી હોલ -A, આઈ માતા રોડ, મગોબ |
| ૨ | | નગર પ્રાથમિક શાળા નં. ૯૦, ભાટ ની વાડી |
| ૩ | | વલ્લભઆચાર્ય હોલ-A,એ.કે રોડ |
| ૪ | | પટેલ સમાજની વાડી-A ,લોક સમર્પણ બ્લડ બેંકની સામે, મીની બજાર |
| ૫ | | શ્યામ નગરની વાડી-A,સાધના સોસાયટીની પાછળ, સેન્ટ્રલ વેર હાઉઝ રોડ |
| ૬ | | નગરપ્રાથમિક ૧૨૨/૧૩૨ રંગઅવધુત સોસાયટી ,માતાવાડી |
| ૭ | | મહેશ્વરીસેવા સદન ,આઇમાતા રોડ, મગોબ |
| ૮ | | સુમન હાઈસ્કુલ નં: ૯, વડ વાલા સર્કલ, કાપોદ્રા |
| ૯ | | સ્વામી વિવેકાનંદ ઓડીટેરીયમ A,બોમ્બે માર્કેટ |
| ૧૦ | | સ્કુલ નં. ૫૯, ઘનશ્યામ નગર, કરંજ |
| ૧૧ | | સુમન શાળા ૧૮ મીરાં અંબિકા સોસા-A, ભૈયા નગર ,પુણા |
| ૧૨ | ઇસ્ટ ઝોન-બી (સરથાણા) | કઠોદરા હેલ્થ સેન્ટર, કઠોદરા |
| ૧૩ | | સરથાણા અર્બન હેલ્થ સેન્ટર-A,સુભાષનગર ,સરથાણા જકાતનાકા |
| ૧૪ | | પુણા સીમાડા અર્બન હેલ્થ સેન્ટર-A, પુણા સીમાડા |
| ૧૫ | | મોટા વરાછા અર્બન હેલ્થ સેન્ટર-A ,મોટા વરાછા |
| ૧૬ | | સરથાણા કોમ્યુનીટી હોલ-A,સરથાણા |
| ૧૭ | | પુણા સીમાડા કોમ્યુનીટી હોલ-A,પુણા સીમાડા |
| ૧૮ | | મોટા વરાછા કોમ્યુનીટી હોલ-A સુદામા ચોક, મોટા વરાછા |
| ૧૯ | | કઠોર શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર-A ,કઠોર |
| ૨૦ | | નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર-A, નાના વરાછા ઢાળ પાસે, નાના વરાછા |
| ૨૧ | | વેલંજા સબ સેન્ટર, વેલંજા ગામ |
| ૨૨ | | પાસોદરા પ્રાથમિક શાળા, પાસોદરા |
| ૨૩ | નોર્થ (કતારગામ) ઝોન | ગોટાલાવાડી ટેનામેન્ટ, શાળા નંબર ૧૧૭, ૧૧૮ |
| ૨૪ | | માતૃભુમી સ્કુલ-A |
| ૨૫ | | કતારગામ કોમ્યુનીટી હોલ-A,કતારગામ |

| | | |
|---|---|---|
| ૨૬ | | અંખડાનંદ શાળા-A,વેડ રોડ |
| ૨૭ | | **સિંગણપોર કોમ્યુનિટિ હોલ–એ** |
| ૨૮ | | એસએમસી સ્કૂલ નં. 307, ગોપાલ ડેરીની સામે, અમરોલી ગામ |
| ૨૯ | | એસએમસી સ્કૂલ નં. 181-A, લેક ગાર્ડન પાસે, કોસાડ |
| ૩૦ | | સમસ્ત પાટીદાર સમાજ ના વાડી-A ,આંબાતલાવાડી |
| ૩૧ | | શાળા નંબર -૧૧૩/૧૧૫,પારસ વેજીટેબલ માર્કેટની બાજુમાં,કતારગામ |
| ૩૨ | | એસએમસી સ્કૂલ નં. 289-A, લલિતા ચોકડી, કતારગામ |
| ૩૩ | | જલારામ ઇન્ટરનેશનલ સ્કુલ ,પાલનપોર |
| ૩૪ | | ઇશીતા પાર્ક કોમ્યુનીટી હોલ-A,અડાજણ |
| ૩૫ | | નગર પ્રાથમિક શાળા નં.- ૧૫૨, બદ્રીનારાયણ મંદિર સામે |
| ૩૬ | | ઇચ્છાપોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ,ઇચ્છાપોર |
| ૩૭ | | વરીયાવ હેલ્થ સેન્ટર, વરીયાવ |
| ૩૮ | | આંબેડકર ટ્રસ્ટ-A |
| ૩૯ | વેસ્ટ (રાંદેર) ઝોન | દિવાળીબાગ કોમ્યૂનિટી હોલ-A |
| ૪૦ | | નુતન સ્કુલ-A |
| ૪૧ | | નિશાલ આર્કેટ -A પાલ |
| ૪૨ | | સુમેરુ બિઝનેસ સેન્ટર-A ,પાલ |
| ૪૩ | | સરદાર પટેલ વિદ્યાલય, રામજી મંદિર પાસે, પટેલ ફળિયું -A, પાલ |
| ૪૪ | | નિજધામ આશ્રમ -A, રામનગર |
| ૪૫ | | વિધાકુંજ સ્કુલ -A , પાલનપુર જકાતનાકા |
| ૪૬ | | ચિલ્ડ્રન હોલ ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે |
| ૪૭ | | ગુરુકૃપા સ્કૂલ-A , સમિતિ સ્કૂલ પાસે, મીરાનગર |
| ૪૮ | | જાગનાથ મંદિર,કનકપુર કનસાડ |
| ૪૯ | | ઉધ્યોગભારતી વિધ્યાલય -A, જીઆઇડીસી કોલોની,પાંડેસરા જીઆઇડીસી |
| ૫૦ | | ભેસ્તાન કોમ્યુનીટી હોલ ,ભેસ્તાન |
| ૫૧ | | હરીનગર કોમ્યુનિટી હોલ-A , હરીનગર-3, ઉધના |
| ૫૨ | સાઉથ (ઉધના) ઝોન | પાંડેસરા કોમ્યુનિટી હોલ-A, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા |
| ૫૩ | | લક્ષ્મીપતિ મીલ-A ,પાંડેસરા જીઆઇડીસી |
| ૫૪ | | કનકપુર કમ્યુનીટી હોલ, કનકપુર |
| ૫૫ | | કલરટેક્ષ કંપની-A,પાંડેસરા જીઆઇડીસી |
| ૫૬ | | ઉમિયા રેસિડેન્સી, મિલન ચોકડી પાસે, ન્યુ બામરોલી રોડ. |
| ૫૭ | | સચિન જીઆઇડીસી ફાયર સ્ટેશન |
| ૫૮ | | રામજીની વાડી , બુડીયા |
| ૫૯ | | **પારડી કણદે સ્કુલ** |
| ૬૦ | | ભાથેના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, તારા વિધ્યા મંદિરની સામે, કોમ્યુનિટી હોલની પાછળ |
| ૬૧ | | સુમન સ્કુલ નં. ૫, જવાહર મોહલ્લો, નિલગિરી સર્કલ |
| ૬૨ | સાઉથ ઇસ્ટ (લીંબાયત) ઝોન | સમ્રાટ વિધાલય, પરવત પાટિયા |
| ૬૩ | | મંગલપાડે કોમ્યુનીટી હોલ, ગોડાદરા |
| ૬૪ | | પરવટ કોમ્યુનીટી હોલ-એ ,ઝોન ઓફીસ ની પાસે ,પરવટ |
| ૬૫ | | ડિંડોલી કોમ્યુનિટી હોલ-એ, રોયલ સ્ટાર ટાઉનશિપ પાસે, અંબિકાનગર સામે |
| ૬૬ | | સુમન સ્કુલ ૮ ગાયત્રીનગર નવાગામ ડીંડોલી |

| | | |
|---|---|---|
| ૬૭ | | જે જે માર્કેટ-A |
| ૬૮ | | રઘુકુલ માર્કેટ-A |
| ૬૯ | | ગુડલક માર્કેટ-A |
| ૭૦ | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન | અલથાણ કોમ્યુનિટી હોલ-A , અલથાણ હેલ્થ સેંટરની બાજુમાં, ભટાર ટેનામેંટ |
| ૭૧ | | શાળા નં ૨૬૫ ,સાઉથ વેસ્ટ ઝોન ની સામે |
| ૭૨ | | મહારાજા અગ્રસેન ભવન, સીટીલાઈટ રોડ |
| ૭૩ | | સુ.મા.પ શાળા નં ૧૦૧ ,મગદલ્લા |
| ૭૪ | | ખાટુ શ્યામ મંદિર -A,વેસુ |
| ૭૫ | | રીગા સ્ટ્રીટ, શાન્તમ -A , વેસુ |
| ૭૬ | | રીગા સ્ટ્રીટ, શાન્તમ -B , વેસુ |
| ૭૭ | | માહેશ્વરી ભવન-B, સાઇન્સ સેન્ટર પાસે, સિટિલાઈટ રોડ |
| ૭૮ | | ગોકુલ સોલિટેર |
| ૭૯ | | નાની બઝાર સ્કુલ નં ૩૨૫, ડુમસ |
| ૮૦ | | વેસુ પ્રાથમિક શાળા-A, વેસુ |
| ૮૧ | સેન્ટ્રલ ઝોન | લક્કડકોટ કોમ્યુનીટી હોલ-A, ગલેમંડી મેઈન રોડ, દિલ્હી ગેટ પાસે |
| ૮૨ | | મસ્કતી હોસ્પિટલ-A, ટાવર રોડ |
| ૮૩ | | બેગમવાડી-૨, મુક્તિધામ મંદિરની ગલી, આમખાસ |
| ૮૪ | | રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ-A, કડીવાળા હેલ્થ સેન્ટરની સામે, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા |
| ૮૫ | | લેઉવા પાટીદાર સમાજની વાડી-A, |
| ૮૬ | | આર .કે.ટી માર્કેટ-A, રીંગ રોડ |
| ૮૭ | | આર .કે.ટી માર્કેટ-C, રીંગ રોડ |
| ૮૮ | | શાળા ન. – ૫૮, પરબીયા શેરી |
| ૮૯ | | રંગઉપવન-A,ચોકબજાર |
| ૯૦ | | નગર પ્રાથમિક શાળા નં.-૧૨૮, જગુ વલ્લભની પોળ |
| ૯૧ | | ચૌટા બઝાર-A |

| ક્રમ | ઝોન | કોવિશિલ્ડ રસીકરણ કેન્દ્ર (બીજા ડોઝ માટે) |
|---|---|---|
| ૧ | ઇસ્ટ ઝોન – એ (વરાછા) | શ્યામાપ્રસાદ મુખર્જી હોલ -B, આઈ માતા રોડ, મગોબ |
| ૨ | | સ્કુલ નંબર ૯૬ બોમ્બે કોલોની |
| ૩ | | વલ્લભઆચાર્ય હોલ-B,એ.કે રોડ |
| ૪ | | પટેલ સમાજની વાડી-B,લોક સમર્પણ બ્લડ બેંકની સામે, મીની બજાર |
| ૫ | | શ્યામ નગરની વાડી-B, સાધના સોસાયટીની પાછળ, સેન્ટ્રલ વેર હાઉઝ રોડ |
| ૬ | | નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૩૦૦ આશાનગર ,પુણાગામ |
| ૭ | | સાગર કોમ્યુનિટી હોલ, કરંજ |
| ૮ | | સ્વામી વિવેકાનંદ ઓડીટેરીયમ B,બોમ્બે માર્કેટ |
| ૯ | | સુમન શાળા ૧૮ મીરાં અંબિકા સોસા-B, ભૈયા નગર ,પુણા |
| ૧૦ | ઇસ્ટ ઝોન-બી (સરથાણા) | સરથાણા અર્બન હેલ્થ સેન્ટર-B,સુભાષનગર ,સરથાણા જકાતનાકા |
| ૧૧ | | પુણા સીમાડા અર્બન હેલ્થ સેન્ટર-B, પુણા સીમાડા |
| ૧૨ | | મોટા વરાછા અર્બન હેલ્થ સેન્ટર-B ,મોટા વરાછા |
| ૧૩ | | સરથાણા કોમ્યુનીટી હોલ-B,સરથાણા |

| | | |
|---|---|---|
| ૧૪ | | પુણા સીમાડા કોમ્યુનીટી હોલ-B,પુણા સીમાડા |
| ૧૫ | | મોટા વરાછા કોમ્યુનીટી હોલ-B સુદામા ચોક, મોટા વરાછા |
| ૧૬ | | નગરપ્રાથમિક શાળા નં: ૨૭૨ (મહારાણા પ્રતાપ નગરપ્રાથમિક શાળા), ગંગાજમના સોસાયટીની સામે, નાના વરાછા |
| ૧૭ | | કઠોર શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર-B ,કઠોર |
| ૧૮ | | નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર-B, નાના વરાછા ઢાળ પાસે, નાના વરાછા |
| ૧૯ | નોર્થ (કતારગામ) ઝોન | માતૃભુમી સ્કુલ-B |
| ૨૦ | | કતારગામ કોમ્યુનીટી હોલ-B,કતારગામ |
| ૨૧ | | અંખડાનંદ શાળા-B,વેડ રોડ |
| ૨૨ | | **સિંગણપોર કોમ્યુનિટિ હોલ–બી** |
| ૨૩ | | એસએમસી સ્કૂલ ન. 334, મીની ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે,વી.આઇ.પી. સર્કલ, ઉત્રાણ |
| ૨૪ | | એસએમસી સ્કૂલ ન. 181-B, લેક ગાર્ડન પાસે, કોસાડ |
| ૨૫ | | સમસ્ત પાટીદાર સમાજ ના વાડી-B ,આંબાતલાવાડી |
| ૨૬ | | ઉત્રાણ કોમ્યુનીટી હોલ A,ઉત્રાણ |
| ૨૭ | | એસએમસી સ્કૂલ ન. 289-B, લલિતા ચોકડી, કતારગામ |
| ૨૮ | વેસ્ટ (રાંદેર) ઝોન | છશીતા પાર્ક કોમ્યુનીટી હોલ-B,અડાજણ |
| ૨૯ | | જહાંગીરપુરા કોમ્યુનીટી હોલ , ડભોલી બ્રીજ પાસે, ઓલપાડ રોડ, જહાંગીરપુરા |
| ૩૦ | | આંબેડકર ટ્રસ્ટ-B |
| ૩૧ | | દિવાળીબાગ કોમ્યુનિટી હોલ-B |
| ૩૨ | | નુતન સ્કુલ-B |
| ૩૩ | | નિશાલ આર્કેટ -B પાલ |
| ૩૪ | | સુમેરુ બિઝનેસ સેન્ટર-B ,પાલ |
| ૩૫ | | સરદાર પટેલ વિદ્યાલય, રામજી મંદિર પાસે, પટેલ ફળિયું -B, પાલ |
| ૩૬ | | નિજધામ આશ્રમ -B, રામનગર |
| ૩૭ | | વિધાકુંજ સ્કુલ -B , પાલનપુર જકાતનાકા |
| ૩૮ | સાઉથ (ઉધના) ઝોન | ગુરુકૃપા સ્કૂલ-B, સમિતિ સ્કુલ પાસે, મીરાનગર |
| ૩૯ | | ઉધ્યોગભારતી વિધ્યાલય -B, જીઆઇડીસી કોલોની,પાંડેસરા જીઆઇડીસી |
| ૪૦ | | હરીનગર કોમ્યુનિટી હોલ-B , હરીનગર-3, ઉધના |
| ૪૧ | | પાંડેસરા કોમ્યુનિટી હોલ-B, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા |
| ૪૨ | | લક્ષ્મીપતિ મીલ-B ,પાંડેસરા જીઆઇડીસી |
| ૪૩ | | આરોગ્યભવન ઉધના સંઘ હોસ્પિટલ,ઉધના |
| ૪૪ | | કલરટેક્ષ કંપની-B,પાંડેસરા જીઆઇડીસી |
| ૪૫ | | સનરાઇઝ વીધો શાળા ,બીઆરસી મંદિર સામે,ઉધના |
| ૪૬ | સાઉથ ઇસ્ટ (લીંબાયત) ઝોન | SMC સ્કૂલ ન. ૧૪૦, ઈશ્વરપુરા, નવાગામ |
| ૪૭ | | આર.વિ. દેસાઇ પ્રાઇમરી સ્કૂલ, SMC-304, પર્વત ખાડી નહેર, પર્વત ગામ |
| ૪૮ | | ન્યુ ડીંડોલી અર્બન હેલ્થ સેન્ટર |
| ૪૯ | | લિંબાયત અર્બન હેલ્થ સેન્ટર ,મારૂતી ચોક ,લિંબાયત |
| ૫૦ | | આંજણા અર્બન હેલ્થ સેન્ટર ,મીઠીખાડી પાસે ,લિંબાયત |
| ૫૧ | | સીનીયરસીટીઝન હોલ ,ગોડદરા |
| ૫૨ | | જે જે માર્કેટ-B |
| ૫૩ | | રઘુકુલ માર્કેટ-B |

| | | |
|---|---|---|
| ૫૪ | | ગુડલક માર્કેટ-B |
| ૫૫ | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન | અલથાણ કોમ્યુનિટી હોલ-B , અલથાણ હેલ્થ સેંટરની બાજુમાં, ભટાર ટેનામેંટ |
| ૫૬ | | મહેદીપુર બાલાજી મંદિર-A ,ભરથાણા |
| ૫૭ | | મહેદીપુર બાલાજી મંદિર-B ,ભરથાણા |
| ૫૮ | | રાધાકૃષ્ણ મંદિર ,મેરીયેટ હોટલ પાસે ,ઉમરા |
| ૫૯ | | ઉમરા કોમ્યુનિટી હોલ, એસ.કે. પાર્કની સામે, પાસપોર્ટ ઓફિસ પાસે, ઉમરા |
| ૬૦ | | માહેશ્વરી ભવન-A, સાઇન્સ સેન્ટર પાસે, સિટિલાઇટ રોડ |
| ૬૧ | | અલથાણ સ્વિમીંગ પુલ |
| ૬૨ | | વેસુ પ્રાથમિક શાળા-B, વેસુ |
| ૬૩ | સેન્ટ્રલ ઝોન | લક્કડકોટ કોમ્યુનીટી હોલ-B, ઝાલેમંડી મેઇન રોડ, દિલ્હી ગેટ પાસે |
| ૬૪ | | મસ્કતી હોસ્પિટલ-B, ટાવર રોડ |
| ૬૫ | | ટી. એન્ડ. ટીવી ગોપીપુરા સ્કુલ, એની બેસન્ટ રોડ, ગોપીપુરા |
| ૬૬ | | રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ-B, કડીવાળા હેલ્થ સેન્ટરની સામે, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા |
| ૬૭ | | લેઉવા પાટીદાર સમાજની વાડી-B, |
| ૬૮ | | આર .કે.ટી માર્કેટ-B, રીંગ રોડ |
| ૬૯ | | ડાયમંડ વિલેજ,જાડાખાડી, મહિધરપુરા |
| ૭૦ | | રંગઉપવન-B,ચોકબજાર |
| ૭૧ | | ચૌટા બઝાર-B |

| ક્રમ | ઝોન | કોવેક્સિન રસીકરણ કેન્દ્ર |
|---|---|---|
| ૧ | ઇસ્ટ ઝોન – એ (વરાછા) | ઉમિયાધામ મંદિર, વરાછા |
| ૨ | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન | અંબાનગર પ્રાથમિક શાળા, અંબાનગર, ભટાર |

આરોગ્ય વિભાગ
સુરત મહાનગરપાલિકા

# નોર્થઝોન(કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

## ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા
## બાબતનાં વટહુકમ ૩/૨૦૨૨ અન્વયેની
## જાહેર વિક્ષપ્તિ–નોટીસ

સુરત શહેર અને રાજયનાં અન્ય વિસ્તારોમાં થયેલા અનઅધિકૃત બાંધકામો દુર કરવાથી અગર તોડી પાડવાથી મોટી સંખ્યામાં લોકોને અને ખાસ કરીને જેમની સખત મહેનતથી કમાયેલી બચતનું રોકાણ કરેલ છે. તેવા સમાન્ય માણસોને હાર્ડમારી થવાની સંભાવના જોતા આ વટહુકમ હેઠળ અમુક અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનો વટહુકમ ૩/૨૦૨૨ , તા.૧૭/૧૦/૨૦૨૨ થી અમલમાં આવેલ છે. સદર અધિનિયમ હેઠળ કયા બાંધકામો નિયમિત કરી શકાય, કાર્યપધ્ધિત ફી નું ધોરણ વિગેરે મહત્વની જોગવાઈઓ સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ અધિનિયમ હેઠળની એક મહત્વપૂર્ણ જોગવાઈ હેઠળ અગાઉનાં અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા માટે અમલમાં ગૃડા-૨૦૧૧ નાં કાયદા હેઠળ જે અરજદારોની અરજી મંજુર કરવામાં આવેલ હોવા છતાં જેઓએ જે તે સમયે ઈમ્પેકટ ફીની રકમ ભરપાઈ કરેલ નથી. તેવા અરજદારોને હાલમાં અમલમાં " ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનાં વટહુકમ ૩/૨૦૨૨" અંતર્ગત નિયત સમય મર્યાદામાં નવેસરથી અરજી કરી આ વટહુકમનો લાભ લઈ સ્થળ પર થયેલ અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા તાકીદ કરવામાં આવે છે.

નિયમિત ન થયેલ હોય તેવા બિનઅધિકૃત બાંધકામો સામે મુદત વિત્યેથી આવા બાંધકામો દુર કરવાની કે બિનઅધિકૃત વસવાટ/વપરાશ બંધ કરાવવાની કડક કાર્યવાહી હાથ ધરાવવામાં આવશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેશો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૨૭
તા. ૧૯- ૦૧ - ૨૦૨૩

## નોર્થઝોન(કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

### ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા
### બાબતનાં વટહુકમ ૩/૨૦૨૨ અન્વયેની
### જાહેર વિક્ષપ્તિ–નોટીસ

સુરત શહેર અને રાજયનાં અન્ય વિસ્તારોમાં થયેલા અનઅધિકૃત બાંધકામો દુર કરવાથી અગર તોડી પાડવાથી મોટી સંખ્યામાં લોકોને અને ખાસ કરીને જેમની સખત મહેનતથી કમાયેલી બચતનું રોકાણ કરેલ છે. તેવા સમાન્ય માણસોને હાર્ડમારી થવાની સંભાવના જોતા આ વટહુકમ હેઠળ અમુક અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનો વટહુકમ ૩/૨૦૨૨ , તા.૧૭/૧૦/૨૦૨૨ થી અમલમાં આવેલ છે. સદર અધિનિયમ હેઠળ કયા બાંધકામો નિયમિત કરી શકાય, કાર્યપધ્ધિત ફી નું ધોરણ વિગેરે મહત્વની જોગવાઈઓ સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ અધિનિયમ હેઠળની એક મહત્વપૂર્ણ જોગવાઈ હેઠળ અગાઉનાં અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા માટે અમલમાં ગૃડા–૨૦૧૧ નાં કાયદા હેઠળ જે અરજદારોની અરજી મંજુર કરવામાં આવેલ હોવા છતાં જેઓએ જે તે સમયે ઈમ્પેકટ ફીની રકમ ભરપાઈ કરેલ નથી. તેવા અરજદારોને હાલમાં અમલમાં " ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનાં વટહુકમ ૩/૨૦૨૨" અંતર્ગત નિયત સમય મર્યાદામાં નવેસરથી અરજી કરી આ વટહુકમનો લાભ લઈ સ્થળ પર થયેલ અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા તાકીદ કરવામાં આવે છે.

નિયમિત ન થયેલ હોય તેવા બિનઅધિકૃત બાંધકામો સામે મુદત વિત્યેથી આવા બાંધકામો દુર કરવાની કે બિનઅધિકૃત વસવાટ/વપરાશ બંધ કરાવવાની કડક કાર્યવાહી હાથ ધરાવવામાં આવશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેશો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૨૭
તા. ૧૯– ૦૧ – ૨૦૨૩

સાઉથ વેસ્ટ ઝોન:-ખાટુ શ્યામ મંદિરથી સંગીની સર્કલ રોડ ડીવાઈડર



Before



After

સેન્ટ્રલ ઝોન:- રીંગરોડ ફલાય ઓવર બ્રીજ ફલાવર પોટ કટીંગ



Before



After

## <u>પ્રેસનોટ</u>

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૨૩ના રોજ યોજાનાર પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૭મી જાન્યુઆરી ૨૦૨૩ થી તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૩ સુધી આઇકોનીક ઇવેન્ટ વીક તરીકે જાહેર કરવામાં આવેલ હોય , સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા , સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી સહ વંદના કરવામાં આવશે. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ગોપીપુરા સુભાષચોક ખાતે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. ૫૨૯ , તા.૨૧/૦૧/૨૦૨૩, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

અખબાર યાદી
ગાર્ડન ખાતુ
સુરત મહાનગરપાલિકા
સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૫ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૩ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૧,૯૯,૪૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૦/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૧/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૨૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૫૩૦
તા.૨૧/૦૧/૨૦૨૩

ઈસ્ટ-અ ઝોન: વલ્લભાચાર્ય રોડ ડીવાઈડર



Before



After

નોર્થ ઝોન:- કેન્સર હોસ્પિટલ રોડ ડિવાઈડર



Before



After

# પ્રેસ નોટ
# નોર્થઝોન(કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ જુદી-જુદી ટી.પી.સ્કીમોનાં રસ્તા/રીઝર્વેશનનાં કબ્જા લેવાની ઝુંબેશનાં ભાગરૂપે આજ તા.૨૧/ ૦૧/૨૦૨૩ નાં રોજ ટી.પી.સ્કીમ નં. ૬૬(કોસાડ-વરીયાવ) માં સાયણ ચેક પોસ્ટથી ૧૫૦.૦૦ ફુટના રીંગ રોડને જોડતો ૪૫.૦૦ મીટરની પહોળાઇ ધરાવતા ટી.પી. રોડ ઉપર સંકલ્પ સીટી રેસીડેન્સી પાસે વાય-જંકશન ઉપર અજાણ્યા ઇસમો ધ્વારા ખૂબજ ટુંકા સમયમાં અંદાજીત ૧૦ ,૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં રાતો રાત બનાવેલ મેલડી માતાનું મંદિર અને મંદિરની આજુ-બાજુનાં પરીસરમાં બનાવેલ પતરાના શેડ સહિતનું ટેમ્પરરી બાંધકામ સદર ટી.પી.રસ્તા ઉપરથી દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. વધુમાં સદર ટી.પી.રસ્તા ઉપરથી ૦૫(પાંચ) કાચાં-પાકાં ઝુંપડાં અને ૦૧(એક) પતરાની કેબીન તથા ૮ ,૦૦૦ ચો.ફુટ વિસ્તારમાથી ૦૫(પાચ) તબેલાઓ સહિતનું બાંધકામ દુર કરી રસ્તાનો કબ્જો મેળવવામાં આવેલ છે. જેનાંથી સદરહું વિસ્તારમાં રહેતા અંદાજીત ૨૦ ,૦૦૦ જેટલા વ્યકિતઓને સાયણ ચેકપોસ્ટ પાસે થતા ટ્રાફિક જામની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ , દબાણ વિભાગના સ્ટાફ , ડે.ઇજનેરશ્રી, ૪૦ જેટલા બેલદાર તેમજ ૦૬(છ) ટ્રક અને ૦૩ (ત્રણ) જે.સી.બી. મશીનરી ની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૩૧
તા. ૨૧- ૦૧ - ૨૦૨૩

## પ્રેસનોટ

તારીખ : ૨૧-૦૧-૨૦૨૩

# સુરત મહાનગરપાલિકા, સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમિટેડ અને સુરત શહેર પોલિસ દ્વારા સાયકલોથોનનું આયોજન

સુરત મહાનગરપાલિકા, સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમિટેડ અને સુરત શહેર પોલિસ દ્વારા શહેરમાં નોન-મોટરાઈઝડ વ્હીકલોને પ્રોત્સાહન આપવા તથા સુરત શહેરને સાયકલિંગ-ફ્રેન્ડલી બનાવવાં હેતુથી સાયકલિંગ અવેરનેસ માટે તા.૨૨/૦૧/૨૦૨૩ નાં રોજ સવારે ૬.30 કલાકે **"સાયક્લોથોન"**નું આયોજન કરવામાં આવેલ છે.

સદર સાયકલોથોનનો શુભારંભ શ્રી હર્ષ સંઘવી, માન. મંત્રી, રમત ગતમ અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહન વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલિસ હાઉસિંગ, ઉધોગ, સાંસ્કૃતિક પ્રવૃતિ (રાજ્યકક્ષા), શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન. કેન્દ્રીય રાજ્યમંત્રી, વસ્ત્ર અને રેલ્વે મંત્રાલય, ભારત સરકાર, શ્રી સી.આર. પાટીલ, માન. સંસદસભ્ય, શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા માન. મેયર તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમાં સવારે ૬.30 કલાકે પોલિસ પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઇન્સ ખાતેથી કરવામાં આવશે.

સદર સાયકલોથોનમાં ૫ કિમી અને ૨૦ કિમી એમ ૦૨(બે) રાઈડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫ કિમી ફ્ન રાઈડમાં પાર્ટિસિપન્ટ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી થઇ કારગીલ ચોક થઇ જીલ્લા સેવા સદન (ક્લાસિક રેસ્ટોરન્ટ) થી યુ-ટર્ન લઇ પોલીસ પરેડ ગ્રાઉન્ડ આવશે અને ૨૦ કિમી રાઈડમાં પાર્ટિસિપન્ટ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી થઇ એરપોર્ટ થઇ જીલ્લા સેવા સદન (ક્લાસિક રેસ્ટોરન્ટ) થી યુ-ટર્ન લઇ પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી આવશે.

સદર સાયકલોથોનમાં અંદાજીત ૭000 પાર્ટિસિપન્ટો ભાગ લેનાર છે, આ સાયકલોથોન ગુજરાતની સૌથી મોટી સાયકલોથોન થશે.

પ્રેસનોટ

તારીખ : ૨૨-૦૧-૨૦૨૩

સુરત બની રહ્યું છે સાયકલ ફ્રેન્ડલી શહેર

સુરત મહાનગરપાલિકા, સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમિટેડ અને સુરત શહેર પોલિસ દ્વારા શહેરમાં નોન-મોટરાઈઝડ વ્હીકલોને પ્રોત્સાહન આપવા તથા સુરત શહેરને સાયકલિંગ-ફ્રેન્ડલી બનાવવાં હેતુથી સાયકલિંગ અવેરનેસ માટે આજ રોજ તા.૨૨/૦૧/૨૦૨૩ નાં રોજ સવારે ૬.૩૦ કલાકે "સાયક્લોથોન"નું આયોજન કરવામાં આવેલ.

સદર સાયકલોથોનનો શુભારંભ શ્રી હર્ષ સંઘવી, માન. મંત્રી, રમત ગતમ અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહન વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલિસ હાઉસિંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક  પ્રવૃતિ (રાજ્યકક્ષા), શ્રી સી.આર. પાટીલ, માન. સંસદસભ્ય, શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા માન. મેયર, માન. ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, માન. કમિશનરશ્રી શાલીની અગ્રવાલ (આઈ.એ.એસ.), માન. ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માન. સ્થાયી સમિતિ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમાં  પોલિસ પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઇન્સ ખાતેથી કરવામાં આવેલ.

સૌ પ્રથમ માન. મેયરશ્રી દ્વારા સાયકલોથોનમાં ભાગ લેવા આવેલ તમામ પાર્ટિસિપન્ટો તથા શહેરીજનોને આવકારવામાં આવેલ અને ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવો શરૂઆતમાં ૨૦ કિમી રાઈડનું ફ્લેગ ઓફ કરવામાં આવેલ અને ત્યારબાદ ૫ કિમી ફન રાઈડનું ફ્લેગ ઓફ કરવામાં આવેલ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સાયકલીંગ કરવામાં આવેલ.

સદર સાયકલોથોન અંગે શહેરીજનોમાં ખુબ જ મોટા પ્રમાણમાં પ્રતિસાદ મળેલ અને પાર્ટિસિપન્ટોમાં ખુબ જ ઉત્સાહ જોવા મળેલ. કુલ ૭૦૦૦ થી વધુ પાર્ટિસિપન્ટો દ્વારા સાયકલોથોનમાં ભાગ લેવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા દ્વારા રાજકીય અને રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેતી સાયકલોથોનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ.

૫ કિમી ફન રાઈડમાં ભાગ લેનાર પાર્ટિસિપન્ટસ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી થઇ કારગીલ ચોક થઇ જીલ્લા સેવા સદન (ક્લાસિક રેસ્ટોરન્ટ) થી યુ-ટર્ન લઇ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પરત આવેલ અને ૨૦ કિમી રાઈડમાં પાર્ટિસિપન્ટ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી થઇ એરપોર્ટ થઇ જીલ્લા સેવા સદન (ક્લાસિક રેસ્ટોરન્ટ) થી યુ-ટર્ન લઇ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર પરત આવેલ.

સદર સાયકલોથોન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સાયકલીંગ એન્થમ પણ લોન્ચ કરવામાં આવેલ અને ત્યારબાદ સાયકલીંગ સંસ્થા BYCS INDIA ના સી.ઈ.ઓ. ડો. ભૈરવી જોષી દ્વારા શ્રી

અનિલભાઈ મારડિયાને સુરત સાયકલીંગ મેયર ઘોષિત કરવામાં આવેલ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તેઓનું સન્માન કરવામાં આવેલ.

તદુપરાંત મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા લોન્ચ કરવામાં આવેલ FREEDOM2WALKCYCLERUN ફોર સિટી લીડર્સ ચેલેન્જમાં સુરત શહેરનું પ્રતિનિધિત્વ કરનાર સિટી લીડર્સ નામો પણ ઘોષિત કરવામાં આવેલ.

સુરત શહેરનું પ્રતિનિધિત્વ કરનાર સિટી લીડર્સ:

૧. શ્રી અજય તોમર, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર

૨. શ્રીમતી શાલીની અગ્રવાલ, આઈ.એ.એસ., કમિશનર, સુરત, મહાનગરપાલિકા

૩. શ્રીમતી સ્વાતી દેસાઈ, ડેપ્યુટી કમિશનર અને સી.ઈ.ઓ., સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી.

૪. શ્રી આશિષ દુબે, સિટી ઈજનેર

૫. શ્રી અક્ષય પંડ્યા, એડી. સિટી ઈજનેર

૬. શ્રી ડી.એન બસાક, ઈ.ચા. કાર્યપાલક ઈજનેર

૭. શ્રી સી. વાય. ભટ્ટ

૮. શ્રી રાજેશ પંડ્યા

૯. ડો. ભૈરવી જોશી

૧૦. ફેની મોદી


સાઇકલની ઘંટડી







# <u>સુરત મહાનગર પાલિકા</u>

## <u>પ્રેસનોટ</u>

## સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી ની ઉજવણી

ભારતની આઝાદીના લડવૈયા , સ્વતંત્રતા આંદોલનના મહાનાયક નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતિ ની ઉજવણી નિમિત્તે ગોપીપુરા સુભાષ ચોક ખાતે સુભાષચંદ્ર બોઝની પ્રતિમાની પુષ્પાંજલિ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશ ને આઝાદી અપાવવા મા મહત્વ ની ભૂમિકા અદા કરનાર નેતાજી સુભાષચંદ્ર બોઝ ને જન્મ જયંતિ પ્રસંગે માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશ ભાઈ મોદી , માન.તત્કાલીન ધારાસભ્ય શ્રી વિવેકભાઇ પટેલ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ ,માન.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ , માન.સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, માન.પાણી સમિતિ ના અધ્યક્ષ શ્રી રાકેશભાઈ માળી , માન.ગૃહનિમાણ સમિતિ અધ્યક્ષ શ્રીમતી રેશ્માબેન લાપસીવાલા, માન. જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષ શ્રીમતી રમીલાબેન પટેલ તેમજ મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ , મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.માતૃભૂમિની મુક્તિ માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ બોઝ ના "તુમ મુઝે ખૂન દો , મૈં તુમ્હે આઝાદી દુંગા", આઝાદી અમર રહો જેવા રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

આ પ્રસંગે માન.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે ગોપીપુરા સુભાષ ચોક ખાતે આવેલ ઐતિહાસિક મિલકતો ૧૩૧ વર્ષથી વધુ જુની શેઠ રાયચંદ્ દિપચંદ્ ધર્મશાળાના મકાનની મુલાકાત લીધી હતી.વધુમા સુભાષચંદ્ બોઝ ની સુરત શહેરની મુલાકાત દરમ્યાન ગોપીપુરા સુભાષ ચોક ખાતેના રહીશોએ તેમને સાચા મોતીથી વધાવી તેમને સન્માનિત કર્યા હતા તથા સુભાષચોક ખાતેના રહીશોએ સુભાષચંદ્ બોઝને આપેલ પ્રમાણપત્ર માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલને બતાવ્યુ હતું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૩૪ તા.૨૩/૦૧/૨૦૨૩





અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૪ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૦૧,૬૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૨/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૩/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૦૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં.૫૩૫

તા.૨૩/૦૧/૨૦૨૩

# <u>પ્રેસ નોટ</u>

## <u>લિમ્બાયત ઝોનમાં માર્કેટ વિસ્તારમાં ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ</u>

-

સાઉથ ઈસ્ટ ઝોન (લિમ્બાયત) ના આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.એ.આર.ઓ.શ્રી, સેક્શન ઓફીસરશ્રી, સૂપરવાઈઝરશ્રી તથા આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ વોર્ડ નં ૪૧ એ ,બી,ડી વિસ્તારમાં આવેલ અવધ માર્કેટ , ન્યુ સરદાર, આઈ.ડી શોપીંગ, રૂષભ માર્કેટ , જે.જે માર્કેટ , અશોકા ટાવર , ટી.ટી.ટાવર, શીવશકિતા માર્કેટ , જશ માર્કેટ, સુર્ષ્ટી માર્કેટ, મીલેનીયમ માર્કેટ-૨, રઘુકુળ માર્કેટ, રાધે માર્કેટ, મહાવિર માર્કેટ, અનુપમ માર્કેટ, તથા અભિનંદન માર્કેટ, વિગેરે માર્કેટોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાબા સમય થી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાત ફેલાયો હતો. જેમા **<u>૫૮૨</u>** મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણા કરદાતાઓએ સ્થળ પર જ **<u>રૂ. ૫૨ ,૬૬,000/-</u>** ભરપાઈ કરેલ લિંબાયત ઝોન દ્વારા આજરોજ કુલ **<u>રૂ. ૬૯ ,00,000/-</u>** મિલ્કત વેરા પેટે અને EWS આવાસના હપ્તા પેટે **<u>રૂ. ૧,0૯,0૭૨/-</u>** વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૨૩/૦૧/૨૦૨૩ દિન સુધીમાં લિંબાયત ઝોન દ્વારા **<u>કુલ રૂ. ૧૫૧ કરોડ</u>** ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીગ ની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્ટ એરીયામા બાકીદારો ની મિલ્કતોમાં નળ કનેક્શન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.

આથી જે કરદાતાઓને મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફીસ તથા સિવિક સેંન્ટરોને સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર.૫૩૬
તા.૨૩/૦૧/૨૦૨૩




સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના મે.આસી.મ્યુ.કમિશ્નર શ્રી બી.બી.મોરે સાહેબના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.એ.આર.ઓશ્રી, સેકશન ઓફિસરશ્રી, સુપરવાઈઝરશ્રી તથા આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ રીંગરોડ વિસ્તારમાં આવેલ માર્કેટોમાં વેરા વસુલાતની ઝુંબેશ કામગીરી.

# પ્રેસ નોટ
# નોર્થઝોન(કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ જુદી-જુદી ટી.પી.સ્કીમોનાં રસ્તા/રીઝર્વેશનનાં કબ્જા લેવાની ઝુંબેશનાં ભાગરૂપે આજ તા.૨૩/૦૧/૨૦૨૩ નાં રોજ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૪૯(કતારગામ) માં ડભોલી ચાર રસ્તા પાસે આવેલ વૃંદાવન નગર અને શ્રીજી નગર સોસાયટીની વચ્ચેથી પસાર થતો ૯.૦૦ મી. પહોળાઈ ધરાવતો ટી.પી.રસ્તામા થયેલ વર્ષો જૂના કાચા- પાકા તેમજ લોખંડના દાદર તથા ઓટલાઓ દુર કરી રસ્તો ખુલ્લો કરવામા આવેલ છે. વધુમા સદરહું ૯.૦૦ મી. ની પહોળાઇ ધરાવતા રોડ ઉપર વાણિજય હેતુસર ઉપયોગમાં લેવાતી કુલ ૭૫(પંચોતેર) દુકાનો દ્વારા રસ્તા પર દબાણ થતુ હોય સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ , દબાણ વિભાગના સ્ટાફ , ડે.ઇજનેરશ્રી, ૪૦ જેટલા બેલદાર તેમજ ૦૪(ચાર) ટ્રક અને ૦૨(બે) જે.સી.બી. મશીનરીની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૩૭
તા. ૨૩ - ૦૧ - ૨૦૨૩

તા.૨૩/૦૧/૨૦૨૩

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન - આકારણી અને વસુલાત વિભાગ દ્વારા બેગમપુરાના માર્કેટ વિસ્તારમાં તેમજ મહીધરપુરાના હિરાબજાર વિસ્તારમાં ચાલુ માસમાં છેલ્લા ૨ દિવસમાં મિલકતવેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત ૨૪ મિલકતને સીલ કરવામાં આવેલ. અન્ય મિલકતોમાં વસુલાતની સઘન ઝુંબેશની કાર્યવાહી હાથ ધરતા રૂ. ૪૪.૪૦ લાખ જેટલી રકમના ચેકો તેમજ રૂ. ૧૦.૮૫ લાખનાં એડવાન્સ ચેક ની વસુલાત કરવામાં આવેલ છે.

સદર ઝુંબેશ દરમ્યાન મિલકત વેરો /વ્યવસાય વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ કરેલ છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલકતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૩૮
તા.૨૩/૦૧/૨૦૨૩

અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૦૩,૬૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૩/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૪/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૦૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૩૯

# પ્રેસ નોટ

# લિમ્બાયત ઝોનમાં માર્કેટ વિસ્તારમાં ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ

સાઉથ ઈસ્ટ ઝોન (લિમ્બાયત) ના આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.એ.આર.ઓ.શ્રી , સેક્શન ઓફીસરશ્રી, સૂપરવાઈઝરશ્રી તથા આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ વોર્ડ નં. ૪૧-એ ,બી,સી,ડી વિસ્તારમાં આવેલ ગુડલક માર્કેટ , ગોલવાલા માર્કેટ , મિલેનીયમ માર્કેટ, અભિષેક માર્કેટ , સાગર માર્કેટ , સિલ્ક સીટી માર્કેટ , સુરત ટેક્ષા. માર્કેટ , ૪૫૧ ટેક્ષા. માર્કેટ , સર્વોદય માર્કેટ, સોમેશ્વર માર્કેટ , શિવકૃપા માર્કેટ , ગૌતમ માર્કેટ , જય મહાવીર , અનમોલ, હરીહર માર્કેટ , સિલ્ક પ્લાઝા, રેશમવાલા, અરિંહત માર્કેટ , હીરામોતી માર્કેટ , ટ્રેડ સેન્ટર , શ્રીજી માર્કેટ , સ્વદેશી માર્કેટ , સીટી ટેક્ષા., સાંઈકૃપા માર્કેટ , સાંઈ દર્શન માર્કેટ તથા સુપર ટેક્ષા ટાવર વિગેરે માર્કેટોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાબા સમય થી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાત ફેલાયો હતો. જેમા **૬૧૬** મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણા કરદાતાઓએ સ્થળ પર જ **રૂ. ૪૫ ,00,000/-** ભરપાઈ કરેલ લિંબાયત ઝોન દ્વારા આજરોજ કુલ **રૂ. ૬૫ ,00,000/-** મિલ્કત વેરા પેટે અને EWS આવાસના હપ્તા પેટે **રૂ.૧,30,૫૨૦/-** વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૨૪/૦૧/૨૦૨૩ દિન સુધીમાં લિંબાયત ઝોન દ્વારા **કુલ રૂ. ૧૫૧.૬૩ કરોડ** ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીગ ની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્ટ એરીયામા બાકીદારો ની મિલ્કતોમાં નળ કનેક્શન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.

આથી જે કરદાતાઓને મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફીસ તથા સિવિક સેંન્ટરોને સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર.૫૪૦
તા.૨૪/૦૧/૨૦૨૩





# --:: <u>પ્રેસનોટ</u> ::--

આરોગ્ય અધિકારીશ્રી , ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળ તા. ૨૪/૦૧/૨૦૨૩ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪ અને કલમ - ૬(બી) નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦, **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૨ અને કુલ રુપિયા ૨૪૦૦, **વરાછા – બી** ઝોનમાં કુલ ઇસમો ૦૯ અને કુલ રુપિયા ૧૮૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૨ અને કુલ રુપિયા ૨૪૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૨૫ પાસે કુલ ૨૫૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર
સમાચાર યાદી ન. ૫૪૧
તા. ૨૪/૦૧/૨૦૨૩

# નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી ની અખબારી યાદી

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં તા.૨૪/૦૧/૨૦૨૩ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.

| અ.નં. | ટી.પી.સ્કીમ નં. / ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | પ્રિ.ટી.પી.સ્કીમ નં. ૨૨ (સરથાણા-સીમાડા), આર-૯૧ | અનમોલ પાર્ક સોસાયટી | રીઝર્વેશન પ્લોટમાં બનાવવામાં આવેલ લોખંડની એંગલ સેકશનનું બાંધકામ દુર કરવામાં આવેલ. | |

સુરત મહાનગરપાલિકાના નવો પૂર્વ (સરથાણા) ઝોન-બી માં પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા-સીમાડા) પ્રિલીમનરી ટી.પી. સ્કીમ તરીકે તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ નામદાર સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ. સદર ટી.પી.સ્કીમમા આવેલ રીઝર્વેશન પ્લોટ નં.આર-૯૧ (ઓપન સ્પેસ) માં અનમોલ પાર્ક વિભાગ-૨ સોસાયટીના સભ્યો ધ્વારા સદરહું રીઝર્વેશન પ્લોટમાં હયાત મંદિરને લાગુ લોખંડની એંગલ સેકશનનું બાંધકામ શરૂ કરી સદર રીઝર્વેશન પ્લોટ પચાવી પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ. સદર રીઝર્વેશન પ્લોટમાં કરવામાં આવેલ લોખંડની એંગલ સેકશનનું બાંધકામ આશરે ૧૩૫૦.૦૦ ચો.ફુટ આજ રોજ શહેર વિકાસ સ્ટાફ , ડે.ઈજનેર તેમજ કોન્ટ્રાકટરના માણસો લઈ જઈ બાંધકામ જમીન દોસ્ત કરવામાં આવેલ છે. આ કામગીરી ઝોનના વડાશ્રી જે.એન. વાઘેલાના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૪૨
તા.૨૪/૦૧/૨૦૨૩


BEFORE


AFTER

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

## કતારગામ ઝોનના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાકિય વર્ષ દરમ્યાન રૂપિયા ૧૨૯ કરોડ રૂપિયાની વસુલાત કરાઈ

નોર્થઝોનના ડે. કમિશ્નારશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા કતારગામ (નોર્થઝોન) ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ઝોનના વિવિધ વિસ્તારમાં સઘન ઝુંબેશ તા. ૧૬/૦૧/૨૦૨૩ થી ૨૪/૦૧/૨૦૨૩ સુધીમાં હાથ ધરી વેરા ભરપાઈ નહિ કરનારા કરદાતાઓની આશરે ૧૦૧ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત સ્થળ પર બાકી વેરા પેટે ૭૫ લાખ રૂપિયા વસુલાત કરી તેમજ આશરે ૫૦ લાખ રૂપિયા એડવાન્સર ચેકની વસુલાત કરવામાં આવી. આજદિન સુધીમાં ૬૨% જેટલી રીકવરી કરવામાં આવેલ છે.

હવે પછી (નોર્થ ઝોન) કતારગામનાં આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાત ઝુંબેશ કરી કડક કાર્યવાહી ભાગરૂપે મિલકત સીલ કરવી તેમજ નળ જોડાણ કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ કરેલ છે. જેથી મિલકતના વેરાના બાકી કરદાતાઓને તેઓના બાકી મિલકત વેરાની તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

# પ્રેસ નોટ

-

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન- આકારણી અને વસુલાત વિભાગ (દક્ષિણ) દ્વારા ચૌટાબજાર, નાનપુરા, સલાબતપુરા માર્કેટ વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૨૩ થી તા.૨૪/૦૧/૨૦૨૩ દરમ્યાન મિલકતવેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત ૮૦ મિલકતને સીલ કરવામાં આવેલ. અન્ય મિલકતોમાં વસુલાતની સઘન ઝુંબેશની કાર્યવાહી હાથ ધરતા રૂ.૪૯,૭૪,૩૧૦/- લાખ જેટલી રકમ તેમજ રૂ.૮ ,૭૫,૩૩૧/- લાખનાં એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે.

સદર ઝુંબેશ દરમ્યાન મિલકત વેરો/વ્યવસાય વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ કરેલ છે. જેથી મિલકતનાં બાકીદારોએ તેઓનો બાકી મિલકતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**
**સમાચાર યાદી નં.૫૪૪**
**તા.૨૫/૦૧/૨૦૨૩**

# <u>પ્રેસ નોટ</u>

-

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન- આકારણી અને વસુલાત વિભાગ (દક્ષિણ) દ્વારા ચૌટાબજાર, નાનપુરા, સલાબતપુરા માર્કેટ વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૨૩ થી તા.૨૪/૦૧/૨૦૨૩ દરમ્યાન મિલકતવેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત ૮૦ મિલકતને સીલ કરવામાં આવેલ. અન્ય મિલકતોમાં વસુલાતની સઘન ઝુંબેશની કાર્યવાહી હાથ ધરતા રૂ.૪૯,૭૪,૩૧૦/- લાખ જેટલી રકમ તેમજ રૂ.૮ ,૭૫,૩૩૧/- લાખનાં એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે.

સદર ઝુંબેશ દરમ્યાન મિલકત વેરો/વ્યવસાય વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ કરેલ છે. જેથી મિલકતનાં બાકીદારોએ તેઓનો બાકી મિલકતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**
**સમાચાર યાદી નં.૫૪૪**
**તા.૨૫/૦૧/૨૦૨૩**

# પ્રેસનોટ

આજરોજ ૧૩ મો **"રાષ્ટ્રીય મતદાતા દિવસ"** **તારીખ ૨૫મી જાન્યુઆરીની કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા ઉજવણીના ભાગરૂપે** સુરત મહાનગરપાલિકામાં માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા તથા માન.કમિશ્નરશ્રીમતી શાલિનીબેન અગ્રવાલની ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ દ્વારા **"મતદાન થી વિશેષ કંઇ નથી , હું મતદાન અવશ્ય કરીશ"** ની થીમ સાથે મતદાન જાગૃતિ બાબતે શપથ લેવામાં આવ્યા હતા.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી ન. ૫૪૬**
**તા. ૨૫/૦૧/૨૦૨૩**


રૂમ. નં. ૧૪, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત-૩
14



# સુરત મહાનગરપાલિકા

## સાઉથ-વેસ્ટ (અઠવા)

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ- ૨૦૨૨-૨૩ ના મિલ્કત વેરાના બાકી લેણાંની ઘનિષ્ઠ વસુલાત માટે અઠવા ઝોનના વોર્ડ નં. ૩૩એ (અલથાણ) વિસ્તારમાં આવેલ અમોલ ઇન્ડસ્ટ્રીઝ, શાયોના પાર્ક, અલથાણ આર્કેડ, એટલાન્ટા શોપીંગ સેન્ટર વિગેરે તથા વોર્ડ નં. ૮૨એ (ભરથાણા) વિસ્તારમાં આવેલ માર્શેલો બિઝનેશ હબ , ઓફેરા વિગેરે તથા વોર્ડ નં. ૮૩એ (વેસુ) વિસ્તારમાં આવેલ શિવ કાર્તિક કોમ્પલેક્ષ , હેપ્પી હોલ માર્ક્સ , મારવેલા બિઝનેસ હબ , ફોર પોઇન્ટ , જે નાઇન , રીંગા સ્ટ્રીટ , બી એન્ડ બી તેમજ વોર્ડ નં. ૩૨એ (મજુરા) વિસ્તારમાં આવેલ એસ.કે. ઇન્ડસ્ટ્રીઝ, બાલાજી ઇન્ડસ્ટ્રીઝ, જલારામ ઇન્ડસ્ટ્રીઝ, રાધા ક્રિષ્ના ઇન્ડસ્ટ્રીઝ , અંબીકા ઇન્ડસ્ટ્રીઝ- ૦૨ , સ્વામી ઇન્ડસ્ટ્રીઝ , નવસર્જન, ગણેશ ઇન્ડસ્ટ્રીઝ વિગેરે મિલ્કતો સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા તા.૨૪/૦૧/૨૦૨૩ અને તા.૨૫/૦૧/૨૦૨૩ આમ , કુલ બે દિવસમાં રૂપિયા ૨૭ ,૯૬,૫૦૧/- તેમજ એડવાન્સ ચેકના રૂપિયા ૪૨,૯૬,૭૫૭/- આમ, બંન્ને મળી કુલ રૂપિયા ૭૦ ,૯૩,૨૫૮/- (અંકે રૂપિયા સિત્તેર લાખ ત્રાણું હજાર બસો અઠ્ઠાવન) જેટલા મિલ્કતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૪૭
તા.૨૫/૦૧/૨૦૨૩

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન 26 જાન્યુઆરી 2023 ની ઉધના ઝોન બી માં ભવ્ય ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન 26 જાન્યુઆરી 2023 ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તારીખ 26/ 01 /2023 ના રોજ સવારે 10:00 કલાકે ઉધના ઝોન બી, કનકપુર ,સુડા સેક્ટર , વાંઝ ચાર રસ્તા પાસે નવસારી રોડ , સચીન સુરત ખાતે ધ્વજવંદન કાર્યક્રમ સન્માન સમારોહ અને દેશભક્તિ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક પર્વની સુવર્ણમય સવારે ઉધના ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ બેન્ડની શું મધુર ધૂન અને નાણા સાથે પ્રભાતફેરી સ્વરૂપે ધ્વજ વંદન સમારોહમાં જોડાયા હતા. રાષ્ટ્ર ભક્તિ સભર વાતાવરણમાં માન્ય મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા એ ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન બાન અને શાન સમા તિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.

માન્યા મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા એ નગરજનોને રાષ્ટ્રીય પર્વની શુભકામના પાઠવી 26 જાન્યુઆરી 1950 ના રોજ આપણા બંધારણના અમલનો દિવસ એટલે પ્રજાસત્તાક દિન ને ભારતના સંવિધાન અસ્તિત્વમાં આવ્યા ની સવિસ્તાર માહિતી આપી હતી.

રાષ્ટ્રની આઝાદીમાં ફાળો આપનાર આપણા રાષ્ટ્રના મહાન પુરુષોને યાદ કરી તેઓના સંઘર્ષના ફળ સ્વરૂપે આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. પ્રજાસત્તાક દિનની ઉજવણી એ ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ ભારત દેશની આઝાદી માટે યોગદાન બલિદાન આપનાર તમામ પુણ્યત્માઓને અને શહીદોને સલામી અને શ્રદ્ધાંજલિ આપી સુરત શહેર સદાય સર્વાંગી વિકાસમાં અગ્રેસર રહેવાની સંકલ્પબધ્ધતા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રના મજબૂત અને ઝડપી વિકાસમાં સુરત શહેર આગે કુછ કરી રહિયાનું જણાવી શહેરના છેવાડાના નાગરિક સુધી પાયાની મારખાકીય અનેક સુવિધાઓને પહોંચાડવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના અનુદાનો તેમજ સ્થાનિક ભંડારોના નાણાઓમાંથી પ્રજાલક્ષી પ્રકલ્પોનું તબક્કાવાર અમલી વાર કરવા પ્રતિબંધતા વ્યક્ત કરી હતી. સુરત મહાનગરપાલિકા સરકારશ્રીની વિવિધ યોજનાઓને સહકારીટ કરી દેશમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહેવા પર ભાર મૂક્યો હતો.

ત્યારબાદ માન. મેયરશ્રી અને કમિશનર શ્રી દ્વારા પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષ ઉલ્લાસ સાથે ત્રિરંગી ફુગ્ગાઓ ગગનમાં વિહરતા કર્યા હતા.

સુરત શહેરની હદ વિસ્તારમાં રહેતા નાગરિકો માં જેમણે સ્પોટ ક્ષેત્રે નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ હોય તેવા તમામ વિજેતાઓને અને વિવિધ સ્પર્ધા

ના વિજેતાઓને પદાધિકારી શ્રી ઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દેશભક્તિ ગીતો પર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી**

**નં.548, તા.,૨૫/૦૧/૨૦૨૩**











## **<u>પ્રેસનોટ</u>**

**વિષય :- મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા .૩૦/૦૧/૨૦૨૩ના રોજ પુષ્પાંજલિ, ભજન અને શહીદ વીરોની સ્મૃતિમાં મૌન પાળવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૮ .૩૦ કલાકે ગાંધીબાગ , ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે . સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને ગાંધી પ્રેમી નગરજનો સવારે પૂજય ગાંધી બાપૂની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ બાદ ભજન રજુ કરવામાં આવશે. વધુમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી , મુગલીસરા ખાતે તા.૩૦/૦૧/૨૦૨૩ના રોજ સવારે ૧૦ .૫૯ કલાકે સાયરન વગાડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવશે. ઉપરોકત બન્ને કાર્યક્રમમાં સહભાગી થવા નિમંત્રણ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચારયાદી નં.૫૪૯
તા. ૨૭/૦૧/૨૦૨૩

**પ્રેસનોટ**

સ્મીમેર હોસ્પિટલ ખાતે ખાસ સાફ-સફાઈના ઝુંબેશના ભાગરૂપે અંદાજીત કુલ ૩ ,૦૦,૦૦૦ નાગરિકોનું ચેકીંગ કરી, અંદાજીત કુલ ૪૦ કિ.ગ્રા. જેટલો બીડી, સીગારેટ, પાન મસાલા અને ગુટખાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત મ્યુનિ.ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) સને ૨૦૦૦ થી શરૂ કરવામાં આવેલ છે. જાન્યુઆરી-૨૦૨૩માં આશરે ૫૦ ,૭૬૫ દર્દીઓની ઓ.પી.ડી., ૪,૧૭૦ ઈન્ડોર પેશન્ટ , ૪૯૮ ડીલીવરી અને ૧૮૮ સિઝેરીયન ૮ીકહકલ કરવામાં આવેલ છે. શ્રીજે.એન.વાઘેલા, આઇ.એ.એસ., ડે.કમિશ્નરશ્રી (ડેપ્યુ.), સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્મીમેર હોસ્પિટલમાં જુદા-જુદા વિભાગોની મુલાકાત દરમ્યાન નિયમિત ધોરણે સાફ સફાઇ થતી ન હોય તેમજ જયાં સાફ સફાઇ થતી હોય ત્યાં પાનની પીચકારી , પાન મસાલાના પડીકા વિગેરે જેવો કચરો જોવા મળતા , ખાસ સાફ-સફાઇ ઝુંબેશના ભાગરૂપે હોસ્પિટલના તમામ મુખ્ય ગેઈટ પર માર્શલ અને સીકયુરીટી ગાર્ડ મારફત અંદાજીત કુલ ૩ ,૦૦,૦૦૦ નાગરિકોનું ચેકીંગ કરવામાં આવેલ. ઉપરોકત રેગ્યુલર ચેકીંગ દરમ્યાન અંદાજીત કુલ ૪૦ કિ.ગ્રા. જેટલો બીડી, સીગારેટ, પાન મસાલા અને ગુટખાનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે અને જેનો નાશ કરવામાં આવશે તેમજ ભવિષ્યમાં પણ આ પ્રમાણેની ડ્રાઈવ ચાલુ રહેશે.

સ્મીમેર હોસ્પિટલની દરરોજની ૧૦ ,૦૦૦ થી ૧૫ ,૦૦૦ વ્યકિતઓની અવર જવરને ધ્યાને રાખી નિયમિત અને રોજીંદી સાફ સફાઇ જળવાઇ રહે તે માટે પણ દર્દીઓ અને તેઓના સગા-સંબંધીઓને ખાસ સફાઇ અને સ્વચ્છતા રાખવા અનુરોધ પણ કર્યો છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૫૫૦**
**તા.૨૭/૦૧/૨૦૨૩**



# અખબાર યાદી
## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા
## સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૫ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૧૦ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૦૮,૬૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૬/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૭/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૬૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૫૫૧
તા.૨૭/૦૧/૨૦૨૩

## સાઉથ ઈસ્ટ ઝોન: ડીંડોલી ગ્રીન વેલી રોડ ડીવાઈડર




Before




After

## સાઉથ વેસ્ટ ઝોન: ડુમસ રોડ ડીવાઈડર



Before



After

# સુરત મહાનગરપાલિકા

## : પ્રેસનોટ :

### માન. મ્યુ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલની સ્મીમેર હોસ્પિટલની મુલાકાત દરમ્યાન હોસ્પિટલની કામગીરીનું નિરીક્ષણ તથા જરૂરી સુચનો કરવામાં આવ્યા

આજરોજ માન. કમિશનરશ્રીમતી શાલિની અગ્રવાલે સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) ,ના જુદા-જુદા વિભાગો પૈકી ઈમરજન્સી વિભાગ (તાત્કાલિક વિભાગ), DSA વિભાગ (ઇન્ટરવેન્શલ રેડીયોલોજી), હોસ્પિટલ કેન્ટીન, લેબર રૂમ, OBS ICU, NICU, MILK BANK, PEADATRIC WARD, ANC-PNC WARD, FEMALE SURGICAL WARD, ART CENTER તથા PMJAY કીઓસ્કની મુલાકાત લીધી હતી.

ઉકત મુલાકાત દરમ્યાન સૌ પ્રથમ ઈમરજન્સી વિભાગ (તાત્કાલિક વિભાગ) ખાતે ઈમરજન્સી ICU અને કોવિડ ટ્રાએજ વિભાગમાં દરેક મશીનરી જેમ કે , વેન્ટીલેટર, મોનીટર, સકશન મશીન બાબતે માહિતગાર કરેલ. ત્યારબાદ ઈમરજન્સી વિભાગમાં આવેલ DSA વિભાગ (ઇન્ટરવેન્શલ રેડીયોલોજી) જે સાઉથ ગુજરાત ખાતે માત્ર સ્મીમેર હોસ્પિટલમાં જ કાર્યરત હોય , તેમાં થતી પ્રોસીઝરોની ત્યાંના ફેકલ્ટી પાસેથી જાણી , વધુમાં વધુ દર્દીઓ આ સારવારનો લાભ લઇ શકે તે અંગે ઘટતુ કરવા સુચનાઓ આપી હતી.

ઈમરજન્સી વિભાગ બાદ કેન્ટીનની મુલાકાત લઇ કેન્ટીનમાં રાખવામાં આવતી સ્વચ્છતા તથા દર્દીઓને આપવામાં આવતા ભોજન તથા તેના આનુસાંગિક માહિતી મેળવી હતી તથા કેન્ટીનમાં ભોજન લઇ રહેલ દર્દીઓના સગાસબંધીઓ સાથે વાતચીત કરી સ્મીમેર હોસ્પિટલ ખાતે આપવામાં આવતી સેવાઓ અને સુવિધાઓ બાબતે માહિતી મેળવી હતી. વધુમાં ઉપલબ્ધ દર્દીઓના પરિવારજનો પણ સ્મીમેર હોસ્પિટલ ખાતે મળતી સુવિધાઓથી પ્રભાવિત થયા હતા.

લેબર રૂમ તથા OBS ICU ની મુલાકાત દરમ્યાન દર્દીઓ પાસે સારવાર અંગેની માહિતી મેળવી અને હાજર ફેકલ્ટી પાસે વધુમાં વધુ દર્દીઓને સારવાર આપી શકાય તે અંગે ઘટતુ કરવા સુચના આપી હતી. તેમજ મહિલાઓમાં થતા બ્રેસ્ટ કેન્સર તથા સર્વાઇકલ કેન્સર જેવા ગંભીર રોગોની જનજાગૃતિ માટે કેમ્પનું આયોજન કરવા ફેકલ્ટીને સુચના આપી હતી. સદર કેમ્પમાં ૨ લાખ મહિલાઓનો સમાવેશ કરવા સુચવ્યું હતું.

NICU ખાતે આવેલ પ્રોજેકટ યશોદા અંતગર્ત હયુમન મિલ્ક બેન્કની મુલાકાત કરી વધુમાં વધુ દુધ ભેગું કરી જરૂરિયાત મંદોને સુવિધા પુરી પાડવા સુચનાઓ આપી હતી. તેમજ પ્રસુતાઓની સારસંભાળ તથા નવજાત શિશુઓની વિશેષ તકેદારી રાખવાં બાબતની માહિતી મેળવી પ્રોત્સાહક સુચનો કર્યા હતા.

ART CENTER ખાતે દર્દીઓની સારવાર માટે કામગીરીની સમીક્ષા કરી હતી. PMJAY કીઓસ્ક ખાતે વધુને વધુ દર્દીઓ PMJAY યોજના અંતર્ગત આવરી લેવામાં આવે તે અંગે સુચન કરેલ. તેમજ સ્મીમેર કેમ્પસ / હોસ્પિટલની સાફ-સફાઇ બાબતે દર્દીઓને બેસવાની વ્યવસ્થા તથા ડૉકટર-સ્ટાફ-દર્દીઓની પાર્કીગની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ.

વધુમાં, હોસ્પિટલના રાઉન્ડ બાદ કોલેજ કાઉન્સીલ હોલ ખાતે મીટીંગ કરી હોસ્પિટલના જુદા-જુદા વિભાગોની કાગમીરીનું પ્રેઝન્ટેશન નિહાળી વધુને વધુ દર્દીઓને સારવાર આપી શકાય તે માટે ચર્ચા-વિચારણા કરી હતી.

ઉકત મુલાકાત દરમ્યાન માન.કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ , આઇ.એ.એસ. મેડમ સાથે શ્રી જે. એન. વાઘેલા, આઇ.એ.એસ., ડે.કમિશ્નરશ્રી (ડેપ્યુ.), ડો. આશિષ નાયક, ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.), શ્રી કામિની દોશી, ઇ.ચા.એડી.સીટી ઇજનેરશ્રી (પી.આઇ.સેલ), ડો. દિપક હોવાળે, ડીનશ્રી, ડો. જીતેન્દ્ર દર્શન, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તેમજ હોસ્પિટલના અન્ય અધિકારીશ્રીઓ હાજર રહતા હતા.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**
**સમાચાર યાદી નં.૫૫૨**
**તા. ૨૭/૦૧/૨૦૨૩**


Coca-Cola




SURAT MUNICIPAL
CORPORATION
SURAT MUNICIPAL INSTITUTE OF
MEDICAL EDUCATION & RESEARCH





## <u>પ્રેસનોટ</u>

## "મહાત્મા ગાંધી નિર્વાણદિન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે યોજાયેલ પુષ્પાંજલિ, ભજન અને શહીદ વીરોની સ્મૃતિમાં મૌન પાળવા બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ , ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા , ડે.મેયરશ્રી દિનેશભાઇ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલ , મ્યુનિસિપલ કમિશનરશ્રી શાલિની અગ્રવાલ(આઇ.એ.એસ.), શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઇ પટેલ , વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ સહ વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા. મહાત્મા ગાંધીજીને પ્રિય એવા "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" જેવા ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તથા શહીદો પ્રત્યે શ્રધ્ધા-સન્માનની ભાવના જાગૃત કરવાના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના હેડ કવાર્ટસ તથા તમામ ઝોનમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સાયરન વગાડી સવારે ૧૧:૦૦ કલાકથી ૨ મિનિટ સુધી મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ૠણ અદા કરવામાં આવ્યુ હતું.

સમાચાર યાદી નં. ૫૫૩ ,
તા.૩૦/૦૧/૨૦૨૩, જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર




सत्य
अहिंसा


सत्य
अहिंसा





અખબાર યાદી

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૫ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૮ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૧૧,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૯/૦૧/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૩૦/૦૧/૨૩ દરમ્યાન ૨ ,૮૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૫૫૪

ઈસ્ટ-બ ઝોન: યોગી ચોકથી બાપા સીતારામ ચોક રોડ ડીવાઈડર



Before



After

સાઉથ ઈસ્ટ ઝોન: રામી પાર્કથી તળાવ રોડ ડીવાઈડર



Before



After

# નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી ની અખબારી યાદી

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં તા.૩૦/૦૧/૨૦૨૩ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ મેળવવામાં આવેલ કબ્જા બાબત.

| અ.નં. | ટી.પી.સ્કીમ નં. / ફા.પ્લોટ નં. | સ્થળ | કબ્જાની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪(કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં), આર-૪૧ (સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર) | ૯૦.૦૦ મી.ના આઉટર રીંગરોડ અને ૪૫.૦૦ મી. ના દુખીયા દરબાર રોડના જંકશન ઉપર | આર-૪૧ (સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર) રીઝર્વેશન પ્લોટનો આશરે ૫૨૭૬ ચો.મી. જેટલી જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. | |
| ૨ | ટી.પી.સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ - કોસાડ) , બ્લોક નં. ૧૬૦, ઓ.પી.નં. ૪૨, ફા.પ્લોટ નં. ૪૫ | એમ્પોરીસ ગેલેકસી, ઉત્રાણ | ૨ (બે) બિલ્ડીંગની વચ્ચે મંજુર પ્લાનમાં દર્શાવેલ રસ્તા પૈકીની જગ્યામાં ગાર્ડન તથા ગઝેબોનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. | |

સુરત મહાનગરપાલિકાના નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી માં ટી.પી.સ્કીમ નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં) માં આવેલ આર-
૪૧ (સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર) રીઝર્વેશન પ્લોટનો આશરે ૫૨૭૬ ચો.મી.જેટલી જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે.

સદરહું ટી.પી.સ્કીમ હાલ ડ્રાફ્ટ તબકકે હોવા છતાં સુરત મહાનગરપાલિકાને માતબર ક્ષેત્રફળનો રીઝર્વેશન પ્લોટ પ્રાપ્ત થયેલ છે, જે નોંધનીય બાબત છે. સદરહું પ્લોટના કબ્જા માટે છેલ્લા એક માસ જેટલા સમયથી સંબંધિત જમીનમાલિકો સાથે વાટાઘાટો હાથ ધરવામાં આવેલ જેના સફળ પરીણામ સ્વરૂપે સદરહું પ્લોટનો કબ્જો આજરોજ મેળવવામાં આવેલ છે. આમ આઉટર રીંગ રોડની ટી.પી.સ્કીમોમાં રીઝર્વેશન
પ્લોટ પ્રાપ્ત થવાની શરૂઆત થતા જનતાને સામાજીક હેતુ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે અને સમગ્ર ટી.પી.સ્કીમના સંકલીત વિકાસને વેગ પૂરો પાડી શકાશે. સદરહું પ્લોટને ફેન્સીંગ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે.

વધુમાં ટી.પી.સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ-
સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ઝોનલ ચીફ અને ઓ.એસ.ડી.શ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના ૦૧ ડે.ઇજનેર, શહેર વિકાસ વિભાગના ૦૨ જુની./આસી ઇજનેર ,૦૧ સુપરવાઇઝર તેમજ ૧૨ જેટલા બેલદારો, સીક્યુરીટી સ્ટાફ તથા એસ.આર.પી. સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

આજરોજ  માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાજી દ્વારા બજેટ સત્ર દરમિયાન ઉક્ત રૂલીંગ કરવામાં આવ્યું છે

અત્રે પ્રેક્ષક ગેલેરીના હાજર મુલાકાતી દ્વારા બજેટની અગત્યની ચર્ચા દરમ્યાન શબ્દોચ્ચાર કરી સભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડેલ છે અને શાંતિનો ભંગ કરી સભાની ગરિમા જાળવેલ નથી. સિક્યુરિટી ઓફિસર દ્વારા આવા મુલાકાતીનો રેકર્ડ વેરીફાઈ કરી હવે પછી આવા મુલાકાતીને સુરત મહાનગરપાલિકાની કોઈપણ સભામાં પ્રેક્ષક ગેલેરીમાં પ્રેક્ષક તરીકે  પ્રવેશ ન આપવાનું આથી અત્રે જાહેર કરું છું.

પ્રેસનોટ
ગાર્ડન ખાતુ
સુરત મહાનગરપાલિકા
સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૫ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૬ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૪૪,૨૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૫/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૬/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૪૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૫૮૮

પ્રેસનોટ
ગાર્ડન ખાતુ
સુરત મહાનગરપાલિકા
સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૭ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૪૬,૬૫૦ ચ.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૬/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૧૭/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૦૦૦ ચ.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૫૮૯

# પ્રેસ નોટ

## નોર્થઝોન(કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ જુદી-જુદી ટી.પી.સ્કીમોનાં રસ્તા/રીઝર્વેશનનાં કબ્જા લેવાની ઝુંબેશનાં ભાગરૂપે આજ તા.૧૬/૦૨/૨૦૨૩ નાં રોજ ફા.ટી.પી.સ્કીમ નં.૧૯(કતારગામ) માં વડલા સર્કલ થી આંબા તલાવડી તરફ જતો ૩૮.૦૦ મી. પહોળાઈ ધરાવતા ટી.પી.રસ્તામા ઝૂંપડપટ્ટી નાં રહેવાસીઓ દ્વારા કરવામાં આવેલ બિનઅધિકુત કાચા- પાકા આશરે ૩૦ ઝૂંપડા તથા ઓટલાઓ દુર કરી અંદાજીત ૩૧૦૦.૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામા આવેલ છે. જેનાથી સદરહું રસ્તા પરથી અવર જવર કરનાર જાહેર જનતાને ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ, ડે.ઇજનેરશ્રી, ૨૫ જેટલા બેલદાર તેમજ ૦૬(છ) ટ્રક અને ૦૩(ત્રણ) જે.સી.બી. મશીનરીની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

પ્રેસનોટ
ગાર્ડન ખાતુ
સુરત મહાનગરપાલિકા
સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૫ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૪૮,૬૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૧૯/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૦/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૨૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં.૫૯૧

પ્રેસનોટ

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૨ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૭ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૫૦,૮૫૦ ચો.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૦/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૧/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૦૦૦ ચો.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૫૯૨

# <u>પ્રેસનોટ</u> ::--

આરોગ્ય અધિકારીશ્રી , ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળ તા. ૨૧ /૦૨/૨૦૨૩ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪ અને કલમ - ૬(બી) નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૨ અને કુલ રુપિયા ૨૪૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૨ અને કુલ રુપિયા ૨૪૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૧ અને કુલ રુપિયા ૫૮૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૪૪૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૫૨ પાસે કુલ ૩૩૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર
સમાચાર યાદી ન. ૫૯૩
તા. ૨૧/૦૨/૨૦૨૩

પ્રેસનોટ

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૯ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૫૨,૮૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૧/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૨/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૨૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૬ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૫૫,૦૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૨/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૩/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૭૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.



## <u>પ્રેસનોટ</u>

-

સ્વચ્છતા સર્વેક્ષણ - ૨૦૨૩ અન્વયે સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન - એ (ઉધના) માં જુદી જુદી કેટેગરી જેવી કે હોસ્પિટલ , સ્કૂલ, હોટેલ-રેસ્ટોરન્ટ, હાઉસીંગ સોસાયટી, ગર્વમેન્ટ ઓફીસ, માર્કેટ અસોશીએશન તેમજ સફાઈ કામદારોની સ્વચ્છતા સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં સાઉથ ઝોન-એ (ઉધના) ની જુદી જુદી કેટેગરીની સંસ્થાઓએ ભાગ લીધેલ. જે પૈકી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર , બીજો ક્રમાંક પ્રાપ્ત કરનાર તથા તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર સંસ્થાઓને આજ રોજ તા. ૨૩/૦૨/૨૦૨૩ ના રોજ સા. ઝોન-એ (ઉધના) ના મીટીંગ હોલ ખાતે સન્માન સમારોહ રાખવામાં આવેલ. ઝોનલ ચીફશ્રી ડી.સી.ભગવાગર, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. અર્પિત દૂધવાલા તથા આસી. આરોગ્ય અધિકારીશ્રી ડો. દિનેશ પટેલ ના હસ્તે વિજેતા સંસ્થાઓના પ્રતિનીધિઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવેલ.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૯૬

ફા.ટી.પી.સ્કીમ નં.૮૪(કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં), બ્લોક નં.૬૦૦, ફા.
પ્લોટ નં.૨૦૬, દુ:ખીયા દરબાર રોડ ઉપર માધવ ફાર્મ પાસે





નવોપૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં તા. ૨૩/૦૨/૨૦૨૩નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ કબ્જાની વિગત

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશન વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪(કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં), બ્લોક નં.૬૦૦, ફા. પ્લોટ નં.૨૦૬ | દુ:ખીયા દરબાર રોડ ઉપર માધવ ફાર્મ પાસે | ૪૫.૦૦ મી. ટી.પી.રસ્તાની અસરમાં આવતી અંદાજે ૬૦૦.૦૦ ચો.મી. જગ્યાનો કબ્જો લેવામાં આવેલ છે. | |
| ૨ | મોજે : સીમાડા, બ્લોક નં. ૧૧૫ | સરથાણા પોલીસ સ્ટેશનથી કેનાલ રોડ સુધી | ૩૦.૦૦ મી. ડીપી રસ્તાની અસરમાં આવતા તબેલા તથા ટેમ્પરરી સ્ટ્રકચરને દૂર કરી અંદાજે ૧૦૦૦.૦૦ ચો.મી. રસ્તા પૈકીની જગ્યાનો કબ્જો લેવામાં આવેલ છે. | |

સુરત મહાનગરપાલિકાના મે.કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, IAS દ્વારા ટી.પી.સ્કીમોના અમલીકરણ અન્વયે સુરત શહેરના તમામ ઝોન વિસ્તારમાં ટ્રાફિકને નડતરરૂપ બોટલનેક દુર કરવાના તેમજ ટી.પી.રસ્તાઓ ખુલ્લા કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવેલ છે.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪(કોસાડ-ભરથાણા કોસાડ મોટાવરાછા-અબ્રામાં) માં આજરોજ કબ્રસ્તાનથી ગોથાણ ગામ તરફ જતા ૪૫.૦૦ મી. પહોળા રસ્તા પૈકી બ્લોક નં.૬૦૦ , મુળ પ્લોટ નં.૨૦૬ માં આશરે ૧૦૦.૦૦ મી. લંબાઈમાં ૬૦૦.૦૦ ચો.મી. જેટલી ટી.પી.રોડની જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. આ જગ્યાએ પાકો ડામર રસ્તો બનાવવાની કામગીરી પણ ટુંક સમયમાં શરૂ કરી દેવામાં આવનાર છે.

વધુમાં મોજે : સીમાડા , બ્લોક નં.૧૧૫ માંથી પસાર થતો ૩૦.૦૦ મી. ડીપી રસ્તાની અસરમાં આવતા તબેલા તથા ટેમ્પરરી સ્ટ્રકચરને દૂર કરી અંદાજે ૧૦૦૦.૦૦ ચો.મી. રસ્તા પૈકીની જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. અને સદર જગ્યામાં ઘણાં સમયથી સ્થાનિક લોકો તથા રાજકીય આગેવાનો દ્વારા કબ્જો મેળવી રસ્તો બનાવવા આૅનલાઈન/ટેલિફોનીક તેમજ લેખિત રજુઆતો આવતી હતી. સદરહું રસ્તો ડી.પી. મુજબનો હોય સ્થળ સ્થિતિ મુજબ ઉપલબ્ધ કબ્જા હેઠળના રસ્તા બનાવવાની કામગીરી ચાલુ હતી. આજરોજ બોટલનેક થતા કેનાલ જંકશન પાસેના રસ્તાનો કબ્જો પણ મેળવવામાં આવેલ છે. આમ ચાલુ રસ્તાની કામગીરીની સાથો સાથે કબ્જો મેળવેલ રસ્તા પૈકીના ભાગમાં પણ પાકો રસ્તો બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આમ ઘણાં લાંબા સમયની ફરીયાદોનું હવે નિરાકરણ થઈ શકશે.

સમગ્ર કામગીરી અત્રેના શહેર વિકાસ વિભાગ સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી જે.એન. વાઘેલા, IAS ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુ.મ.પા.નાં ખેલકુદ કૌશલ્ય કાર્યક્રમ અંતર્ગત કુસ્તીની સ્પર્ધાઓ યોજાઈ

મ્યુનિસિપલ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રમતગમતનું સ્તર સુધારવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સહયોગથી શરૂ કરવામાં આવેલ સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં કોચીસ દ્વારા મ્યુનિસિપલ શાળાઓમાં તાજેતરમાં કુસ્તીની રમતની સઘન તાલીમ આપવામાં આવેલ અને આ વિદ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળે તે માટે મ્યુનિસિપલ સ્કુલોની ટીમ બનાવી, તા.૨૪/૦૨/૨૦૨૩નાં રોજ ઈનડોર સ્ટેડિયમ ખાતે કુસ્તીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાઈઓ અને બહેનોની કેટેગરીમાં કુલ ૧૦૩ વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ હતો અને કુલ ૮૯ મેચ રમાડવામાં આવી હતી. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ દ્વારા ખેલદિલીપૂર્વક હરીફ ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને આગળ વધારતા, આગામી દિવસોમાં મ્યુનિસિપલ સ્કૂલોના વિદ્યાર્થીઓને ચેસની રમતની તાલીમ આપી, સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૯૮

પ્રેસનોટ

ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા

સમગ્ર શહેરમાં સંકલિત બાગબાની કામગીરીથી પર્યાવરણ જાળવણી

માન. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં પર્યાવરણ બ્યુટીફીકેશન હેતુસર વિવિધ પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જે પ્લાન્ટેશનની જાળવણી માટે નિંદામણ , ગોડકામ સફાઈ વિગેરે કામગીરી નિયમિત પ્રકારે કરવી જરૂરી છે. જેથી તા.૨૮/૧૧/૨૨ ના રોજથી શહેર વિસ્તારના તમામ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં નિંદામણ, ગોડકામ, સફાઈ વિગેરે કામગીરી એક સામુહિક કેમ્પેઈન રૂપે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગાર્ડન ખાતાની ખાતાકીય ૩ ટીમો અને ઈજારાથી સોંપેલ બી.આર.ટી.એસ. રૂટમાં ૮ ટીમો કાર્યરત છે. જેમના દ્વારા ઘનિષ્ઠ પ્રકારે તમામ રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટોમાં અંદાજીત ૨,૫૭,૭૫૦ ર.મી. વિસ્તારમાં તમામ બાગબાની નિભાવ કામગીરી તા.૨૩/૦૨/૨૩ સુધીમાં પૂર્ણ કરેલ છે તેમજ તા.૨૪/૦૨/૨૩ દરમ્યાન ૨ ,૮૦૦ ર.મી. બાગબાની નિભાવ કામગીરી પૂર્ણ કરેલ છે બાકીના રોડ ડિવાઈડર અને બી.આર.ટી.એસ. રૂટમાં કામગીરી પ્રગતિમાં છે. જેની જાહેર જનતાને જાણ થવા સારૂ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૫૯૯

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાથીપગા રોગ નિર્મૂલન કાર્યક્રમ **( Post Transmission Survey)**નું તા.૨૭/૦૨/૨૦૨૩ દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું.

હાથીપગો મચ્છર કરડવાથી થતો રોગ છે જે વુચેરિયા બેનક્રોફટી નામના કૃમિથી થાય છે આ રોગથી સામાન્યતઃ દર્દીનું મૃત્યુ થતુ નથી પરંતુ દર્દીની જીવનભરની ખુશાલી છીનવાઇ જાય છે કયારેક દર્દી કાયમ માટે અપંગ બની જાય છે આ રોગના જંતુઓ મનુષ્યના લોહીમાં રહે છે અને ઘણા વર્ષો બાદ રોગના ચિહનો દેખાય છે એકવાર હાથીપગાનો રોગ લાગુ પડી ગયા બાદ તેને મટાડવાનો કોઇજ ઇલાજ નથી પરન્તુ મનુષ્યના લોહીમાં આવા કૃમિ માલુમ પડે તો તેને દવા આપી હાથીપગાના દર્દી બનતા અટકાવી શકાય છે જે અંર્તગત સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા સને ૨૦૦૪ થી ૨૦૧૫ દરમ્યાન વર્ષમાં એકવાર (એમડીએ)માસ ડ્રગ એડમીનીટ્રેશન કાર્યક્રમ હેઠળ તમામ શહેરીજનોને હાથીપગાની ગોળી ગળાવવાનું આયોજન કરાવવામાં આવેલ હતું. ધજફ ધ્વારા સુરત મહાનગરપાલિકાને હાથી પગા મુકત શહેર જાહેર કરવા માટે ધજફ ની ગાઇડ લાઇન મુજબ સને ૨૦૧૫ બાદ જન્મેલા બાળકોમાં હાથીપગા રોગના જંતુ છે કે નહી તેની જાણકારી મેળવવા ધોરણ-૧ અને ૨માં અભ્યાસ કરતા બાળકોના સેમ્પલ લેવા માટે તબકઢયલયયલયયય કાર્યક્રમનું આયોજન કરી કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.તબકઢધની કામગીરી બાદ સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ ૫ થી ૯ વર્ષના બાળકોના લોહીના નમૂનાની તપાસ કરવાની હોય છે.તે માટે નાઇટ સર્વે દ્વારા લોહીના નમૂના એકત્ર કરવા માટેનું આયોજન કરવામાં આવેલ હતું.ગાઇડલાઇન અનુસાર ૪ (ચાર) ભગ (ભ-બ્ગ્િબ્ત્યઃધ્ય ગધ્યત્)માં ૧ ભગમાંથી ૨૦ ટીમ કાર્યરત કરી દરેક ટીમે ૫૦ બ્લડ સ્મીયર ૫ થી ૯ વર્ષના બાળકની લેવામાં આવ્યા હતા તેમજ જરૂરી ૪ સેન્ટીનલ સાઇટ અને ૪ રેન્ડમ સાઇટ મળી કુલ ૮ સાઇટ પસંદ કરી રાત્રી સર્વે કરવામાં આવેલ , શહેરની પસંદ કરેલ દરેક સાઇટમાં ૧૦ ટીમ દીઠ એક સુપરવાઇઝર રાખી એક સાઇટમાં ઓછામાં ઓછી ૫૦૦ ગુણવત્તાસભર સ્લાઇડ એકત્ર કરીને નાઇટ સર્વે દરમ્યાન બે વર્કરોની એક એવી કુલ-૮૦ ટીમો દ્વારા એક ટીમ દીઠ ૫૦ સ્લાઇડો લેખે ૩૮૮૬ બાળકોના લોહીના નમૂનાં તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ માઇક્રો ફાઇલેરીયા ચેક કરવામાં આવ્યા હતા.

માઇક્રો ફાઇલેરીયા શોધવા માટે એકત્ર કરવામાં આવતાં લોહીના નમૂના ટેકનીકલી રાત્રે જ લેવાનાં હોય છે. સામાન્ય રીતે રાત્રે ૯-૦૦ થી ૧૧-૦૦ ની વચ્ચેના સમયમાં જ લેવામાં આવ્યા હતા , જેથી તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ એક દિવસ પુરતા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના પ્રોગામમાં ભાગ લેનાર સ્ટાફ તથા સુપરવાઇઝર સ્ટાફ/પ્રાઇમરી હેલ્થ વર્કરોનો ફરજનો સમય બપોરે ૩-૦૦ કલાકથી રાત્રે ૧૧-૦૦ કલાકનો રાખવામાં આવ્યો હતો. તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ લોહીના નમૂના એકત્રિકરણ કરવા રોકવામાં આવેલ સ્ટાફ બપોરે ૩-૦૦ થી ૮-૦૦ કલાક દરમ્યાન સોંપવામાં આવેલ વિસ્તારમાં જનજાગૃતિ ઝુંબેશ અને વિસ્તારનાં અગ્રગણ્ય લોકોનો સંપર્ક કરી , લીમ્ફેડીમા અને હાઇડ્રોશીલના કેસો પણ દિવસ દરમ્યાન શોધીે અને આ ક્રોનીક દર્દીઓનું પુરેપુરુ નામ , સરનામું અને હિસ્ટ્રી લીધેલ હતી તથા દિવસ દરમ્યાન જે ઘરમાંથી રાત્રીનાં સમયમાં ૫ થી ૯ વર્ષના બાળકોના લોહીનાં નમૂના લઇ ને, તે ઘરના બાળકોની યાદી બનાવવામાં આવી અને રાત્રી દરમ્યાન એ બાળકોના લોહીના નમૂના રાત્રિના સમયે ૯-

૦૦ કલાકથી ૧૧-૦૦ કલાક દરમ્યાન જ લીધેલ હતા. આ કામગીરી માટે દરેક ટીમ ઘરે ઘરે ફરીને કાર્યક્રમથી લોકોને વાકેફ કરી મહત્તમ સાથ સહકાર મેળવવા આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) , આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ હતું તથા એડીશનલ જંતુનાશક અધિકારી તથા દરેક ઝોનના આસી.જંતુનાશક અધિકારી તથા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના સ્ટાફને તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ બપોરે ૩-૦૦ કલાક થી રાત્રીના ૧૧-૦૦ કલાક સુધી ફરજ પર હાજર રહીે તમામ પ્રોગ્રામનું સુપરવિઝન , અમલીકરણ કરવામાં આવ્યુ તથા કરેલ કામગીરીનું રીપોર્ટીંગ જંતુનાશક અધિકારી ધ્વારા કરવામાં આવ્યું હતું.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા અગાઉ સને ૨૦૧૬માં TAS-1 અને ૨૦૧૯માં TAS- 2 ૨૦૨૨માં TAS- 3 કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગર પાલિકા ધજફની ગાઇડલાઇન મુજબ હાથીપગા રોગની ક્રીટીકલ કંડીશનમાંથી બહાર આવી ગયુ છે , જેથી નજીકનાં દિવસોમાં ધજફ દ્વારા સુરત મહાનગરપાલિકાને હાથીપગા રોગ મુકત શહેર જાહેર કરવામાં આવશે.

**"મેલેરીયા,ડેંગ્યુ અને ચિકુનગુનિયા નિયંત્રણ આપણા સૌની સામૂહિક જવાબદારી છે."**

**જનસંપર્ક વિભાગ, સમાચાર યાદી નં. ૬૦૦, તા. ૨૮-૦૨-૨૦૨૩**

## :પ્રેસનોટ : તા.૦૧/૦૩/૨૦૨૩

નાણાકીય વર્ષ 2023-24ના કેન્દ્રીય બજેટમાં શહેરી વિકાસના ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) તેમજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય (Mosje) ના સહ-નેતૃત્વમાં સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0 ના ભાગરૂપે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા 1લી માર્ચ, 2023ના રોજ 'શહેરી આયોજન, વિકાસ અને સ્વચ્છતા' વિષય પર પોસ્ટ-બજેટ વેબિનારને સંબોધિત કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે "Urban Planning" તેમજ "Urban Governance" વિષય ઉપર પોતાનું પ્રેરક વક્તવ્ય આપ્યું હતું, જેમાં વિવિધ પેટા થિમ પર ચાર સેશનમાં Waste to Wealth, Safai Mitra Suraksha (Man-hole to Machine-hole), Urban Planning Reforms & Action, Urban Infrastructure Development Fund પર વિવિધ રાજ્ય સરકાર તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, ઉદ્યોગ તેમજ સ્ટાર્ટઅપ તેમજ અર્બન પ્લાનિંગ ક્ષેત્રના નિષ્ણાંતો, તેમજ વિવિધ NGO ના પ્રતિનિધિઓ, સફાઈમિત્ર દ્વારા ઉપરોક્ત વિષય અન્વયે પોતાના અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું, તેમજ ભાવિ રણનિતી માટે પોતાના મંતવ્ય આપ્યા હતા.

જેમાં કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા સુરત મહાનગરપાલિકાને SafaiMitra Suraksha (Man-hole to Machine-hole) વિષય અંતર્ગત પેટા થિમ "Institutionalizing Mechanisms to Ensure Zero Fatalities" પર ચર્ચા કરવા માટે માનનીય મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા ને વર્ચ્યુઅલ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સુરત શહેરને મિની ઈન્ડિયા તરીકે ઓળખવામાં આવે છે. તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સંપૂર્ણ સુવિધાઓ પુરી પાડવાનું લક્ષ્ય નક્કી કરી, અન્ય ભૌતિક સુવિધાઓ સાથે ગટર વ્યવસ્થાના સંપૂર્ણ વિકાસ માટે દૃઢ નિશ્ચય સાથે કામ કરવામાં આવી રહ્યું છે.

ગટર સફાઈની અસુરક્ષિત પદ્ધતિઓના લીધે કોઈ સફાઈમિત્રનું જીવન જોખમમાં ન મુકાય તેમજ શુન્ય મૃત્યુદર સુનિશ્ચિત કરવા માટે સુરત મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે અને તે માટે "Manual Scavenging" પ્રથાને સમાપ્ત કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલા બિનસંગઠિત સફાઈ કામદારોનો સર્વે કરી તેમની ઓળખ કરવામાં આવી છે તેમજ તેઓને જરૂરી સલામતીની તાલીમ આપવામાં આવેલ છે, અને તેની સાથે સરકારની વિવિધ યોજનાઓ હેઠળ 26 બિનસંગઠિત સફાઈ કામદારોને આત્મનિર્ભર બનાવવા માટે ગટર સફાઈ મશીનો માટે લોન આપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જેના માટે ઓપરેશન અને મેઈન્ટેનન્સ ખર્ચ + EMI રકમ સાથે કોન્ટ્રાકટના ધોરણે કામ આપવામાં આવશે.

સુરત શહેરની સેપ્ટિક ટાંકીઓનું જીઓ-ટેગીંગ કરીને મોનીટરીંગ સિસ્ટમ સ્થાપિત કરવાનું કાર્ય કરવામાં આવેલ છે. જેના દ્વારા સમયાંતરે આ સેપ્ટિક ટાંકીઓની નિયમિત સફાઈનું નિરીક્ષણ કરવામાં આવે છે.

વર્ષ 2005 થી 2023 સુધી કુલ :- 170 ગટર સફાઈ માટેના અત્યાધુનિક મશીનો ખરીદવામાં આવેલ છે.

- **Bandicoot Robot** (બેન્ડીકુટ રોબોટ)
- **Gulper** (ગલ્પર)
- **Grab Bucket** (ગ્રેબ બકેટ)
- **Super sucker** (સુપર સકર)
- **Recycler** (રી–સાયકલર)
- **Jetting Machine** (જેટીંગ મશીન)

આજ દિન સુધીમાં સફાઈમિત્રો માટે નીચે મુજબના સુરક્ષા સાધનો ખરીદવામાં આવેલ છે.

- **Tripod**
- **Gas detector**
- **Gas mask**
- **Breathing apparatus**
- **PPE kit**

મેન હોલથી મશીન હોલ સુધીના લક્ષ્યને હાંસલ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૮.૫૦ કરોડ તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના બજેટમાં રૂ. ૩૮.૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ગટર સફાઈને લગતી ફરિયાદો બાબતે **EMERGENCY SANITATION RESPONSE UNIT** અંતર્ગત 24X7 હેલ્પલાઈન નંબર 14420 પણ કાર્યરત કરવામાં આવેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની હદથી 50 કિમીની ત્રિજ્યામાં આવતી ખાનગી સોસાયટીઓ અને સંસ્થાઓમાં નિયત દરો અને નિયમો હેઠળ ગટરની સફાઈ માટે વિવિધ પ્રકારની મશીનરી પૂરી પાડવામાં આવે છે.

સ્વચ્છ ભારત મિશન-અર્બન હેઠળ મળેલી અભૂતપૂર્વ સિદ્ધિઓ એ આપણા સફાઈકર્મીઓ, શહેરના નાગરિકોના સૌના સંયુક્ત પ્રયત્નોનું પરિણામ છે.

સફાઈમિત્ર સેફ સિટીનું બિરુદ ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સુરત શહેરને આપવામાં આવ્યું છે અને સતત ત્રણ વર્ષ સુધી ભારતના બીજા સૌથી સ્વચ્છ શહેર તરીકે અને શૂન્ય મૃત્યુદર હાંસલ કરવા માટે સફાઈમિત્રોના યોગદાન બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વચ્છ ભારત મિશન 2.0 અંતર્ગત દરેક મેન હોલને મશીન હોલમાં રૂપાંતરિત કરવા કટિબદ્ધ છે.

---




Prime Minister
સુરત મહાનગરપાલિકા
Mayor - Surat Municipal Corporation (Me)



# પ્રેસ નોટ
# નોર્થઝોન(કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ જુદી-જુદી ટી.પી.સ્કીમોનાં રસ્તા/રીઝર્વેશનનાં કબ્જા લેવાની ઝુંબેશનાં ભાગરૂપે આજ તા.૦૨/ ૦૩/૨૦૨૩ નાં રોજ ફા.ટી.પી.સ્કીમ નં.૩(કતારગામ) માં કતારગામ હેલ્થ સેન્ટરથી અંબિકા નગર અને ગાયત્રી નગર તરફ જતો ૪૦.૦૦" ફૂટ પહોળાઈ ધરાવતા રસ્તા ઉપર તેમજ સોસાયટીનાં માર્જીનવાળા ભાગમાં ૫૫ જેટલી દુકાનનાં દુકાનદારો ધ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત પતરાનાં શેડ , કાચી- પાકી દુકાન તથા ઓટલાઓ દુર કરી અંદાજીત ૨૪૦૦.૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જેનાથી સદરહું રસ્તા પરથી અવર જવર કરનાર જાહેર જનતા તેમજ આજુ બાજુની સોસાયટીનાં રહેવાસીઓને થતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ, ડે.ઇજનેરશ્રી, ૩૦ જેટલા બેલદાર તેમજ ૦૫(પાંચ) ટ્રક અને ૦૨(બે) જે.સી.બી. મશીનરીની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

# પ્રેસ નોટ
# નોર્થઝોન(કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ જુદી-જુદી ટી.પી.સ્કીમોનાં રસ્તા/રીઝર્વેશનનાં કબ્જા લેવાની ઝુંબેશનાં ભાગરૂપે તા.૦૨/ ૦૩/૨૦૨૩ નાં રોજ ફા.ટી.પી.સ્કીમ નં.૩(કતારગામ) માં કતારગામ હેલ્થ સેન્ટરથી અંબિકા નગર અને ગાયત્રી નગર તરફ જતો ૪૦.૦૦" ફૂટ પહોળાઈ ધરાવતા રસ્તા ઉપર તેમજ સોસાયટીનાં માર્જીનવાળા ભાગમાંથી બિનઅધિકુત પતરાનાં શેડ, કાચી- પાકી દુકાન તથા ઓટલાઓ દુર કરવામાં આવેલ. જે કામગીરીને વધુ આગળ વધારી આજ તા.૦૩/૦૩/૨૦૨૩ નાં રોજ જેરામ મોરારની વાડી થી ગાયત્રી નગર તરફ જતો ૪૦.૦૦" ફૂટની પહોળાઈ ધરાવતા રસ્તાની બંને બાજુએથી ૪૦ જેટલી દુકાનનાં દુકાનદારો દ્વારા કરવામાં આવેલ બિનઅધિકુત પતરાનાં શેડ તથા ઓટલાઓ દુર કરી અંદાજીત ૨૧૦૦.૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જેનાથી સદરહું રસ્તા પરથી અવર જવર કરનાર જાહેર જનતા તેમજ આજુ બાજુની સોસાયટીનાં રહેવાસીઓને થતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ, ડે.ઇજનેરશ્રી, ૨૫ જેટલા બેલદાર તેમજ ૦૫(પાંચ) ટ્રક અને ૦૨(બે) જે.સી.બી. મશીનરીની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

પ્રેસનોટ

એપ્રિલ મહિનામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં એસ્ટ્રો/નાઇટ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય તથા રાત્રિઆકાશ અંતર્ગત આકાશગંગા લ સૂર્યમંડળના સભ્યો (સૂર્ય ,ચંદ્ર, ગ્રહો, ધૂમકેતુ) , તારાસહ રાત્રિઆકાશ , સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે જે માટે રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઇટ www. suratmunicipal. gov.in ખાતેથી તા.૧૦/૦૩/૨૦૨૩ થી તા.૨૦/૦૩/૨૦૨૩ સુધી ઉપલબ્ધ રહેશે. આ એસ્ટ્રો/નાઇટ ફોટોગ્રાફને સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સાંજે ૪ :૦૦ કલાક સુધી જમા કરાવી શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર સમાચાર યાદી નં.૬૦૪
તા.૦૪/૦૩/૨૦૨૩

તા. ૦૪/૦૩/૨૦૨૩

નવોપૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં તા. ૦૪/૦૩/૨૦૨૩નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ કબ્જાની વિગત

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશન વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં), બ્લોક નં.૪૫૬, ૪૫૮, ૪૫૮ | | ૩૦.૦૦ મી. ટી.પી. રોડનો કબ્જો મેળવવામાં આવેલ છે. | |
| ૨ | પ્રિ.ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), બ્લોક નં.૮૦ થી ૯૮ | | ૧૮.૦૦ મી. ટી.પી. રોડનો કબ્જો મેળવવામાં આવેલ છે. | |
| ૩ | પ્રિ.ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફા.પ્લોટ નં.૧૨૬ (સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર) રીઝર્વેશન પ્લોટ | | રીઝર્વેશન પ્લોટનો ૩૬૬૯.૦૦ ચો.મી. એરીયાનો કબ્જો મેળવવામાં આવેલ છે. તેમજ ફેન્સીંગ કરવામાં આવેલ છે. | |

મે. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, IAS દ્વારા ઉપાડવામાં આવેલ ટી.પી. અમલીકરણના ભાગરૂપે અત્રેના ન્યુ ઈસ્ટ (સરથાણા) ઝોન-બી માં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામાં) માં આજરોજ ૯૦.૦૦ મી. ના આઉટર રીંગરોડને સમાંતર , ૩૦.૦૦ મી. ના રસ્તા પૈકી આશરે ૨૨૧.૦૦ મી. લંબાઈના આશરે ૬૬૩૦.૦૦ ચો.મી. જગ્યાનો કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. તથા પ્રિ.ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા)માં ૧૮.૦૦ મી. પહોળાઈના રસ્તાનો આશરે ૧૮૪.૦૦ મી. લંબાઈમાં આશરે ૩૩૧૨.૦૦ ચો.મી. જગ્યાનો કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફા.પ્લોટ નં.૧૨૬ "સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" હેતુંના રીઝર્વેશન પ્લોટનો ૩૬૬૯.૦૦ ચો.મી. એરીયાનો કબ્જો આજ રોજ મેળવવામાં આવેલ છે. સદર રીઝર્વેશન પ્લોટ ફરતે ફેન્સીંગ કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી અત્રેના શહેર વિકાસ વિભાગ તથા રોડ વિભાગના સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી જે.એન. વાઘેલા , IAS ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૦૫
તા.૦૪/૦૩/૨૦૨૩

## પ્રેસનોટ

## સુરતમહાનગરપાલિકાની “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ” નિમિત્તે એક નવી પહેલ

મહિલા અને બાળ વિકાસ વિભાગ ,ગાંધીનગરમાન.મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈપટેલનાઅધ્યક્ષસ્થાને “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ” નિમિતે ગુજરાત નેશનલ લો યુનીવર્સીટી ,ગાંધીનગર ખાતે રાજયકક્ષાનાં માતા યશોદા અવોર્ડની ઉજવણી તા.૦૫/૦૩/૨૦૨૩ નાં રોજ કરવામાં આવેલ હતી.સદર કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈપટેલ, મહિલા અને બાળ વિકાસ વિભાગનાં મંત્રીશ્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા,મહિલા અને બાળ વિકાસ વિભાગના કમિશ્નરશ્રી કે ,કે,નિરાલા સર ,નિયામકશ્રી ડી.એન.મોદી સર તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગનો તમામ સ્ટાફ તેમજ રાજયકક્ષાના અવોર્ડ મેળવનારમુખ્યસેવિકા ,આંગણવાડી કાર્યકર/હેલ્પર બહેનો હાજર રહેલ હતા.કાર્યક્રમની શરુઆત મહિલાદિવસવર્ષ-૨૦૨૩ નીથીમ “ Innovation and Technology for Gender Equality ” નાભાગરૂપેમહિલાઓને પોતાના હક , સન્માન, સ્વાભિમાન ,આરોગ્યઅને પોષણ અંગે સમજ આપીને કરવામાં આવી. જે અંતર્ગત આઈ.સી.ડી.એસ વિભાગના દક્ષિણ ગુજરાત ઝોનમાં સુરતમહાનગરપાલિકાનાં આઈ.સી.ડી.એસ વિભાગના ,ઘટક-૮ સેજા-ડીંડોલી-૦૧ માં ફરજ બજાવતાં મુખ્ય સેવિકા બહેન કિરણ બેન કાતરીયા ને રાજયકક્ષાનોપ્રથમ ક્રમાંકનો માતા યશોદા અવોર્ડ ,પ્રમાણપત્ર અને રૂ.૬૧૦૦૦/-નો ચેક આપવામાં આવેલ છે.જે આઈ.સી.ડી.એસ. સુરતમહાનગરપાલિકા માટે ખુબ ગર્વ લેવા જેવી વાત છે.જે બદલ કિરણ બેન કાતરીયા ને ખુબ ખુબ અભિનંદન.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી,

સાદર સમાચાર યાદી નં.૬૦૬,

તા.૦૬/૦૩/૨૦૨૩





Find te








પ્રેસ નોટ

.......................

માહે ફેબ્રુઆરી ૨૦૨૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન ૫૯૫૭ ઇન્ડોર તથા ૬૦૫૬૦ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૪૪૩૫ નાના તથા ૮૮૧ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૬૬૧૬ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૯૯૭ અને જુના ૧૧૫૯ દર્દીઓ સહીત કુલ ૨૧૫૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૭૧૬ તથા આંખ વિભાગમાં ૩૪૦૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૨૧૯૬૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૬૦૭,તા.૦૭/૦૩/૨૦૨૩

# --:: <u>પ્રેસનોટ</u> ::--

આરોગ્ય અધિકારીશ્રી , ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા. ૧૦ /૦૩/૨૦૨૩ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪ અને કલમ - ૬(અ અને બ) નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૨૧ અને કુલ રુપિયા ૪૨૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૨ અને કુલ રુપિયા ૨૪૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૩૭ અને કુલ રુપિયા ૭૪૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૨૫ અને કુલ રુપિયા ૫૦૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૭૬ પાસે કુલ ૩૫૨૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુ.મ.પા.નાં ખેલકુદ કૌશલ્ય કાર્યક્રમ અંતર્ગત ચેસની સ્પર્ધાઓ યોજાઈ

મ્યુનિસિપલ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રમતગમતનું સ્તર સુધારવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સહયોગથી શરૂ કરવામાં આવેલ સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં કોચીસ દ્વારા મ્યુનિસિપલ શાળાઓમાં તાજેતરમાં ચેસની રમતની સઘન તાલીમ આપવામાં આવેલ અને આ વિદ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળે તે માટે મ્યુનિસિપલ સ્કુલોનાં વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાનાં વિદ્યાર્થીઓને એકત્રિત કરી , તા.૧૦/૦૩/૨૦૨૩નાં રોજ ઈનડોર સ્ટેડિયમ ખાતે ચેસની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો મળીને કુલ ૩૧૯ ખેલાડીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ હતો અને નોક-આઉટ ધોરણે મેચીસ રમાડવામાં આવી હતી. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ દ્વારા ખેલદિલીપૂર્વક હરીફ ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને આગળ વધારતા , આગામી દિવસોમાં મ્યુનિસિપલ સ્કૂલોના વિદ્યાર્થીઓને વોલીબોલની રમતની તાલીમ આપી, સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૦૯

# **પ્રેસનોટ**

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન –બી (કનકપુર) ના આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત જુદા જુદા વિસ્તારોમાં કુલ **૨૦૪૭** મિલકતોમાં વસુલાત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.જે પૈકી **૩૮૧** મિલકતોમાં સીલ કરવામાં આવેલ **૧૭** મિલકતોના નળ કનેક્શન કાપવામાં આવેલ ,ઓપન પ્લોટોની સોસાયટીમાં **૯૪** નોટીસ બોર્ડ લગાડવામાં આવેલ અને અને **૧૬૬૬** મિલ્કતોમાં કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.**૩,૪૮,૭૩,૪૧૧**/– ની વસુલાત કરવામાં આવેલ છે. સાઉથ ઝોન–બી (કનકપુર) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં ગત વર્ષ **૨૧.૭૫** કરોડ ની વસુલાતની સામે ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન આજ દિન સુધી રૂા. **૩૦.૭૭** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.સાઉથઝોન-બી (કનકપુર)વિસ્તારમાં આવેલ ઉન આવાસ નામની ઓપન પ્લોટની સોસાયટી જેનું આકારણી દફતરે માંગણું **૪૪.૩૪ લાખ** મિલકતોના વેરા બાકી છે.તે ખુલ્લી જગ્યાને ડમ્પીંગ સાઈટ તરીકે ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ૩૧/૦૩/૨૦૨૩ સુધી વ્યાજમાફીની યોજના ચાલી રહેલ છે જેની વધુમાં વધુ મિલ્કતદારો તેનો લાભ લઇ શકે તે માટે સાઉથઝોનબી(કનકપુર)દ્વારાપ્રચારગાડી,કચરાગાડી તથા જાહેર સ્થળો પર બેનરનાં માધ્યમથી જાણ કરવામાં આવી રહી છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર સમાચાર યાદી ન. ૬૧૦
તા. ૧૦/૦૩/૨૦૨૩

# પ્રેસનોટ

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

વિષય :-આંતરરાષ્ટ્રીય મહિલાદિન ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે યોજાયેલ મહિલા સન્માન સમારોહ કાર્યક્રમ બાબત.

૮મી માર્ચે પ્રતિ વર્ષ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસૃની ઉજવણીએ મહિલા સન્માન સમારોહનું આયોજન કરી સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં તેઓની સિધ્ધિ અને ઉત્કૃષ્ઠ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવે છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ‚એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ સંજીવકુમાર ઓડિટોરીયમ , સુરત ખાતે મહિલાઓના સન્માન સમારોહ તથા શ્રી કાજલબેન ઓઝા વૈધ્યનું વકતવ્ય રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગ્ટથી કરવામાં આવી હતી. મ્યુનિ.કમિશનરશ્રી શાલિની અગ્રવાલએ ઉપસ્થિત તમામને આવકારતાં જણાવ્યું હતું કે ‚ભારતીય સંસ્કૃતિએ નારીનું માત્ર સન્માન જ નહીં પરંતુ નારીને વિશેષ દરજ્જો આપ્યો છે. અને એ દેશમાં મને મહિલા તરીકે જન્મ મળ્યો છે એનો મને ગર્વ છે. ૨૧મી સદીમાં સ્ત્રીએ ઘરપરિવારની વિવિધ ભૂમિકાઓ સાથે સમાજ અને દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન પુરૂં પાડે છે. દરેક ક્ષેત્રેમાં ઉચ્ચ સિધ્ધિ હાંસલ કરી મહિલાઓએ પંચાયતથી પાર્લામેન્ટ સુધી વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. મહિલાઓના સંર્વાંગી વિકાસ માટે રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સ્ત્રી સશકિતકરણ માટેની જન્મ પહેલાંથી લઇને જીવન પર્યંત સુધીની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ હોવાનું જણાવી મહિલાઓને ઉપલબ્ધ તકોનો લાભ લઇ પોતાના અને સમાજના વિકાસ માટે કાર્યરત રહેવા હિમાયત કરી હતી. આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલએ દરેક સફળ પુરૂષની પાછળ સ્ત્રીનો હાથ હોવાનું જણાવી સુરત મહાનગરપાલિકામાં પણ માન.મેયરશ્રીના અને કમિશનરશ્રીના ઉચ્ચ પદ પર મહિલાઓ સ્થાન શોભાવી રહી છે. અને વિવિધ સમિતિઓના અધ્યક્ષ પદે મહત્તમ મહિલા સદસ્યાઓને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાસંગિક ઉદ્દબોધનમાં માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છા પાઠવી માજી.મેયરશ્રીઓ અને માજી. ડેપ્યુટી મેયરશ્રીઓના જે તે સમયના યોગદાન થકી શહેરના વિકાસમાં તેમના યોગદાનની સરાહના કરી હતી. આજે પત્રકારત્વમાં મહિલાઓ જે મહેનત કરી રહી છે તેને બિરદાવી હતી. તેઓએ મહિલાઓને એક જ દિવસ નહી પણ ૩૬૫ દિવસ સન્માન મળતું રહે તેમ જણાવ્યું હતું. વકતાશ્રી કાજલબેન ઓઝા વૈધ્યએ ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એ આપણા માટેનો

સ્પેશીયલ  દિવસ છે અને તેથી જ આપણે એકબીજા સાથે રહીને એકબીજાને મળીને એને ઉજવીએ. તેમણે ઐતિહાસિક પાત્રોના દષ્ટાંત આપીને સ્ત્રીશકિતનો પરિચય કરાવ્યો હતો. તેમણે જીવન ટુકું છે અને ત્યારે જ સમજાય જયારે એ પુરૂં થવાનું હોય એમ જણાવી મહિલાઓને સાદું સરળ જીવન આનંદ અને સંતોષથી જીવવા તથા પોતાના સ્વસ્થયની કાળજી રાખવા માટે કાળજી રાખવા ખાસ ભાર આપ્યો હતો. તેમણે ધારદાર વકતવ્યથી તમામને અભિભૂત કર્યા હતા.

આ પ્રસંગે માન.મેયરશ્રી લ મહિલા મંત્રીશ્રી લ મહિલા ધારાસભ્યશ્રીલ મ્યુનિ.કમિશનરશ્રી, મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ અને ન.પ્રા.શિ.સમિતિ , માજી.મેયરશ્રીઓ અને મહિલા માજી.ડેપ્યુટી મેયરશ્રીઓ , માજી.દંડકશ્રી, મહિલા પત્રકારશ્રીઓ , વયસ્ક મહિલાઓ, અગ્રગણ્ય / પ્રતિષ્ઠિત મહિલાઓ , સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓલ સ્ટ્રીટ વેન્ડર સખી મંડળની મહિલા લ શ્રમિક મહિલાઓ લ વયસ્ક પેન્શનર્સ મહિલા સુ.મ.પા.ની મહિલા કર્મચારીઓ , સીકયોરીટીની ફરજ બજાવનાર મહિલાઓ મળી કુલ ૯૦૦થી વધુ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ડે.મેયરશ્રી દિનેશભાઇ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલ , મ્યુનિસિપલ કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે , વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ અને શહેરના નગરજનોએ ઉપસ્થિત રહી સન્માનિત સન્નારીઓનો ઉત્સાહ વધારી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમાચારયાદી નં. ૬૧૧, તા.૧૦/૦૩/૨૦૨૩ જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




સન્માન સમારોહ
શુક્રવાર


SURVEKSHAN
FIT INDIA
સુરત મહાનગરપાલિકા
'' આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ''
મહિલા સન્માન સમારોહ


SURVEKSHAN





# પ્રેસનોટ

**તા. ૧૩/૦૩/૨૦૨૩**

**મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ અને મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા વિજ્ઞાન ભવન, ન્યુ દિલ્હી ખાતે 'નેશનલ યુથ કોન્કલેવ' નું આયોજન**

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ ( MoHUA) અને મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા તા. ૧૩ અને ૧૪ માર્ચ, ૨૦૨૩ નાં રોજ U20 અને Y20નાં અગ્રિમ ક્ષેત્રો પર વિચારણા કરવા માટે યુવાઓને એકસાથે લાવવા માટે વિજ્ઞાન ભવન , ન્યુ દિલ્હી ખાતે **'નેશનલ યુથ કોન્કલેવ** 'નું આયોજન કરવામાં આવેલ. સદર ઈવેન્ટનું આયોજન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સ ( NIUA) અને સ્માર્ટ સિટીઝ મિશન , MoHUA નાં સહયોગથી કરવામાં આવેલ. સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડ પણ સદર ઈવેન્ટમાં પાર્ટનર તરીકે જોડાયેલ.

આજ રોજ તા. ૧૩/૦૩/૨૦૨૩નાં રોજ શ્રી કૌશલ કુમાર, માન. રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી, MoHUA, શ્રી કુણાલ કુમાર, જોઈન્ટ સેક્રેટરી અને મિશન ડિરેક્ટર , સ્માર્ટ સિટીઝ મિશન , MoHUA, શ્રી હિતેશ વૈદ્ય , ડિરેક્ટર, NIUA અને અનમોલ સોવિત, ચેરપર્સન, Y20 સેક્રેટરીએટની ઉપસ્થિતમાં સદર ઈવેન્ટનો શુભારંભ કરવામાં આવેલ તેમજ સાંજના સેશનમાં શ્રી હરદીપસિંહ પુરી,માન. કેન્દ્રીયમંત્રીશ્રી, મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ ઉપસ્થિત રહેલ.

સદર ઈવેન્ટનાં 'Creating Equal Futures in an Unequal World' સેશન માટે સુરત મહાનગરપાલિકાનાં કમિશનર અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડનાં ચેરમેન શ્રીમતી શાલીની અગ્રવાલને સ્પેશિયલ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવેલ અને તેઓશ્રી દ્વારા સદર સેશનમાં પોતાના મંતવ્ય અને વિચારો ઉપસ્થિત મહાનુભાવો , પેનલિસ્ટ અને પાર્ટિસિપન્ટ્સ સમક્ષ રજુ કરવામાં આવેલ.

તેઓશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે ૨૧ મી શતાબ્દી એ મહિલાઓ માટે તેમજ ટેકનોલોજી, ઈનોવેશન, નોલેજ અને સ્કીલ આધારિત શતાબ્દી છે. જેનાં અનુસંધાને સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોગ્રામો થકી યુવા મહિલાઓને ઈકોનોમિક ડેવલપમેન્ટ અને સ્કીલ ડેવલપમેન્ટનાં ક્ષેત્રમાં પ્રોત્સાહન આપવા કરવામાં આવતી પહેલ તેમજ સુરત શહેર ડાયમંડ અને ટેક્ષટાઈલ માટે વિશ્વભરમાં જાણીતું હોય આથી યુવા મહિલાઓ તેમજ વૃદ્ધ મહિલાઓને સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેઈનીંગ આપી ડાયમંડ અને ટેક્ષટાઈલ ક્ષેત્રમાં કામ કરવા આપવામાં આવતી તકો વિષે જણાવવામાં આવેલ. તદુપરાંત સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત મહિલાઓ સંબધિત વિવિધ યોજનાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવેલ.

વધુમાં, સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૩નાં બજેટમાં યુવા મહિલાઓ માટે ડ્રોન વિષે ટ્રેઈનીંગ આપી તેઓને કામ અપાવવા અંગે કરવામાં આવેલ સ્પેશિયલ પોલિસીની જોગવાઈ તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૩ લાખ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર , ઓરલ કેન્સર તેમજ સર્વાઈકલ કેન્સર માટે યોજવામાં આવનાર ફ્રી હેલ્થ કેમ્પ / ઈન્ટીગ્રેટેડ હેલ્થ પ્રોગ્રામ તેમજ મહિલાઓને અનુલક્ષિત અન્ય યોજનાઓ જેવી કે જાહેર જગ્યાઓ પર મહિલાઓ માટે

શી ટોઈલેટસ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ, ગાર્ડન જેવી જાહેર જગ્યાઓ ખાતે બ્રેસ્ટફિડીંગ રૂમ તેમજ કુપોષણ અંગે મહિલાઓ માટે વર્ષ ૨૦૨૩નાં બજેટમાં કરવામાં આવેલ વિવિધ આયોજન બાબતે પણ જાણકારી આપવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગર પાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં. ૬૧૨,તા.૧૩/૦૩/૨૩




CREATING EQUAL FUTURES
IN AN UNEQUAL WORLD




SHALINI AGARWAL
National Institute of Urban Affairs
zoom


SHALINI AGARWAL
National Institute of Urban Affairs
zoom

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

**" All India Council of Mayorsની ૫૨**મી વાર્ષિક સાધારણ સભામાં

સુરતના પ્રથમ નાગરિક

માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સુરત શહેરનું પ્રતિનિધિત્વ કર્યુ

**" All India Council of Mayors**ની ૫૨મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન તા.૧૩ થી ૧૪ માર્ચ ૨૦૨૩ દરમ્યાન મધ્યપ્રદેશ રાજ્યના બુરહાનપુર શહેરમાં કરવામાં આવેલ. જેમાં સમગ્ર દેશના વિવિધ રાજ્યોના શહેરોમાંથી આવેલ મેયરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આજરોજ સદર વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત મેયરશ્રીઓએ તેઓના શહેરોમાં કરવામાં આવતી વિશિષ્ટ કામગીરી અને ભાવી આયોજનો અંગે ચર્ચા -વિચારણા કરી હતી. જેમાં સુરતના પ્રથમ નાગરિક માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સુરત શહેરનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

આ પ્રસંગે સુરત શહેરના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ શિક્ષણ સ્વાસ્થ્ય, સ્વચ્છતા, જાહેર પરિવહન પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રકચર, બ્રિજ, ઇ-વ્હીકલ પોલિસી , સોલારસિટી, ટર્શરી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વિવિધ વિશિષ્ટ કામગીરી અંગે ઉપસ્થિત મેયરશ્રીઓને માહિતગાર કર્યા હતા.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૬૧૩,તા.૧૩/૦૩/૨૦૨૩


अखिल भारतीय महापौर परिषद
की 52 वीं साधारण सभा ऐतिहासिक नगरी बुरहानपुर में देश के विभिन्न शहरों से पधारे महापौर गण का
हार्दिक स्वागत.. वंदन.. अभिनन्दन..
नगर पालिक निगम बुरहानपुर (मध्यप्रदेश)

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે મેલેરિયા એકટીવીટી પખવાડીક પ્લાન તા.૦૧/૦૩/૨૦૨૩ થી ૧૨/૦૩/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવેલ ઝુંબેશઃ-

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા એકટીવીટી પખવાડીક પ્લાન અંતર્ગત હોસ્પિટલો સર્વે,શાળાઓ સર્વે બાંધકામોમાં સર્વે,જાહેર મિલકતો તેમજ ખાનગી કોર્મર્શિયલ મિલકતોનું સર્વે,આઇઇસી કરેલ સોસાયટી,સરકારી તથા ખાનગી મિલકતોમાં સોર્સ રીડકશન(નકામા કાટમાળ/ભંગાર જપ્ત કરવાની કામગીરી) તથા ખુલ્લા પ્લોટ સર્વે જેવી પખવાડીક કામગીરી કરાવામાં આવતા ૫૩૮ નોટીસ આપવામા આવેલ તથા ૩,૨૬,૮૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૩ થી ૧૨/૦૩/૨૦૨૩ના રોજ ૭૩૨ હોસ્પિટલોમાં સર્વે કરતા ૧૧ બ્રિડીંગ મળેલ છે અને ૨૧ નોટીસ આપેલ,રજત હોસ્પિટલ,બેગમપુરા ૫૦૦/-,ઓમ કિલનીક એન્ડ નર્સિંગ હોમ ૧૦૦૦/- , સિલ્વર હોસ્પિટલ ૫૦૦/-કુલ મળી ૨૦૦૦/-વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૯૬૧ શાળાઓ સર્વે દરમ્યાન ૭ બ્રિડીંગ મળેલ છે અને ૩૩૦ નોટીસ આપેલ છે સમિતી સ્કુલ રોડ નં-૧ ૧૦૦૦/-,ન.પ્રા. શાળા-૨૭૨ ૫૦૦/- કુલ મળી ૧૫૦૦/-વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૧૦૩૦ બાંધકામ સર્વે કરવામાં આવતા ૩૬૮ બ્રિડીંગ મળી આવેલ ૧૨૨ નોટીસ આપવામાં આવેલ છે. સેન્ટ્રલ ઝોનમાંથી એમ્પેરીયા બિલ્ડીંગ ચીકુવાડી આદેશવર એન્ટરપ્રાઇઝ ૫૦૦૦/-,તરટીયા હનુમાન ૫૦૦૦/- ,વેસ્ટ ઝોનમાંથી પ્લેડીયમ સ્કાય ૫૦૦૦/- ,ઓરો યુનિવરસીટી સ્ટુડન્ટ એકટીવીટી સેન્ટર ૫૦૦૦/-,ઉધોગનગર ૫૦૦૦/-,સાઉથ-એ,બી લક્ષ્મીહોમ ૧૦,૦૦૦/-,ઘનશ્યામ ગોવિંદ સોનાલી ૮૦૦૦/-,સા-ઇસ્ટ ઝોનમાંથી મધુરમ આર્કેડ ૫૦૦૦/-,ઓફીરા હબ ૨૦૦૦/-,સા-વેસ્ટ ઝોનમાંથી વેલેનટીના ૧૦,૦૦૦/- શિવ શકતી સોસા.,૪૦૦૦/-,ટ્રિયોમ પેલેસ ૮૦૦૦/- ,નોર્થ ઝોનમાંથી શ્રી નિકેતન પ્લોટ-૭ ૫૦૦૦/-,વોટર લીલી ૫૦૦૦/-,ઇસ્ટ-એ ઝોનમાંથી અર્જુન પાર્ક ઇન્ડ્રસ્ટ્રીઝ ૫૦૦૦/-,અમોરીના ટેકસટાઇલ માર્કેટ ૫૦૦૦/- ,ઇસ્ટ-બી ઝોનમાંથી પી.પી.સવાણી હોસ્ટેલ ૨૫ ,૦૦૦/-, વિપુલ નગર ૫૦૦૦/- કુલ મળીને ૩,૧૬,૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સુરત શહેરની ૨૫૫૫ જાહેર મિલકતો તેમજ ખાનગી કોર્મર્શિયલ મિલકતો સર્વે કરતા ૬૨ નોટીસ આપવામાં આવેલ અને ૭૨૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૪૯૯ સોસાયટીમાં આઇઇસી કરવામાં આવેલ છે જેમા ૧૯૪૪૫ વ્યકિતઓ હાજર રહયા હતા અને ૧૮૭૦૬ પેમ્પલેટ વિતરણ કરવામાં આવેલ હતા. ૪૦૭૬ સરકારી તથા ખાનગી મિલકતોમાં સોર્સ રીડકશનની કામગીરી કરવામાં આવેલ તથા ૩૬૨ ખુલ્લા પ્લોટ ચેક કરતાં ૩ નોટીસ આપવામાં આવેલ છે.

તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૦૪ નો ઉપયોગ કરવો.
સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# નવોપૂર્વ (સરથાણા) ઝોન-બીની
# અખબારી યાદી

તા. ૧૪/૦૩/૨૦૨૩

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં તા.૧૪/૦૩/૨૦૨૩ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશન વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ફા.ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટાવરાછા-ઉત્રાણ), ફા.પ્લોટ નં.૪૪/બી, સબ પ્લોટ નં.૧,૨ | વૃંદાવન સોસાયટી, મોટાવરાછા | સદર પ્લોટમાં આશરે ૨૦૦૦.૦૦ ચો.ફુટનું કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. | |

ન્યુ ઈસ્ટ (સરથાણા) ઝોન-બી માં આવેલ ફા.ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટાવરાછા-ઉત્રાણ) , ફા.પ્લોટ નં.૪૪/બી, માં આવેલ સબ પ્લોટ નં.૧ ,૨, વૃંદાવન સોસાયટી , મોટાવરાછામાં આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ બીજા માળે આશરે ૨૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. સદર કામગીરી બાબતે ડીમોલીશન /વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦,૦૦૦/- વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી જે.એન. વાઘેલા , IAS ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં અત્રેના શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.615
તા.14/03/૨૦૨૩

જુનો પૂર્વ(વરાછા)ઝોન-એ ની

અખબારી યાદી

જુનો પૂર્વ(વરાછા)ઝોન-
એ માં આવેલ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) માં શ્રીનાથજી સોસાયટીના ગેટ પાસે થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત.

જુનો પૂર્વ(વરાછા)ઝોન-
એ માં આવેલ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) માં શ્રીનાથજી સોસાયટીના ગેટ પાસે, ૯.૦૦ મી.ના ટી.પી.રોડમાં નડતરૂપ આશરે ૧.૫ મી.
× ૨.૫ મી. ના માપ વિસ્તારમાં બાંધકામ હેઠળનું ધાર્મિક હેતુસરનું બાંધકામ દુર કરવાની કામગીરી મે. ડે. મ્યુ. કમિશ્નરશ્રી ની સુચના અનુસાર, કાર્યપાલક ઈજનેરશ્રી, જુનો પુર્વ(વરાછા)ઝોન-
એ ના સીધા માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ તથા શહેર વિકાસ વિભાગના જુની./આસી.ઈજનેરશ્રીઓ તેમજ દબાણ વિભાગની ટીમે સાથે મળીને તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ સદરહું ધાર્મિક હેતુસરનું બાંધકામનાં પ્લીન્થ લેવલ તોડી, આજુબાજુની દિવાલ સહિતનું બાંધકામ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી ૯.૦૦ મી. ટી.પી.રોડમાં કાયમી ધોરણે થનાર દબાણ દુર કરવાથી સદર રોડ ખુલ્લો થવાથી મહદ્અંશે ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવી શકશે.

# સુરત મહાનગરપાલિકા

## શેલ્ટર ફોર અર્બન હોમલેસ

સુરત મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર સરકાર પુરસ્કૃત દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) હેઠળ શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય યોજના (SUH) હેઠળ મા.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૦૫ મહિનામાં શેલ્ટર ફોર અર્બન હોમલેસ અંતર્ગત સતત વિવિધ કામગીરી માટે સુચના આપવામાં આવેલ છે.

- સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૦૫ મહિનામાં **૧૨૫૦ થી વધુ લાભાર્થીઓનું રેસ્ક્યુ** કરી શેલ્ટર ખાતે લાવવામાં આવ્યા.
- છેલ્લા ૦૫ મહિનામાં **૨૨૫૦ થી વધુ લાભાર્થીઓને વિવિધ સેવાઓ/યોજનાઓનો લાભ** આપવામાં આવ્યો.
- સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત શેલ્ટર્સ સાથે શહેરની **૩૫ થી વધુ સેવાભાવી સંસ્થાઓ** તથા વ્યક્તિગત દાતાઓ, નગરસેવકો વગેરેને સાંકળી વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ કરવામાં આવે છે
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દૈનિક **૨૫૦ થી વધુ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ભોજન** પૂરું પાડવામાં આવે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા **૫૦૦ થી જરૂરિયાતમંદ લાભાર્થીઓને કપડા , જીવન જરૂરિયાતના સામાન** નું વિતરણ કરવામાં આવેલ છે.
- શેલ્ટર્સ ખાતે સેવાભાવી સંસ્થાઓ/વોલ્યુન્ટર્સ દ્વારા **૧૩૫ થી વધુ બાળકોને નિયમિત ટ્યુશન** આપવામાં આવે છે.
- શેલ્ટર ખાતે સેવાભાવી સંસ્થાઓ/વોલ્યુન્ટર્સ દ્વારા તેઓના તથા શેલ્ટરના લાભાર્થીઓના **૨૩૦ થી વધુ જન્મદિવસ** ઉજવણી કરવામાં આવે છે.
- દિવાળી, ક્રિસમસ, ઉત્તરાયણ, પ્રજાસત્તાક દિવસ, હોળી વગેરે તહેવારોની શેલ્ટર્સ ખાતે સેવાભાવી સંસ્થાઓ/વોલ્યુન્ટર્સ સહયોગથી ધામધૂમથી ઉજવણી કરવામાં આવી તથા ઉજવણીના ભાગરૂપે **૧૮૦૦ થી વધુ શેલ્ટરના રહેવાસીઓને મીઠાઈ-નાસ્તાનું વિતરણ** કરવામાં આવ્યું.
- શેલ્ટર ખાતે સેવાભાવી સંસ્થાઓ/વોલ્યુન્ટર્સના સહયોગથી ગુડ ટચ – બેડ ટચ, મેન્સ્ટ્રુઅલ હાઈજીન, સ્વચ્છતા વગેરે વિષય પર **30 થી વધુ જાગૃતિ કાર્યક્રમો** કરવામાં આવે છે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા નિયમિત શેલ્ટર ખાતે સાંજના સમયે આરોગ્ય કેમ્પ યોજી **૧૭૦૦ થી વધુ લાભાર્થીઓના આરોગ્યની ચકાસણી** કરવામાં આવેલ છે તથા વિનામૂલ્યે દવા આપવામાં આવેલ છે.
- શેલ્ટર ખાતે રહેતા બાળકોને શિક્ષણ મળી રહે તે હેતુથી નજીકની **૨૧ બાળકોને નજીકની આંગણવાડીમાં** અને **૧૮ બાળકોને** નજીકની શાળામાં એડમીશન કરાવવામાં આવ્યું છે.
- **૪૫** લાભાર્થીઓને **બેંક એકાઉન્ટ** , **૧૫** લાભાર્થીઓને આધાર કાર્ડ , **૧૪** લાભાર્થીઓને **વોટર કાર્ડ**, **૧૮૮** લાભાર્થીઓને **ઈ-શ્રમ કાર્ડ , ૧૬ લાભાર્થીઓને સીનીયર સીટીજન કાર્ડ** , વગેરે સરકારશ્રીની યોજનાઓ સાથે જોડવાની મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે.

- વધુમાં સુરત મહાનગરપાલિકા ઘરવિહોણા લોકો આત્મનિર્ભર બને તે માટે **૪૮ થી વધુ લાભાર્થીઓને સ્થાનિક એકમોમાં રોજગારી** આપવાનું કામ તેમજ શેલ્ટર ખાતે **૧૫ મહિલાઓને સિલાઈ , પેપર બેગ બનાવવાની તાલીમ** પણ આપવામાં આવી રહી છે.
- **તા. ૧૪-૦૩-૨૦૨૩ ના રોજ ગાંધીનગર ખાતે હાઈલેવલ કમિટીની મીટીંગમાં સુરત મહાનગરપાલિકા દ્વારા શેલ્ટર ફોર અર્બન હોમલેસ અંતર્ગત કરવામાં આવતી કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી. તથા અન્ય મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરીને અનુસરવા ભલામણ કરી હતી.**

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૬૧૭

તા.૧૫/૦૩/૨૦૨૩

શહેર  વિકાસ  વિભાગ (મધ્યસ્થ)
સુરત મહાનગરપાલિકા

માન. કમિશ્નરશ્રીનાં અધ્યક્ષ સ્થાને સ્ટ્રકચરલ સેફટી કમિટીની મીટીંગ યોજાઇ. ૪૫ મીટરથી વધુ ઉંચાઇનાં પ્રોજેકટોને મંજુરી આપવમાં આવી, જેના થકી સુરત મહાનગરપાલિકાને રૂપિયા ૧૪૬ કરોડની આવકનો અંદાજ.

સુરત શહેર  વિસ્તારમાં ૪૫ મીટર કરતાં વધુ ઉંચાઇ ધરાવતાં બાંધકામોને મંજુરી આપતાં પહેલાં આવાં બાંધકામોની સ્ટ્રકચરલ સેફટી તથા અન્ય માળખાગત સુવિધાઓની સમીક્ષા કરવાં સી.જી.ડી.સી.આર. ૨૦૧૭ ની જોગવાઇ મુજબ માન. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનાં અધ્યક્ષપણાં હેઠળ સ્ટ્રકચરલ સેફટી કમિટીની રચના કરવામાં આવેલ છે.
સુરત મહાનગરપાલિકામાં રજુ થતાં ૪૫ મી. થી વધુ ઉંચાઇનાં બાંધકામોની મંજુરીનાં પ્રકરણો ઉકત સ્ટ્રકચરલ સેફટી કમીટીની મંજુરી બાદ જ માન્ય રાખવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાની સ્ટ્રકચરલ સેફટી કમીટીની મીટીંગ તા. ૧૭/૦૩/૨૩, શુક્રવારના રોજ  માન. કમિશ્નરશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ, સદર મીટીંગમાં સંબંધિત અધિકારીશ્રીઓની હાજરીમાં પ્રોજેકટોની સેફટી તેમજ માળખાગત સુવિધા અંગે ગહન ચર્ચા  વિચારણાં કરી તથા કમિટીનાં ટેકનીકલ એક્ષપર્ટનાં  વિગતવાર પ્રેઝન્ટેશનને ધ્યાને લઇ રજુ થયેલ ૪૫ મીટરથી વધુ ઉંચાઇનાં પ્રોજેકટોને મંજુરી આપવમાં આવેલ છે.  સુરત મહાનગરપાલિકા ધ્વારા સૌપ્રથમ વાર વધુ ઉંચાઇના બાંધકામોની સેફટીની ગંભીરતાને ધ્યાને લઇ  મિટીંગમાં રજુ થયેલા પ્રોજેકટ અંગે કમિટિના ટેકનીકલ એક્ષપર્ટ એસ.વી.એન.આઇ.ટી. નું તથા  પ્રોજેકટ સાથે સંકળાયેલ તમામ કન્સલ્ટન્ટનાં તેમનાં સંબધિત કાર્યક્ષેત્રને લગતાં આયોજન અંગે એન. ઓ. સી. રજુ કરાવ્યા બાદ જ રજુ થયેલા પ્રોજેકટને મંજુરી આપવામાં આવેલ છે.
સદર  મિટીંગમાં મંજુર થયેલા પ્રોજેકટોનાં કારણે સુરત મહાનગરપાલિકાને અંદાજે રૂપિયા ૧૪૬  કરોડ જેટલી પેઇડ એફ.એસ.આઇ. ની આવક થશે, જે પૈકી આશરે રૂપિયા ૩૬ કરોડ જેટલી રકમ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં જમાં થશે, જેને કારણે સુરત મહાનગરપાલિકાની ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની પેઇડ એફ.એસ.આઇ. ની આવક ૬૩૬ કરોડ જેટલી થશે.
જનસંપર્ક  વિભાગ ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં. ૬૧૮,તા.૧૭/૦૩/૨૦૨૩

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ ધ્વારા સાઉથ(ઉધના) ઝોન-એ આવેલ ખટોદરા જળવિતરણ મથક ખાતે સરથાણા વોટર વર્કસથી આવતી ૧૩૨૧ મીમી વ્યાસની એમ.એસ. નળીકા પરના ૧૪૦૦ મીમી વ્યાસનો બટરફ્લાય વાલ્વ રીપ્લેસ કરવાની કામગીરી, જુના બુસ્ટર હાઉસ સહિતની ભૂગર્ભ ટાંકી નં.-૦૧ ને ભૂગર્ભ ટાંકી નં.-૦૩ સાથેના ઈન્ટરકનેકશન પર ૧૨૦૦ મીમી વ્યાસનો બટરફ્લાય વાલ્વ બેસાડવાની કામગીરી , સરથાણા વોટર વર્કસથી આવતી ૧૩૨૧ મીમી વ્યાસની એમ.એસ. નળીકાના કતારગામ વોટર વર્કસથી આવતી ૧૫૨૪ મીમી વ્યાસની એમ.એસ. નળીકા સાથેના જોડાણ પર બંધ પ્લેટ મારવાની કામગીરી તેમજ ભૂગર્ભ ટાંકી નં.-૦૨ ને ભૂગર્ભ ટાંકી નં.-૦૩ સાથેના ઈન્ટરકનેકશનની અગત્યની કામગીરી તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ સવારે ૮:૦૦ કલાકથી હાથ ધરવામાં આવનાર છે. જેના કારણે વિવિધ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી શકાય તેમ ન હોય, તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ સાઉથ(ઉધના) ઝોન-એ માં બમરોલી તેમજ ગોવાલકની સોસાયટીઓ , પાંડેસરા જી.આઈ.ડી.સી. , ખટોદરા જી.આઈ.ડી.સી. તથા તેને સંલગ્ન વિસ્તાર , પૂર્વ (વરાછા) ઝોનમાં અશ્વિનીકુમાર , ફુલપાડા, લંબે હનુમાન રોડ, કાપોદ્રા, કરંજ, ઉમરવાડા, આઈમાતા રોડ તથા તેને સંલગ્ન વિસ્તાર , સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં લિંબાયત, નીલગીરી સર્કલનો આજુબાજુનો વિસ્તાર, નવાગામ(ડીંડોલી), રીંગ રોડને સમાંતર ટેક્ષાટાઈલ માર્કેટો, હળપતિ કોલોની, ડી ટેનામેન્ટ ગાંધીનગર , બેઠી કોલોની તથા તેને સંલગ્ન વિસ્તાર , સેન્ટ્રલ ઝોનમાં દિલ્હીગેટ થી ચોક બજાર, રાજમાર્ગને સમાંતર વિસ્તારો , રેલ્વે સ્ટેશન , સુમુલ ડેરી , અલકાપુરી, ગોટાલાવાડી તથા તેને સંલગ્ન વિસ્તાર તેમજ સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનમાં સીવીલ હોસ્પિટલ , ભીમરાડ, ખજોદ, સરસાણા તથા સંલગ્ન વિસ્તાર, વેસુ, ભરથાણા, ડુમસ, ગવિયર, સુલતાનાબાદ, કાંદી ફળીયા , ભીમપોર તથા તેને સંલગ્ન વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ સાઉથ(ઉધના) ઝોન-એ માં પાંડેસરા , પાંડેસરા જી.આઈ.ડી.સી., ઉધનાસંઘ, ખટોદરા જી.આઈ.ડી.સી. તથા તેને સંલગ્ન વિસ્તાર , પૂર્વ (વરાછા) ઝોનમાં અશ્વિનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ , કાપોદ્રા, કરંજ, ઉમરવાડા, આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર, સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં મોડેલ ટાઉનથી પરવત પાટીયા સુધીનો વિસ્તાર, લિંબાયત, નીલગીરી સર્કલનો આજુબાજુનો વિસ્તાર , આંબેડકર શોપિંગ સેન્ટર તથા તેને સંલગ્ન વિસ્તાર , સેન્ટ્રલ ઝોનમાં રેલ્વે સ્ટેશન , સુમુલ ડેરી, બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળીયા અને તેની આજુબાજુના વિસ્તાર તેમજ સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનમાં સીવીલ હોસ્પિટલ , અલથાણ, ભટાર, ખજોદ, સરસાણા તથા સંલગ્ન વિસ્તાર, વેસુ, રૂંઢ, મગદલ્લા, આભવા, ડુમસ, ગવિયર, સુલતાનાબાદ, કાંદી ફળીયા , ભીમપોર તથા તેને સંલગ્ન વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવાની શકયતા રહેલી છે. જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

# નવોપૂર્વ (સરથાણા) ઝોન-બીની
# અખબારી યાદી

તા. ૧૭/૦૩/૨૦૨૩

નવોપૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં તા. ૧૭/૦૩/૨૦૨૩નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશન વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા. ટી.પી.સ્કીમ નં. ૩૮ (નાનાવરાછા), ફા.પ્લોટ નં.૨૩/બી. | શક્તિવિજય સોસાયટી, નાનાવરાછા | ૩૦.૦૦ મી. ટી.પી. રસ્તાની અસરમાં આવતી પતરાની કેબીન, દુકાનો દુર કરી અંદાજે ૧૫૦.૦૦ ચો.મી. જેટલો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. | |
| ૨ | ફા.ટી.પી.સ્કીમ નં.૨૦ (નાનાવરાછા-કપાદ્રા), ફા.પ્લોટ નં.૪,૫, | નવદુર્ગા સોસાયટી, મહારાણા પ્રતાપ ગાર્ડનની બાજુમાં | ૬૦.૦૦ મી. ટી.પી.રસ્તાના ફુટપાથમાં બનાવવામાં આવેલ દાદરને દુર કરી ફુટપાથનો ૨૩૦.૦૦ મી. લંબાઈનો ભાગ ખુલ્લો કરવામાં આવે છે. | |

સુરત મહાનગરપાલિકાના મે.કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, IAS દ્વારા ટી.પી.સ્કીમોના અમલીકરણ અન્વયે સુરત શહેરના તમામ ઝોન વિસ્તારમાં ટ્રાફિકને નડતરરૂપ બોટલનેક દુર કરવાના તેમજ ટી.પી.રસ્તાઓ ખુલ્લા કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવેલ છે.

સદરહું ઝુંબેશના ભાગરૂપે ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૮(નાનાવરાછા), ફા. પ્લોટ નં.૨૩/બી માં આવેલ શક્તિવિજય સોસાયટી, નાનાવરાછા, સુરત ૩૦.૦૦ મી. ટી.પી.રસ્તાની અસરમાં આવતા તથા મેટ્રોના રૂટમાં લાંબા સમયથી નડતર રૂપ દબાણ દુર કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે જે પૈકી આજરોજ અંદાજે ૧૫૦.૦૦ ચો.મી. જેટલો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જેમાં પાકા ઓટલા, પતરાના શેડ, કેબીન, આર.સી.સી.બાંધકામ વિગેરે દુર કરવામાં આવેલ છે. જયારે અન્ય મિલકતદારો દ્વારા સ્વૈચ્છીક દબાણ દુર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ, આ રસ્તાના દબાણ દુર કરવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અવીરત ચાલુ રાખવામાં આવશે.

ફા.ટી.પીસ્કીમ નં.૨૦ (નાનાવરાછા-કપાદ્રા), ફા.પ્લોટ નં.૪,૫, નવદુર્ગા સોસાયટી, મહારાણા પ્રતાપ ગાર્ડનની બાજુમાં ૬૦.૦૦ મી. ટી.પી.રસ્તાના ફુટપાથમાં બનાવવામાં આવેલ દાદરને દુર કરી ફુટપાથનો ૨૩૦.૦૦ મી. લંબાઈનો ભાગ ખુલ્લો કરવામાં આવે છે.

સમગ્ર કામગીરી અત્રેના શહેર વિકાસ વિભાગ સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી જે.એન. વાઘેલા, IAS ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં..........620..............
તા. / /૨૦૨૩

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં RTI Act : 2005 અંતર્ગત સ્પીપાના સંયુકત ઉપક્રમે તાલીમવર્ગ/વર્કશોપ/સેમીનારનું આયોજન

ગુજરાત રાજયમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અમલમાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને હોદની રૂએ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જરૂરી માહિતી તથા તે સંબંધિતને લગતા જુદા જુદા પ્રશ્નો અંગેના યોગ્ય નિવારણ માટે સરદાર પટેલ લોકપ્રસાશન સંસ્થા (સ્પીપા) પ્રાદેશિક તાલીમ કેન્દ્ર-સુરતના ઉપક્રમે RTI Act : 2005 અંતર્ગત તાલીમવર્ગ/વર્કશોપ/સેમીનારનું સ્મીમેર મેડીકલ કોલેજ, લેકચરર હોલ , ડી-બ્લોક, ઉમરવાડા, સુરત ખાતે તા.૧૬/૦૩/૨૦૨૩ અને તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

સદર સેમીનારમાં માહિતી અધિકાર અધિનિયમની વિસ્તૃત જાણકારી/સમજ સ્પીપાના માર્ગદર્શકએ આપી હતી. આ તાલીમ સેમીનારમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના ફરજ બજાવતા અપીલ અધિકારીશ્રીઓ અને જાહેર માહિતી અધિકારીશ્રીઓના બે બેચ મળી કુલ-૨૮૦ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહી સદર તાલીમનો લાભ મેળવેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૬૨૧**

**તા.૧૮/૦૩/૨૦૨૩**





## સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત-ઓલપાડ રોડ ઉપર જૂના સરોલી જકાતનાકા પાસેના હયાત બ્રિજ નજીક સુરતથી ઓલપાડ તરફ જતા ૩ લેનના અંદાજિત રૂ. ૩૨.૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ તથા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ. ૧૪૧.૯૦ કરોડના ખર્ચે લોકાર્પણ / ખાતમુહૂર્ત થનાર પ્રકલ્પો તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અંદાજિત રૂ. ૩૬.૦૪ કરોડના ખર્ચે લોકાર્પણ થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની ઓનલાઇન અનાવરણ વિધિ કાર્યક્રમ સુરત - ઓલપાડ રોડ ઉપર જૂના સરોલી જકાતનાકા નજીક નવનિર્મિત રેલવે ઓવરબ્રિજ પાસે, જહાંગીરપુરા, સુરત ખાતે યોજાયેલ.

સદર કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું પુસ્તક, બુકે અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું કે આજરોજ સુરત મહાનગપાલિકા ધ્વારા સાકારિત રૂ. ૧૭૩ કરોડના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ તેમજ સુરત શહેરી વિકાસ સત્તામંડળના રૂ. ૩૬ કરોડના લોકાર્પણના કામો મળી રૂ. ૨૧૦ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતુમુહૂર્ત માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરવામાં આવશે. ગત વર્ષ ગુજરાત રાજયનું શહેરી વિકાસ વિભાગનુ રૂ. ૧૪,૦૦૦ કરોડનુ બજેટ હતું જે બજેટમાં ૩૭% વધારો કરી આ વર્ષે રૂ. ૧૯ ,૬૮૫ કરોડનું બજેટ સમગ્ર રાજયમાં શહેરી સુવિધાઓ માટે ફાળવ્યું છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વર્ષ ૨૦૨૨-૨૩માં અત્યાર સુધીનું સૌથી વધારે વિકાસના કામોનું કેપીટલ એકસપેન્ડીચર કરીને રૂ. ૨૨૦૦ કરોડનું કેપીટલ એકસપેન્ડીચર બુક કરવામાં આવ્યું છે તથા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩૫૧૯ કરોડના વિકાસકામોની જોગવાઇ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા વિકાસના કામોને ખુબ ઝડપથી આગળ ધપાવી રહી છે અને એટલે જ છેલ્લા ૫ માસથી ભારત સરકારની અમૃત યોજના અને સ્માર્ટ સિટી યોજનામાં સતત પ્રથમ ક્રમ વિકાસના પ્રોજેકટના એકસપેન્ડીચરમાં સુરત મહાનગરપાલિકાએ જાળવ્યું છે. સરોલી જકાતનાકા પાસે બ્રિજ, ઓડિટોરિયમ, ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાર્ટર્સ જેવા કામોનું લોકાર્પણ અને ખાતુમુહૂર્ત કરવામાં આવશે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આદરણીય ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત થઇ રહયું છે. આજરોજ સુરતથી ઓલપાડ તરફ જતા ૩ લેનના અંદાજિત રૂ. ૩૨.૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. આ બ્રિજ સુરત મહાનગરપાલિકાનો ૧૧૯ મો બ્રિજ છે. સમગ્ર ભારત દેશમાં સુરત મહાનગરપાલિકા પહેલી સ્થાનિક સ્વરાજની સંસ્થા બની હતી અને ૧૯૮૬માં બ્રિજ સેલ ડિપાર્ટમેન્ટ સ્ટાર્ટ કર્યુ હતું. સને ૨૦૧૭થી દરેક બ્રિજના હેલ્થ કાર્ડ બનાવવામાં આવે છે. અને સમયાંતરે બ્રિજને ચકાસીને તે યોગ્ય છે કે નહીં તે તેને રીપેર કરવાનું અને તેનો રીપોર્ટકાર્ડ બનાવવામાં આવે છે. સૌથી ઝડપથી વિકાસ પામતા સુરત શહેરમાં છેલ્લા ૨૭ વર્ષમાં વિવિધ સ્થળે સુગમ પરિવહન હેતુ જે બ્રિજ બન્યા છે તેના કારણે સુરત સિટી બ્રિજ સિટી તરીકે પણ ખ્યાતનામ થયું છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આજે સુરત મહાનગરપાલિકા અને સુડાના રૂ. ૨૧૦ કરોડના કામોનું ભુમિપુજન અને લોકાર્પણ કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકામાં વિકાસના કામો સતત ચાલતા રહેતા હોય છે. છેલ્લા

૧૫-૨૦ વર્ષમા સુરત મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં પોતાનું આગવું સ્થાન મેળવ્યું છે. સુરત શહેરના વિકાસની માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને જે રજુઆત કરી હતી તે સંદર્ભે આ વર્ષે રૂ. ૧૬૦૦ કરોડના કામોની જોગવાઇ કરી છે. જેમાં ડુમસ સી-ફેસ , તાપી રિવરફ્રન્ટ , ૨૮ માળનું વહીવટી બિલ્ડીંગનો સમાવેશ થાય છે. જૂના સરોલી જકાતનાકા પાસેના હયાત આ બ્રિજનું નિર્માણ ૧૯૯૧માં થયું હતું. જેમાં રૂ.૫૦ લાખ આર.એન.બી. અને ૫૦ લાખ સી.એસ.આર. ના ફંડમાંથી રૂ. ૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. સુરત મહાનગરપાલિકાએ ૩ લેનના સુરત-ઓલપાડને જોડતા બ્રિજનું નિર્માણ કર્યું છે. સુરતના નાગરિક અને ઓલપાડના ૧૦૮ ગામો વતી હું સુરત મહાનગરપાલિકાનો આભાર માનું છું. સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ દરમ્યાન અંદાજિત ૧ લાખ લોકો તથા સરોલી સાંઇબાબાના મંદિરે ૫૦૦૦ થી વધુ લોકો દર્શને ચાલતા જતા હોઇ છે જે ધ્યાને લઇ અકસ્માત ન સર્જાય તે માટે સદર બ્રિજમાં અલાયદી સુવિધા કરવામાં આવી છે. સુરત સિટીના અવિરત વિકાસને ધ્યાને લઇ આગામી સમયમાં તેનો મેગા સિટીમાં સમાવેશ થશે.

ત્યારબાદ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની વિવિધ વિકાસના કામોની ઓનલાઇન લોકાર્પણ અને ખાતમુહૂર્તવિધિ કરવામાં આવી. ત્યારબાદ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું કે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની યાત્રા દરરોજ નવા મુકામ અને નવા માઇલસ્ટોન પાર કરી રહી છે. એવું એકપણ અઠવાડિયા નથી જેમાં વિકાસના કામોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત ન કર્યા હોય. સુરત શહેરમાં થોડાજ દિવસો પહેલાં માન. વડાપ્રધાનશ્રીનું સંકલ્પ પરિણામ એવા ૨૮ માળના આઇકોનિક વહીવટી ભવનનું ખાતમુહૂર્ત કર્યું છે. આજે સુરત શહેરને કુલ રૂ. ૨૧૦ કરોડના વિકાસ કામોની ભેટ આપવાનો અવસર આવ્યો છે. શહેરમાં ઇઝ ઓફ લિવિંગ વધે તે માટેના વિકાસકામો , નિતિઓ આપણે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતુત્વમાં સતત આગળ વધારી રહયા છે. વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થાનું ગૌરવ ભારતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતુત્વમાં મળ્યું છે. દેશની વસતિના ૫% જેટલી વસતિ ધરાવતું ગુજરાત જી.ડી.પી.ના ૯% જેટલા યોગદાનથી વિકાસનું રોલમોડલ બન્યું છે. ગુજરાત રાજયની ૪૮% થી વધુ વસતિ શહેરોમાં વસવાટ કરે છે. આવા લોકો આર્થિક વિકાસના કેન્દ્રબિંદુઓ છે. સ્માર્ટ સિટી મિશનમાં રૂ. ૪૪૭ કરોડની જોગવાઇ કરી છે. સુરતને સ્માર્ટ અને સન્સ્ટેનેબલ બનાવવા આજે સુરતથી ઓલપાડ તરફ જતા ૩ લેનના રેલવે ઓવરબ્રિજ લફાયર સ્ટેશનના લોકાર્પણ અને ઓડિરરોયિમની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થયા છે.નાણાના અભાવે શહેરી વિકાસ અટકે નહીં , સુવિધાઓના નિર્માણ ખોરંભે ન પડે એવી નીતિ-રિતી આપણે અપનાવી છે વિગેરે જણાવ્યું હતું.

ત્યારબાદ માન. મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ ,કલાઇમેટ ચેન્જ,જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલના વરદહસ્તે અને મહાનુભવોની ઉપસ્થિતિમાં સુરતથી ઓલપાડ તરફ જતા ૩ લેનના નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું ઉદ્દઘાટન કરી શહેરીજનો માટે ખુલ્લો મુકયો હતો.

આ કાર્યક્રમમાં માન. મંત્રી (રા.ક.) ,સંસદીય બાબતો ,પ્રાથમિક,માઘ્યમિક અને પ્રૌઢ શિક્ષણ,ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા,માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી,માન. ધારાસભ્ય શ્રી વિનોદભાઇ મોરડિયા,માન. ધારાસભ્ય શ્રી પ્રવીણભાઇ ઘોઘારી ,માન. ડે.મેયર શ્રી દિનેશભાઇ જોધાણી ,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઇ પટેલ ,માન. નેતા શાસક પક્ષ શ્રી અમિતસિંગ રાજપુત ,માન.ચીફ એકઝીકયુટીવશ્રી સુડા શ્રી અરવિંદ વિજયન,માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઇ પટેલ,માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મિડિયાનામિત્રો, અન્ય મહાનુભવો અને શહેરીજનો વિગેરે ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


GUJARAT



ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની







# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ૧૧૦૦ થી વધારે બેડ સાથે કાર્યરત છે. જેમાં દરરોજ આશરે ૨૫૦૦ થી વધુ દર્દીઓ ઓ.પી.ડી. સારવાર તથા ૯૦૦ થી વધારે દર્દીઓ ઈન્ડોર સારવાર લે છે. સ્મીમેર હોસ્પિટલ ખાતે દરરોજ ૧૦,૦૦૦ જેટલા લોકોની અવર જવર રેહતી હોય છે. સ્મીમેર હોસ્પિટલમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે તેમજ દર્દીઓને સારવાર સારી રીતે પુરી પાડી શકાય તે માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓના સગાવહાલા કે જેઓ પાન–મસાલા, ગુટકાનુ સેવન કરતા હોય તેવા લોકોને પકડીને રૂા.૩૦,૦૦૦/–જેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે અને અંદાજે ૧૦૪ કિલો જેટલો પાન–મસાલા, ગુટકાનો જથ્થો જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્મીમેર હોસ્પિટલમાં નિર્ધારીત કરવામાં આવેલ પાર્કિંગ લોકેશન પર ગાડી પાર્ક ન કરવાને કારણે સારવાર લેવા આવતા દર્દીઓ, કર્મચારીઓ તેમજ શબવાહિની અને એમ્બ્યુલન્સની અવર જવરમાં મુશ્કેલીઓ ઉપસ્થિત થતી હોય છે. તે સંદર્ભે પાર્કિંગ બાબતે સ્પેશ્યલ ચેકિંગ હાથ ધરવામાં આવેલ અને નિર્ધારીત જગ્યા ઉપર પાર્કિંગ ન કરવા બદલ ફેબ્રુઆરી – ૨૦૨૩ થી આજદિન સુધી કુલ રૂા.૪૬,૬૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.



# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત ચોક સ્થિત કિલ્લા ખાતે નિર્મિત આર્ટ ગેલેરી કમ એક્ઝિબિશન હોલમાં ૨૩ માર્ચના રોજ **"ભગતસિંહ નિર્વાણ દિન"** નિમિતે તા.૨૩-૦૩-૨૦૨૩ થી તા.૩૦-૦૩-૨૦૨૩ દરમ્યાન કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગના બ્યુરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનીકેશન દ્વારા " **આઝાદી કા અમૃત મહોત્સવ** " અંતર્ગત **"Unsung Heroes of Freedom Movement"** થીમ પર હિન્દી તથા અંગ્રેજી ભાષામાં પ્રકાશીત કરેલ ૪૦થી વધુ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધેલ સ્વતંત્રતા સેનાનીઓના જીવન તેમજ સ્વતંત્રતાની ચળવળમાં ભાગરૂપ થયેલ ઘટનાઓ દર્શાવતી કુલ ૮૬ નંગ A4 સાઈઝની પેનલો પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ પ્રદશનમાં શહીદ ભગતસિંહ , મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, પંડિત જવાહરલાલ નહેરૂ , સ્વામી દયાનંદ સરસ્વતી , મદનલાલ ઢીંગરા, રામ મનોહર લોહિયા , લક્ષ્મી સેહગલ , એની બેસન્ટ , પંડિત દિનદયાલ ઉપાધ્યાય , વિગેરે જેવા સ્વતંત્રતા સેનાનીઓના જીવન તેમજ "ડિરેલમેન્ટ ઓફ બ્રિટીશ મિલિટ્રી ટ્રેન" , "આઝાદ હિન્દ સેનાની પ્રથમ અંતરીમ સરકારની સ્થાપનાની ઘોષણા" ,"ઝાંસી કી રાની રેજીમેન્ટ", "કામાઘાટા મારૂ", જેવી વિવિધ ઘટનાઓ દર્શાવતી પેનલો હિન્દી તથા અંગ્રેજી ભાષામાં પ્રદર્શીત કરવામાં આવેલ છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તથા શાળાના વિદ્યાર્થીઓ માટે તા.૨૩-૦૩-૨૦૨૩ થી તા.૩૦-૦૩-૨૦૨૩ દરમ્યાન સવારે ૧૦-૩૦ થી સાંજે ૫-૩૦ કલાક સુધી મુલાકાતીઓ કિલ્લા ખાતે નિર્મિત આર્ટ ગેલેરી કમ એક્ઝિબિશન હોલ ખાતે વિનામુલ્યે નિહાળી શકશે. તા. ૨૭-૦૩-૨૦૨૩ના રોજ સોમવારની અઠવાડીક રજા હોવાથી કિલ્લો બંધ રહેશે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર રવાના સમાચાર યાદી**
**પી.આર. ઓ.નં. ૬૨૪**

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે મેલેરિયા એકટીવીટી પ્લાન અંતર્ગત તા.૦૧/૦૩/૨૦૨૩ થી ૧૯/૦૩/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવેલ ઝુંબેશઃ-

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા એકટીવીટી પ્લાન અંતર્ગત હોસ્પિટલો લ શાળાઓલ બાંધકામોલ જાહેર મિલકતો તેમજ ખાનગી કોર્મર્શિયલ મિલકતોના સર્વે લ જનજાગૃતિ અભિયાન તેમજ સોર્સ રીડકશન(નકામા કાટમાળ/ભંગાર નિકાલ કરવાની કામગીરી) તથા ખુલ્લા પ્લોટ સર્વે જેવી કામગીરી કરાવામાં આવતા ૯૪૫ નોટીસ આપવામાં આવેલ તથા ૩૯૦૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૩ થી ૧૯/૦૩/૨૦૨૩ મેલેરિયા એકટીવીટી પ્લાન અંતર્ગત ૮૭૩ હોસ્પિટલોમાં સર્વે કરતા ૧૧ બ્રિડીંગ મળેલ છે અને ૨૧ નોટીસ અપાતા કુલ મળી ૨૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૧૦૯૫ શાળાઓ સર્વે દરમ્યાન ૧૦ બ્રિડીંગ મળેલ છે અને ૩૩૧ નોટીસ તથા ૧૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૧૧૭૧ બાંધકામ સર્વે કરવામાં આવતા ૩૯૦ બ્રિડીંગ મળી આવેલ ૧૪૪ નોટીસ આપવામાં આવેલ તેમજ તમામ ઝોનોમાંથી કુલ મળીને ૩૪૭૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સુરત શહેરની ૩૪૩૬ જાહેર મિલકતો તેમજ ખાનગી કોર્મર્શિયલ મિલકતો સર્વે કરતા ૯૭ નોટીસ આપવામાં આવેલ અને ૨૯૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૫૬૧ સોસાયટીમાં જનજાગૃતિ અભિયાન અંતર્ગત કામગીરી કરવામાં આવેલ હતી. જેમા ૨૫૯૨૪ વ્યકિતઓ હાજર રહયા હતા અને ૨૪૨૬૯ પેમ્પલેટ વિતરણ કરવામાં આવેલ હતા. ૫૩૪૯ સરકારી તથા ખાનગી મિલકતોમાં સોર્સ રીડકશન(નકામા કાટમાળ/ભંગાર નિકાલ) ની કામગીરી કરવામાં આવેલ તથા ૧૦૭૮૧ ખુલ્લા

પ્લોટ ચેક કરતાં પાણી ભરાય તેવા ૩૫૨ ખુલ્લા પ્લોટના માલિકોને નોટીસ આપવામાં આવેલ તેમજ ૧૦૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૦૪ નો ઉપયોગ કરવો.
સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

જનસંપર્ક વિભાગસમાચાર યાદી નં.૬૨૫તા. ૨૧-૦૩-૨૦૨૩



પ્રેસનોટ

'ઈ-શ્રમ' યોજના હેઠળ અસંગઠીત શ્રમયોગીઓનાં રજીસ્ટ્રેશન અંગે માન.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા તથા માન.કલેકટરશ્રી, સુરતના અધ્યક્ષ સ્થાને મિટીંગ યોજાઈ.

ભારત સરકારના અસંગઠીત શ્રમયોગી સામાજીક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ની કલમ ૧૦ની જોગવાઈ મુજબ અસંગઠીત શ્રમયોગીઓ જેવા કે બાંધકામ શ્રમયોગીઓ, ડોમેસ્ટીક વર્કર્સ, ખેત શ્રમયોગીઓ, સ્વરોજગાર ધરાવતા શ્રમયોગીઓ, સ્ટ્રીટવેન્ડર્સ, નાના દુકાનદારો, આશા વર્કર્સ, આંગણવાડી વર્કર્સ, માછીમારો, પ્લાનટેશન વર્કર્સ, મીલ્કમેન તેમજ અન્ય સબંધિત શ્રમયોગીઓની નોંધણી  કરવાની રહે છે.  જેને માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ વિભાગ ધ્વારા  'ઈ-શ્રમ' પોર્ટલ બનાવવામાં આવેલ છે. 'ઈ-શ્રમ' માં નોંધણી કરાવનાર શ્રમિકોને આકસ્મિક મૃત્યુ અને કાયમી અપંગતતાના કિસ્સામાં એક વર્ષ માટે રૂા. ૨ લાખની સહાય તથા આંશિક અપંગતતાના કિસ્સામા રૂા. ૧ લાખની સહાયનો લાભ આપવામાં આવે છે. વધુમાં સદર નોંધણી થકી શ્રમિકોને સામજીક સુરક્ષા અને સરકારશ્રીની કલ્યાકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહેશે.

સુરત જીલ્લામાં આજદિન સુધીમાં કુલ ૮,૯૨,૩૭૦ જેટલા શ્રમિકોની નોંધણી ઈ-શ્રમ પોર્ટ ઉપર કરવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજનાથી અસંગઠીત શ્રમયોગીઓ વંચિત ન રહે તથા તેઓ સુધી સરકારશ્રીની આ યોજનાનો લાભ પહોચાડી શકાય તદઉપરાંત ભવિષ્યમાં પણ સરકાર ધ્વારા અસંગઠિત શ્રમ યોગીઓને સીધી સહાય પુરી પાડી શકાય તે હેતુથી વધુમાં વધુ શ્રમિકોની ઈ-શ્રમમાં નોંધણી કરાવવા આજ તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ માન. કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલ, આઈ.એ.એસ અને માન. કલેકટર શ્રી આયુષ ઓક, આઈ.એ.એસ ની અધ્યક્ષતામાં પરફોર્મિંગ આર્ટ સેન્ટર, સુરત ખાતે મિટિંગનું આયોજન થયેલ. સદર મિટીંગમાં મા.કમિશ્નરશ્રીએ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના ઝોનલ ચીફશ્રી, આસી. મ્યુ.કમિશ્નરશ્રી અને પુરવઠા વિભાગના ઝોનલ ઓફીસરશ્રીઓની સંયુકત ટીમ બનાવીને આગામી દશ(૧૦) દિવસમાં આ બાબતે ઘનિષ્ઠ કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી મહત્તમ શ્રમીકોની નોંધણી સુનિશ્રીત કરવા સુચના અપાયેલ તથા માર્ગદર્શન પુરુ પાડેલ છે. આ ઉપરાંત માન. કલેકટર શ્રી આયુષ ઓક, આઈ.એ.એસ એ પુરવઠા વિભાગના ઝોનલ ઓફિસરો, તમામ ઝોનના આસી.

કમિશ્નરશ્રીઓને  સદર કામગીરી સંદર્ભે જરૂરી સુચનો કરી કોમ્પ્યુટર ઓપરેટરોને ડેટા એન્ટ્રી કરવા સંબંધિત જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધણી કરવા માટે સી.એસ.સી. મારફતે ઓપરેટરો ઉપલબ્ધ કરાવાશે તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ કુલ ૨૪૬ એસ.એસ.કે. આઈ.ડી. મેળવાયેલ છે જેઓ મારફતે

રજીસ્ટ્રેશનની કામગીરી કરાવવામાં આવશે. વધુમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રો, સીવીક સેન્ટર, વોર્ડ ઓફીસ જેવા સ્થળોએ પણ રજીસ્ટ્રેશન સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જયાં જઈને શ્રમિકો નોંધણી કરાવી શકે છે.

ત્યારબાદ સી.એસ.સી જિલ્લા મેનેજર શ્રી તુષાર બેલડીયાએ ઈ-શ્રમ પોર્ટલમાં નોંધણી કરવાની પ્રોસેસ સંદર્ભે પ્રેઝન્ટેશન રજુ કરી ઉપસ્થિત અધિકારીશ્રીઓ તેમજ ઓપરેટરોને વિસ્તૃત સમજ આપી હતી. સદર મિટીંગમાં સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના માન. ડે.મ્યુ. કમિશ્નરશ્રીઓ, માન. આસી.મ્યુ. કમિશ્નરશ્રીઓ અને માન. નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, માન.પુરવઠા વિભાગના ઝોનલ ઓફિસરો, માન. આસી.કમિશ્નરશ્રી, લેબર, સી.એસ.સીના કોમ્પ્યુટર ઓપરેટર અને એસ.એસ.કે. આઈ.ડી ધારકો ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી  નં.૬૨૬,
તા.૨૧/૦૩/૨૦૨૩






# <u>પ્રેસનોટ</u>

## સુ.મ.પા.નાં ખેલકુદ કૌશલ્ય કાર્યક્રમ અંતર્ગત વોલીબોલની સ્પર્ધાઓ યોજાઈ

મ્યુનિસિપલ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રમતગમતનું સ્તર સુધારવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સહયોગથી શરૂ કરવામાં આવેલ સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં કોચીસ દ્વારા મ્યુનિસિપલ શાળાઓમાં તાજેતરમાં વોલીબોલની રમતની સઘન તાલીમ આપવામાં આવેલ અને આ વિદ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળે તે માટે મ્યુનિસિપલ સ્કુલોનાં વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાનાં વિદ્યાર્થીઓને એકત્રિત કરી, તા.૨૪/૦૩/૨૦૨૩નાં રોજ ઈનડોર સ્ટેડિયમ ખાતે વોલીબોલની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો મળીને કુલ ૩૪૨ ખેલાડીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ હતો અને નોક-આઉટ ધોરણે મેચીસ રમાડવામાં આવી હતી. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ દ્વારા ખેલદિલીપૂર્વક હરીફ ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને આગળ વધારતા, આગામી દિવસોમાં મ્યુનિસિપલ સ્કૂલોના વિદ્યાર્થીઓને અન્ય રમતોની પણ તાલીમ આપી, વિવિધ સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી,**

**સાદર સમાચાર યાદી નં. ૬૨૭,**

**તા.૨૪/૦૩/૨૦૨૩.**

સુરત મહાનગરપાલિકા
જાહેર આરોગ્ય ખાતું
માર્કેટ વિભાગ

:: પ્રેસનોટ ::

તા.30/03/૨૦૨૩ ને ગુરૂવાર ના રોજ અને તા.૦૪/૦૪/૨૩ ને મંગળવાર ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧ ,તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઇ , તા.30/03/૨૦૨૩ને ગુરૂવાર ના રોજ "શ્રી રામનવમી" અને તા. ૦૪/૦૪/૨૩ ને મંગળવાર ના રોજ "શ્રી મહાવીર જયંતિ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન-બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી,
સાદર સમાચાર યાદી નં. ૬૨૮,
તા.૨૪/03/૨૦૨૩.

પ્રેસનોટ

વિશ્વ ક્ષય દિન - ૨૦૨૩ :ટીબી હારેગા, દેશ જીતેગા

**"Yes ! We Can End TB "**

સુરત મહાનગરપાલિકામાં નિક્ષય મિત્રો દ્વારા ૩૦૦૦ દર્દીઓને દત્તક લેવાયા.

દર વર્ષે ૨૪મી માર્ચનાં રોજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા "વિશ્વ ક્ષય દિન" મનાવવામાં આવે છે. જે મુજબ સમાજનાં દરેક વર્ગ લોકજાગૃતિનાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષનું થીમ **"Yes ! We Can End TB "** આપવામાં આવેલ છે, જે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ ૨૪/૦૩/૨૦૨૩ નાં દિને વિશ્વ ક્ષય દિન - ૨૦૨૩ નિમિતે ટીબીનાં દર્દીઓને પોષણ યુકત આહાર મળી રહે તે માટે ડો. આશીષ નાયક - ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. પ્રદિપ ઉમરીગર, (આરોગ્ય અધિકારીશ્રી) નાં માર્ગદર્શન હેઠળ ડો. ભાવિન પટેલ (સીટી ટીબી ઓફિસરશ્રી) ની અધ્યક્ષતામાં ૫૦ ટીબીનાં દર્દીઓને પનાસ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ન્યુટ્રીશલ કિટનું વિતરણ કરવામાં આવેલ હતું.

પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ અર્બન હેલ્થ સેન્ટર ખાતેનાં ટીબી યુનિટ ખાતે નિક્ષયમિત્ર દ્વારા ન્યુટ્રીશનલ કિટ વિતરણ કાર્યક્રમ કરવામાં આવેલ હતો જેમાં આજરોજ કુલ - ૨૦૫ દર્દીઓને ન્યુટ્રીશન કિટની સહાય આપવામાં આવી હતી તથા વિશ્વ ક્ષય દિન અંતર્ગત વિવિધ જનજાગૃતિનાં કાર્યક્રમો કરવામાં આવેલ હતા. જેમાં અર્બન હેલ્થ સેન્ટરનાં મેડીકલ ઓફિસરશ્રી , એનટીઇપી સ્ટાફ, આશા, એએનએમ અને અન્ય હેલ્થ સેન્ટરમાં કામગીરી કરતા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા માર્ચ ૨૦૨૩ ને વર્લ્ડ ટીબી મહિના તરીકે ઉજવણી કરવામાં આવેલ હતી જેમાં સુરત શહેરનાં વિવિધ આગેવાનો, ધારાસભ્યો, કોર્પોરેટરો તથા એનજીઓનાં સહયોગ દ્વારા કુલ - ૧૨૫૦ થી વધારે ટીબીનાં દર્દીઓને ન્યુટ્રીશનલ કિટ વિતરણ કરવામાં આવેલ હતી.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષ - ૨૦૨૨માં વિવિધ ટીબી યુનીટ / ઝોનનાં વિસ્તાર વાઇઝ દર્દીઓ પબ્લીક નોટીફીકેશન - ૭૧૦૭ , પ્રાઇવેટ નોટીફીકેશન - ૫૮૦૭ મળીને કુલ - ૧૨ ,૯૧૪/- પેશન્ટ નોટીફીકેશન થયેલ છે. વર્ષ ૨૦૨૩ માં કુલ - ૨૮૩૦ જેટલા નવા દર્દીઓ નોંધાયેલ છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટીબી કંટ્રોલ કામગીરી સને ૨૦૦૦ થી અમલમાં છે, શહેરનાં તમામ ૬૧ (એકસઠ) હેલ્થસેન્ટરો , મસ્કતી હોસ્પિટલ , સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે ટીબીનાં લેટેસ્ટ નિદાન તથા ટીબીની ઉત્તમ સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત ટીબી સારવાર અંતર્ગત ખૂબ સારી કવોલીટીની દવાઓ દરેક દર્દી માટે ઉપલબ્ધ છે જેની અસરકારકતા ખૂબ સારી છે. આવી FDC દવાઓ પ્રાઇવેટનાં પણ ૬૦ % થી વધારે ડોકટરોને આપણે આપી રહ્યા છીએ.

સુરત મહાનગરપાલિકાની ટીબી નિયંત્રણ અંતર્ગત કામગીરી ખૂબ સારી રહેલ છે જે મુજબ દર વર્ષે રાજય સરકાર દ્વારા એવોર્ડ પણ મેળવેલ છે. અગાઉ વિશ્વ ક્ષય દિન વખતે કુલઃ૭ એવોર્ડ મેળવી રાજયભરમાં મોખરે રહેલ હતી. કેન્દ્ર સરકાર , જોઇન્ટ મોનીટરીંગ મીશન તથા વર્લ્ડ બેંકની ટીમ પણ અત્રે આવી કામગીરીની પ્રસંશા કરી ગયેલ છે.

ટીબી સંપુર્ણ પણે મટી શકે તેવો રોગ છે તેમ છતા વિશ્વમાં સૌથી વધુ (૨૭%) ટીબીનાં કેસો ભારતમાં છે. તેનુ મુખ્ય કારણ સારવાર અધુરી છોડવાનું દર્દીનું વલણ છે. ટીબીની સારવાર દરમ્યાન દર્દી સારવાર પર ન આવે તો તેની ઘરની મુલાકાત કરી સારવાર શરૂ કરવામાં આવે છે અને દર્દી સાજો થાય ત્યાં સુધી તેની કાળજી પૂર્વક તથા લાગણી સભર માવજત કરવામાં આવે છે તથા જેને લીધે જ 'દર્દી દેવો ભવ'નું સુત્ર અત્રે પ્રસ્તુત છે અને દર્દીને સારા પોષ્ટીક ખોરાક માટે "નિક્ષય પોષણ યોજના " હેઠળ તેમના બેંક ખાતામાં દર મહિને રૂ. ૫૦૦/- જયાં સુધી સારવાર ચાલે ત્યાં સુધી આપવામાં આવે છે. જે મુજબ સુરત સીટીમાં ૨૦૧૮ થી અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૨ કરોડ દર્દીનાં સીધા બેંક એકાઉન્ટમાં ચુકવવામાં આવ્યા છે.

સુરત શહેરનાં પ્રાઇવેટ પ્રેકટીશ્નરો પણ આ ટીબીની સેવાનો લાભ લઇ રહેલ છે તથા ગુજરાતમાં સૌથી વધુ ૧૬૨૧ જેટલા પ્રાઇવેટ ડોકટર મિત્રો આ પ્રોગ્રામમાં સામેલ છે જે એક સારા પ્રોગ્રામની , સારી કામગીરીની સિધ્ધી છે. જે માટે ઇન્ડીયન મેડીકલ એસોસીયેશન , ફેમીલી

ફીજીશ્યન એસોસીયેશન સક્રીય કામગીરી કરી રહેલ છે.પ્રાઇવેટ ડોકટરો દ્વારા પણ ટીબીની સારવાર કરવામાં આવે છે જે અંગે કેન્દ્ર સરકાર દ્વારા ટીબી નોટીફીકેશન ફરજિયાત કરવામાં આવેલ હોઇ દરેક કેસોનું નોટીફીકેશન કરવાનું હોય છે અને ટીબી કેસનાં નોટીફીકેશન માટે સરકાર દ્વારા રૂ. ૫૦૦/- અને સારવાર પૂર્ણ કરે તો રૂ. ૫૦૦/- આપવામાં આવે છે.

મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબી જે એક એવો ટીબી છે જેમાં સારવાર ખૂબ લાંબી , ખૂબ ખર્ચાળ તથા દવાઓ, ઇન્જેકશનો ખૂબ વધારે આવે છે તથા તેનો ખર્ચ દર્દી દીઠ લગભગ ૨.૫ લાખ થી રૂ. ૧૪ લાખ જેટલો થઇ શકે છે તેની નવી દવાઓ બીડાકવીલીન તથા ડેલામાનીડ તથા નિદાન વિનામૂલ્યે સુવિધાઓ આપણે ત્યાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં ૨૦૧૯ માં કુલ - ૬૦૩ તથા ૨૦૨૦ માં કુલઃ ૩૪૩ તથા ૨૦૨૧ માં કુલ - ૪૦૩ તથા ૨૦૨૨ માં કુલ - ૩૪૩ જેટલા દર્દીઓને આવરી લેવામાં સફળતા મળી છે.

આ પ્રકારના MDR ટીબીના દર્દીના નિદાન માટે આધુનિક મશીન CBNAAT જેની અંદાજીત કિંમત ૨૫ લાખ જેટલી છે જે જાન્યુઆરી-૨૦૧૬ થી હિરાબાગ આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત છે તથા બીજા મશીન ઉધના, સ્મીમેર,પાલ અને કોસાડ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કાર્યરત છે. આ મશીન ફ્રાંસથી સરકાર દ્વારા આયાત કરવામાં આવેલ છે આ મશીન દ્વારા બે કલાકમાં ટીબીનો નિદાન તથા MDR ટીબીનું નિદાન કરી આપે છે જેનું મૂલ્ય પ્રાઇવેટ લેબોરેટરીમાં રૂ.૨ થી ૩ હજાર જેટલું હોય છે. પરંતુ સરકાર દ્વારા મફત તપાસ થાય છે. જેનો પ્રાઇવેટ ડોકટરો સહિતનાં દર્દીઓ લાભ મેળવે છે તથા એકસ-રેની તપાસ વિનામુલ્યે થાય છે. વધુમાં MDR માટેની એક નવી સારવાર BPal સુરત ખાતે ઉપલબ્ધ કરવામાં આવી ગઇ છે.

કેન્દ્ર સરકાર પણ ટીબી નિયંત્રણ અર્થે ખુબ ચિંતીત છે જે અંગે તેઓએ ૨૦૨૫ સુધીમાં નિયંત્રણ અંગેના નવા લક્ષ્યાંક નકકી કરેલ છે. આ તબકકે તમામ નાગરીકો , સંસ્થાઓ તથા પ્રેસ પ્રતિનીધીને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ આ વર્ષનાં સૂત્ર **“Yes ! We Can End TB ”** ને સાર્થક કરવા તાકીદનાં ધોરણે આ ઝુંબેશમાં જોડાય અને ટીબીને કાબુ કરવા પ્રયત્નોમાં સહભાગી થાય.

સુરત મહાનગરપાલિકાનાં પનાસ અર્બન હેલ્થ સેન્ટરનાં મેડીકલ ઓફિસર ડો. રાજેશ ઉમરીગર દ્વારા તમામ ઉપસ્થિત અધિકારીશ્રીઓનું , મહાનુભવોનો, પનાસ અર્બન હેલ્થ સેન્ટરનાં આરોગ્ય કર્મચારીઓ તેમજ તમામ ઉપસ્થિત ટીબી દર્દીઓનો આભાર વ્યકત કર્યો હતો

અને ૨૦૨૫ સુધીમાં ભારતમાં ટીબી રોગ નાબુદ થાય તે માટે સુરત મહાનગરપાલિકા મહત્વની ભુમિક ભજવશે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૬૨૯ તા. ૨૪/03/ ૨૦૨૩



# --:: <u>પ્રેસનોટ</u> ::--

આરોગ્ય અધિકારીશ્રી , ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા. ૨૪ /૦૩/૨૦૨૩ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪ અને કલમ - ૬(બી) નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૧ અને કુલ રુપિયા ૨૨૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૨૪ અને કુલ રુપિયા ૪૮૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૫૦ પાસે કુલ ૩૦૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૬૩૦
તા. ૨૪/૦૩/૨૦૨૩

# પ્રેસ નોટ

## ચંદ્ર નિદર્શન

માર્ચ ૩૧૯ ૨૦૨૩ ના રોજ ચંદ્ર તથા ચંદ્રના ક્રેટરને વધુ સારી રીતે નિહાળી શકાતા હોય તેમ છે. જાહેર જનતા માટે તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ સાંજે ૬:૪૫ થી રાત્રે ૮:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર ખાતે ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર નિ દર્શન વ્યવસ્થા કરવામાં આવી છે૯ જેથી જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ./ ૬૩૧
તા.૨૯/૦૩/૨૦૨૩

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના આઇસીડીએસ વિભાગ અને મહિલા બાળ વિકાસ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કિશોરીઓની આરોગ્ય ,પોષણ, શિક્ષણ સલામતી , બાળ લગ્ન પ્રતિબંધ અને સુરક્ષાની જનજાગૃતિ માટે તારીખ 31/ 03/2023 ને શુક્રવારના રોજ પર્ફોર્મિંગ આર્ટ સેન્ટર એલ. પી. સવાણી રોડ અડાજણ સુરત ખાતે "સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન " મેળાનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી દર્શની બેન કોઠીયા તથા અન્ય મહાનુભવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. ત્યારબાદ ઘટક 6 ની કિશોરીઓએ સુંદર પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરેલ હતું. ઇન્ચાર્જ ડેપ્યુટી કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા દ્વારા મંચ ઉપર ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે આજના સમયમાં કિશોરીઓના પોષણ સ્તરમાં વધારો થાય તથા તેમના સ્વસ્થ અને સુપોષિત જીવન સાથે જીવન સ્તરના વિવિધ ક્ષેત્રની સમજણ લેવી ખૂબ જ જરૂરી છે. ત્યારબાદ માન. મેયર શ્રી દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય રજૂ કર્યું હતું જેમાં તેમણે જણાવ્યું હતું કે આજના સમયમાં મહિલા પુરુષની સાથે કદમો કદમ મિલાવી દરેક ક્ષેત્રમાં ખૂબ મોટા પાયા પર મહિલા ઓ સિદ્ધિઓ હાંસલ કરી રહેલ છે. આજના સમયમાં સ્વચ્છ સ્વસ્થ સક્ષમ શિક્ષિત કિશોરી સશક્ત ભારતના ભાવિનું નવનિર્માણમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે તેવું તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં માન.કમિશનર શ્રીમતી શાલીનીબેન અગ્રવાલ આઇ. એ. એસ. દ્વારા શિક્ષણ ક્ષેત્રે અને રમતગમત ક્ષેત્રે કિશોરીઓ દ્વારા પ્રાપ્ત કરેલ વિવિધ સિદ્ધિઓને ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતી. આ પ્રસંગે માન. કમિશનર શ્રી એ જણાવ્યું હતું કે આજના આ યુગમાં સશક્ત સમાજના નિર્માણ માટે મહિલાની જવાબદારી ખૂબ જ મહત્વની બની રહે છે. આ સમયમાં જે મહિલાઓ જ્ઞાન સાથે ટેકનોલોજી ની સમજ મેળવી આગળ વધશે તે મહિલાઓ પોતાનો ભવિષ્યમાં પ્રગતિ કરી શકશે. ભારત સરકાર , આરોગ્ય વિભાગ અને આઈસીડીએસ વિભાગ દ્વારા મહિલાઓના વિકાસ માટે ખૂબ જ મહત્વની કામગીરી કરવામાં આવી રહેલ છે જેના કારણે મહિલાઓ પહેલા કરતા વધુ સશક્ત બની શકે.

જે કિશોરીઓ દ્વારા ભણતર અધવચ્ચેથી છોડી દેવામાં આવેલ હોય તેવી તમામ કિશોરીઓને પણ સરકારશ્રી દ્વારા ફરી પાછું ભણતરમાં પ્રવેશ મેળવી પોતાના ભવિષ્યમાં વધુને વધુ સિદ્ધિ હાંસલ કરી શકે તે અંગે પણ સરકાર દ્વારા ખૂબ જ સરસ કાર્ય કરી રહેલ છે તેમ જણાવેલ હતું.

ત્યારબાદ આ કાર્યક્રમમાં icds વિભાગની કિશોરી દ્વારા ગરબો રજૂ કર્યો હતો. વિવિધ ડોક્ટરો દ્વારા કિશોરીઓમાં ઉત્પન્ન થતા વિવિધ પ્રકારના રોગો , પોષણ વિશેની સમજણ, એનીમિયા નિવારણ ની સમજણ વગેરે અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. મહિલા બાળ વિકાસ અધિકારી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવેલ હતી.કાર્યક્રમ અંતર્ગત વિવિધ કિશોરીઓ દ્વારા સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન અંતર્ગત નાટક અને એક પાત્રીય અભિનય પણ રજૂ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત આ કાર્યક્રમને અંતર્ગત પર્ફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે વિવિધ પ્રકારના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા જેમાં આ સ્ટોલમાં બાળ વિકાસ વિભાગ , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સરકારી બેન્ક અને પોસ્ટ ઓફિસ વિભાગ , જિલ્લા કાનૂની સત્તા સેવા મંડળ દ્વારા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , શિક્ષણ વિભાગ મહિલા અને બાળ વિકાસ વિભાગ વિગેરે જેવા વિભાગો દ્વારા કિશોરીઓને વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે અંગેના સુંદર મજાના સ્ટોલ નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્ટોલની મુલાકાત માન. મેયર શ્રી, માન. કમિશનર શ્રી તથા અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતી.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી,

સાદર સમાચાર યાદી નં. ૬૩૨,

તા.૩૧/૦૩/૨૦૨૩






GVK EMRI
181
મહિલા સહાયતા
લિંબાયત











